ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

30 MARCH, 2026 MONDAY

પેજ 2

63 એવોર્ડ્સ વિજેતા વિદ્યાર્થીનું પાટનગરની હિલવુડ સ્કૂલ દ્વારા ટોર્ચરિંગ

પેજ 3

16 જેટલાં નર્મદા પરિક્રમાવાસીઓને કુતરાએ બચકા ભરતાં દોડધામ

પેજ 7


શીતલ સર્કલ પાસે ટેટૂની દુકાનમાં ચાલતા વિદેશી દારૂના અડ્ડા પર પોલીસનો દરોડો

પેજ 5

બનાસકાંઠા જિલ્લામાં ક્રિકેટને લઈને વિવાદ દિવસેને દિવસે ઉગ્ર બની રહ્યો છે

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 14 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

**સૈનિકો 31મી મરીન એક્સપેડિશનરી યુનિટનો ભાગ છે તેમની સાથે મોટા પાયે લડાકુ વિમાનો અને હથિયારો પણ મોકલવામાં આવ્યા**

# અમેરિકી જહાજ ત્રિપોલીથી 3500 સૈનિકો સાથે મિડલ ઈસ્ટ પહોંચ્યું

## યમનના હુતી બળવાખોરોએ ઇઝરાયલ પર મિસાઇલ અને ડ્રોન વડે બીજો મોટો હુમલો કર્યો છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી ઇઝરાયલ તેની કાર્યવાહી બંધ નહી કરે ત્યાં સુધી હુમલા ચાલુ રહેશે

• તેલ અવીવ

અમેરિકાના 3500 વધારાના સૈનિકો મિડલ ઈસ્ટ પહોંચ્યા છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) અનુસાર આ સૈનિકો USS ત્રિપોલી જહાજ દ્વારા આવ્યા છે. આ સૈનિકો 31મી મરીન એક્સપેડિશનરી યુનિટનો ભાગ છે. તેમની સાથે મોટા પાયે લડાકુ વિમાનો અને હથિયારો પણ મોકલવામાં આવ્યા છે.

તે જ સમયે, અમેરિકી અખબાર વોશિંગ્ટન પોસ્ટે કેટલાક અમેરિકી અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે અમેરિકા ઈરાનમાં ઘણા અઠવાડિયા સુધી ચાલનારા જમીની ઓપરેશનની તૈયારી કરી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઓપરેશન મોટા પાયે નહીં હોય. તેમાં સ્પેશિયલ ફોર્સના દરોડા અને પાયદળ સૈનિકો (ઈન્ફન્ટ્રી)ની કાર્યવાહી શામેલ હોઈ શકે છે. જોકે, આ અંગે ટ્રમ્પ પ્રશાસને હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી આપી નથી. બીજી તરફ, ઈરાનના અંગ્રેજી અખબાર તેહરાન ટાઈમ્સે શનિવારે અમેરિકી સૈનિકોની તૈનાતી અંગે કહ્યું છે કે આ સૈનિકો ઈરાનની ધરતી પરથી શબપેટીમાં પાછા ફરશે. અખબારે તેના ફ્રન્ટ પેજ પર લખ્યું - નરકમાં તમારું સ્વાગત છે. યમનના હુતી બળવાખોરોએ ઈઝરાયલ પર મિસાઈલ અને ડ્રોન વડે બીજો મોટો હુમલો કર્યો છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી ઈઝરાયલ તેની કાર્યવાહી બંધ નહીં કરે ત્યાં સુધી હુમલા ચાલુ રહેશે. શનિવારે જારી કરાયેલા નિવેદનમાં હુતી જૂથે જણાવ્યું હતું કે તેણે દક્ષિણ ઈઝરાયલના મહત્વના સ્થળોને ક્રુઝ મિસાઈલ અને ડ્રોનથી નિશાન બનાવ્યા હતા. આ એક જ દિવસમાં તેમનો બીજો હુમલો છે.

હુતી સેનાના પ્રવક્તા યાહ્યા સરિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર દાવો કર્યો કે આ હુમલાઓ ઈરાન અને હિઝબુલ્લાહ સાથે મળીને કરવામાં આવ્યા હતા. ઈરાની સરકારી મીડિયાએ રહેણાંક વિસ્તાર પર થયેલા હુમલાનો વીડિયો જાહેર કર્યો છે. ઘટનાસ્થળ પર હાજર એક રિપોર્ટરે જણાવ્યું કે આ હુમલામાં કોઈનું મોત થયું નથી, પરંતુ લગભગ 9 લોકો ઘાયલ થયા છે.



રિપોર્ટરના જણાવ્યા અનુસાર, આ હુમલામાં 20થી વધુ એપાર્ટમેન્ટને નુકસાન થયું છે. આ વીડિયો રવિવારે વહેલી સવારે ફાર્સ ન્યૂઝ અને મેહર ન્યૂઝની ટેલિગ્રામ ચેનલો પર શેર કરવામાં આવ્યો હતો. ઈઝરાયલી સેના (IDF) એ જણાવ્યું કે દક્ષિણ લેબનોનમાં ચાલી રહેલી લડાઈ દરમિયાન એક સૈનિકનું મૃત્યુ થયું, જ્યારે અન્ય ત્રણ ઘાયલ થયા.

શહીદ થયેલા સૈનિકની ઓળખ 22 વર્ષીય સાર્જન્ટ મોશે યિત્ઝહાક હાકોહેન કાત્ઝ તરીકે થઈ છે. તેઓ પેરાટ્રૂપર્સ બ્રિગેડની 890મી બટાલિયનમાં તૈનાત હતા અને અમેરિકાના કનેક્ટિકટ રાજ્યના ન્યૂ હેવનના રહેવાસી હતા.

ઘાયલ થયેલા ત્રણેય સૈનિકોની હાલત સામાન્ય છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. શનિવારે અમેરિકામાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ વિરુદ્ધ યોજાયેલી 'નો કિંગ્સ' રેલીમાં 80 લાખ લોકોએ ભાગ લીધો હતો.

પ્રેસ રિલીઝ મુજબ, સમગ્ર અમેરિકાના તમામ 50 રાજ્યોમાં 3,300 થી વધુ સ્થળોએ આ પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજકોએ જણાવ્યું કે ઓક્ટોબરમાં થયેલા અગાઉના નો કિંગ્સ પ્રદર્શનોની સરખામણીમાં આ વખતે લગભગ 10 લાખ વધુ લોકો જોડાયા અને લગભગ 600 વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રદર્શનોમાં લોકોએ ટ્રમ્પના નેતૃત્વ પ્રત્યે પોતાની નારાજગી વ્યક્ત કરી. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે જણાવ્યું કે ઈરાને પાકિસ્તાની ધ્વજવાળા 20 જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપી દીધી છે.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે આ કરાર હેઠળ દરરોજ બે જહાજ આ સ્ટ્રેટને પાર કરશે. સંયુક્ત આરબ અમીરાત (UAE) ના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે દેશમાં મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો ખતરો વધી ગયો છે.

મંત્રાલયે જણાવ્યું કે દેશની એર ડિફેન્સ સિસ્ટમ મિસાઈલ અને ડ્રોનથી આવતા જોખમોનો સામનો કરી રહી છે.

---

**પર્દાફાશ**

**ધૂતારા અશોક ખરાતની કાળી કરતૂતોનો પર્દાફાશ**

# મહારાષ્ટ્રનો 'એપસ્ટીન' જેલના સળિયા પાછળ: ૧૫૦૦ કરોડનું સામ્રાજ્ય અને ૧૦૦થી વધુ મહિલાઓનું યૌન શોષણ!

## લાલચ, ભય અને સેક્સ સ્કેન્ડલનું એવું નેટવર્ક જેણે મહારાષ્ટ્રના રાજકારણને હચમચાવી દીધું






• નાસિક

'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે' - આ કહેવત મહારાષ્ટ્રના નાસિકમાં અક્ષરશઃ સાચી પડી છે. ગુજરાતને પાખંડીઓનું સ્વર્ગ માનનારાઓ માટે આંખ ઉઘાડનારો કિસ્સો સામે આવ્યો છે. પોતાને ન્યુમરોલોજિસ્ટ અને જ્યોતિષી ગણાવતો ૬૭ વર્ષીય પાખંડી અશોક ખરાત અત્યારે પોલીસના સકંજામાં છે. ૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ થયેલી તેની ધરપકડ બાદ જે વિગતો બહાર આવી છે, તે જોઈને ભલભલાના રુંવાડા ઉભા થઈ જાય તેમ છે.

શું હતી મહિલાઓને ફસાવવાની 'મોડસ ઓપરેન્ડી'? પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ખરાત માત્ર જ્યોતિષી નહોતો, પણ એક રીઢો ગુનેગાર હતો જે મનોવૈજ્ઞાનિક રમત રમીને મહિલાઓને શિકાર બનાવતો હતો:

તકલીફોનો ફાયદો: નિઃસંતાનપણું, ઘરેલું કંકાસ કે આર્થિક મુશ્કેલીઓ લઈને આવતી ભણેલી-ગણેલી મહિલાઓને તે સોફ્ટ ટાર્ગેટ બનાવતો.

મોતનો ડર અને 'જાદુઈ પાણી': 'તમારા પતિનું ટૂંક સમયમાં મૃત્યુ થશે' એવો ડર બતાવી, વિધિના નામે નશીલા પદાર્થ યુક્ત 'જાદુઈ પાણી' પીવડાવી મહિલાઓને બેભાન કરી તેમનું શોષણ કરતો.

હાઈટેક બ્લેકમેલિંગ: ઓફિસમાં છુપા કેમેરા લગાવીને અશ્લીલ વીડિયો ઉતારતો. પોલીસને આવા ૧૦૦ જેટલા વીડિયો મળ્યા છે, જેના દમ પર તે મહિલાઓને વારંવાર લૂંટતો અને શારીરિક શોષણ કરતો.

ભ્રમનું વાતાવરણ: ઓફિસમાં રિમોટ કંટ્રોલથી ચાલતા નકલી સાપ અને વન્યજીવોની ચામડી રાખીને તે 'અલૌકિક શક્તિ' હોવાનો ડોળ કરતો.

આ કેસમાં સૌથી મોટો ધડાકો ત્યારે થયો જ્યારે મહારાષ્ટ્ર મહિલા આયોગના અધ્યક્ષા રૂપાલી ચાકણકરના ફોટા અને વીડિયો વાયરલ થયા. જે મહિલાઓના હકની રક્ષા કરવાની જવાબદારી સંભાળતા હતા, તેઓ જ આ પાખંડીના ચરણોમાં બેસીને તેની આરતી ઉતારતા અને પગ ધોતા જોવા મળ્યા! પરિણામે, સરકારે તેમનું રાજીનામું લઈ લીધું છે.

ખરાતની પહોંચ માત્ર સામાન્ય લોકો સુધી જ નહીં, પણ નેતાઓ, બિલ્ડરો અને IAS-IPS અધિકારીઓ સુધી હતી. ૧૬ એકરમાં ફેલાયેલું ૧૮ કરોડનું આલીશાન ફાર્મહાઉસ અને અંદાજે ૧૫૦૦ કરોડની સંપત્તિ તેની 'કાળી કમાણી'ની સાક્ષી પૂરે છે. વિપક્ષોએ આને 'મહારાષ્ટ્રની એપસ્ટીન ફાઈલ્સ' ગણાવીને ઊંડી તપાસની માંગ કરી પાક્કો ગુજરાત વ્યૂ:» સવાલ એ છે કે બીજાનું ભવિષ્ય જોવાનો દાવો કરનારા આ પાખંડીઓ પોતાનું ભવિષ્ય કેમ નથી જોઈ શકતા? જેલમાં જવાનું જ્યોતિષ તેમને કેમ નથી દેખાતું? ભણેલા-ગણેલા લોકો જ્યારે અંધશ્રદ્ધાના રવાડે ચઢે છે ત્યારે અશોક ખરાત જેવા 'રાક્ષસો' જન્મે છે. જાગો જનતા જાગો, ચમત્કારોના નામે લૂંટાવાનું બંધ કરો!

---

**વિશ્વભરની નજર અમેરિકાના નિર્ણયો પર ટકેલી છે**

# અમેરિકામાં 'નો કિંગ્સ પ્રોટેસ્ટ': ઈરાન સાથેના તણાવ વચ્ચે ટ્રમ્પ સામે લાખો લોકો રસ્તા પર

• વોશિંગ્ટન / ન્યૂયોર્ક

એક તરફ ઈરાન સાથે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે અને વિશ્વભરની નજર અમેરિકાના નિર્ણયો પર ટકેલી છે, ત્યારે અમેરિકાની અંદર જ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ભારે વિરોધનો વંટોળ ઊભો થયો છે. દેશના અનેક મોટા શહેરોમાં 'નો કિંગ્સ પ્રોટેસ્ટ' (No Kings Protest) ના નામે લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. આ પ્રદર્શનોએ ટ્રમ્પ વહીવટીતંત્ર માટે નવી મુસીબતો ઊભી કરી છે.

શું છે 'નો કિંગ્સ પ્રોટેસ્ટ'નો મુખ્ય મુદ્દો?

આ આંદોલનનું મુખ્ય કેન્દ્ર રાષ્ટ્રપતિની અમર્યાદિત સત્તા અને લોકતાંત્રિક મૂલ્યોનું રક્ષણ છે. પ્રદર્શનકારીઓનો સ્પષ્ટ આક્ષેપ છે કે:

* સત્તાનું કેન્દ્રીકરણ: ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવતા એકપક્ષીય નિર્ણયો લોકશાહી માટે ખતરો છે.

* યુદ્ધની આશંકા: ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે, સંસદ (કોંગ્રેસ) ની મંજૂરી વગર યુદ્ધમાં ઝંપલાવવાની તૈયારીઓનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

* રાજાશાહી જેવો વહીવટ: આંદોલનનું સૂત્ર 'No Kings' (કોઈ રાજા નહીં) એ વાતનું પ્રતીક છે કે અમેરિકામાં કોઈ પણ વ્યક્તિ કાયદા કે બંધારણથી ઉપર નથી.

દેશના અનેક શહેરોમાં જન આક્રોશ

ન્યૂયોર્ક, વોશિંગ્ટન ડી.સી., લોસ એન્જલસ અને શિકાગો જેવા મહત્વના શહેરોમાં જનમેદની જોવા મળી રહી છે. પ્રદર્શનકારીઓએ હાથમાં પ્લેકાર્ડ્સ લઈને 'We the People' (અમે લોકો) ના નારા લગાવ્યા હતા. સોશિયલ મીડિયા પર આ આંદોલનના વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં લાખો લોકો શાંતિપૂર્ણ રીતે પણ મક્કમતાથી પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે.

ટ્રમ્પ માટે બેવડું સંકટ

રાજકીય વિશ્લેષકોના મતે, ટ્રમ્પ માટે આ સ્થિતિ 'ન ઘરના રહ્યા ન ઘાટના' જેવી છે:

1. આંતરરાષ્ટ્રીય મોરચો: ઈરાન સાથેની દુશ્મનીને કારણે વૈશ્વિક સ્તરે અમેરિકા પર દબાણ વધી રહ્યું છે.

2. સ્થાનિક મોરચો: પોતાના જ દેશમાં ઘરઆંગણે ઊભા થયેલા આ જન આંદોલનને કારણે ટ્રમ્પની છબી પર પ્રશ્નાર્થ ચિન્હ મુકાયું છે.

શું આ આંદોલન આગામી ચૂંટણી પર અસર કરશે?

રાજકીય જાણકારો માને છે કે જો આ 'નો કિંગ્સ પ્રોટેસ્ટ' લાંબો ચાલશે, તો તેની અસર આગામી રાજકીય સમીકરણો પર ચોક્કસપણે પડશે. પ્રદર્શનકારીઓમાં યુવાનો અને બૌદ્ધિક વર્ગની સંખ્યા મોટી છે, જે ટ્રમ્પ માટે આવનારા દિવસોમાં ચિંતાનો વિષય બની શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વ્હાઈટ હાઉસે હજુ સુધી આ પ્રદર્શનો પર કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી, પરંતુ સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે.

---

# પાક.ના પૂર્વ સેના પ્રમુખ કમર બાજવાનું મોત, 1 મહિનાથી હોસ્પિટલમાં હતા

## બાથરૂમમાં લપસી પડવાથી માથામાં ગંભીર ઈજા થઈ હતી

• ઈસ્લામાબાદ

પાકિસ્તાનના પૂર્વ સેના પ્રમુખ જનરલ કમર જાવેદ બાજવાનું 65 વર્ષની ઉંમરે શનિવારે નિધન થયું. ફેબ્રુઆરીમાં ઘરના બાથરૂમમાં લપસી પડ્યા બાદ તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી, જેના પછી રાવલપિંડીની મિલિટરી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી અને તેઓ ICUમાં દાખલ હતા. ડોકટરોએ તેમની સર્જરી કરી હતી. શરૂઆતમાં ડોકટરોએ સર્જરીને સફળ ગણાવી હતી, પરંતુ તેમની હાલત ગંભીર રહી હતી અને સતત દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. બાજવા 2016 થી 2022 સુધી પાકિસ્તાનના સેના પ્રમુખ રહ્યા અને નિવૃત્તિ પછી પણ દેશની રાજનીતિ અને સુરક્ષા બાબતોમાં પ્રભાવશાળી માનવામાં આવતા હતા. કમર જાવેદ બાજવા પૂર્વ પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન સાથેના વિવાદને કારણે ખૂબ ચર્ચામાં રહ્યા હતા. શરૂઆતમાં બંનેના સંબંધો સારા હતા, પરંતુ બાદમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ. જ્યારે 2018માં ઈમરાન ખાન વડાપ્રધાન બન્યા, ત્યારે કહેવાતું હતું કે સરકાર અને સેના 'એક પેજ' પર છે. એવું માનવામાં આવે છે કે તે સમયે બાજવાના નેતૃત્વમાં સેનાનું ઈમરાન સરકારને સમર્થન હતું અને બંને વચ્ચે તાલમેલ સારો હતો. પરંતુ 2021માં ISI પ્રમુખની નિમણૂકને લઈને બંને વચ્ચે મતભેદ શરૂ થયા. સેના ઈચ્છતી હતી કે નદીમ અંજુમને તરત જ ISI ચીફ બનાવવામાં આવે, જ્યારે ઈમરાન ખાન આ નિર્ણયને ટાળી રહ્યા હતા. અહીંથી જ બંનેના સંબંધોમાં તિરાડ પડવાની શરૂઆત થઈ. ત્યારબાદ 2022માં ઈમરાન ખાનની સરકાર પડી ગઈ. ઈમરાન ખાને આરોપ લગાવ્યો કે સેનાએ તેમનો સાથ છોડી દીધો અને વિપક્ષને સમર્થન આપ્યું. જોકે, સેનાએ આ આરોપોનો ઈનકાર કર્યો. સરકાર ગયા પછી ઈમરાન ખાને ખુલ્લેઆમ બાજવા અને સેનાની ટીકા કરવાનું શરૂ કર્યું. તેમના 'ન્યુટ્રલ તો જાનવર હોય છે' વાળા નિવેદને આ વિવાદને વધુ વેગ આપ્યો. કમર જાવેદ બાજવાના નિવૃત્તિ પછી તેમના પરિવારની સંપત્તિને લઈને પણ મોટો વિવાદ થયો હતો.

---

# ઈઝરાયલના કેમિકલ પ્લાન્ટ પર ઈરાનનો હુમલો:ઝેરી લીકેજની ચેતવણી

• ઈરાન

ઈરાને દક્ષિણ ઈઝરાયલમાં ADAMA કંપનીના એક કેમિકલ પ્લાન્ટ પર મિસાઈલ હુમલો કર્યો છે, જેના કારણે પ્લાન્ટમાં ભીષણ આગ લાગી ગઈ છે. આનાથી વિસ્તારમાં ઝેરી લીકેજનો ખતરો ઉભો થયો છે. એક વ્યક્તિ ઘાયલ પણ થયો છે. હુમલો નિયોત હોવાવ ઈન્ડસ્ટ્રિયલ ઝોનમાં થયો, જે બીયરશેવા શહેરથી લગભગ 9 કિલોમીટર દૂર આવેલો છે. હુમલા બાદ અધિકારીઓએ આસપાસના લોકોને ઘરોમાં રહેવા અને બારીઓ બંધ રાખવાની સલાહ આપી છે, કારણ કે પ્લાન્ટમાં ખતરનાક કેમિકલ હાજર છે.

આ દરમિયાન ભારત આવી રહેલા બે LPG ટેન્કરોએ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરી લીધો છે. આ જહાજો પર 94 હજાર મેટ્રિક ટન LPG ભરેલું છે. BW TYR અને BW ELM નામના આ જહાજોને ભારતીય નૌકાદળ સુરક્ષા આપી રહ્યું છે.

સરકારના મતે આ બંને ટેન્કર આ જ અઠવાડિયે મુંબઈ પહોંચી શકે છે. આ પહેલા 4 ભારતીય ધ્વજવાળા LPG ટેન્કર પણ આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગને પાર કરી ચૂક્યા છે, જ્યારે અન્ય 3 હજુ પશ્ચિમી ભાગમાં છે.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી સંબંધિત પળેપળના અપડેટ્સ માટે નીચેના બ્લોગ પર જાઓ ઈરાનની ધમકી- અમેરિકન-ઈઝરાયેલી અધિકારીઓના ઘર પર હુમલો કરીશું ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે કહ્યું કે તે અમેરિકા અને ઈઝરાયેલના અધિકારીઓના ઘરોને નિશાન બનાવશે. પ્રવક્તા ઈબ્રાહિમ જોલ્ફાગરીએ જણાવ્યું કે આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો છે જ્યારે અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના અનેક શહેરોમાં ઈરાનીઓના રહેણાંક ઘરોને નિશાન બનાવ્યા છે. દક્ષિણ લેબનાનના શકરા શહેરને નિશાન બનાવીને કરવામાં આવેલા એક ઈઝરાયેલી હવાઈ હુમલામાં 5 લોકોના મોત થયા છે. નેશનલ ન્યૂઝ એજન્સી અનુસાર, આ હુમલામાં અન્ય બે લોકો પણ ઘાયલ થયા છે. ઈરાની ન્યૂઝ એજન્સી ISNA અનુસાર માજિદ ઝકારિયાઈનું મૃત્યુ થયું છે. તેઓ યુએસ-ઈઝરાયેલ હુમલામાં ઘાયલ થયા હતા. અલ અરેબિયા ઈંગ્લિશના રિપોર્ટ મુજબ ઝકારિયાઈ ઈરાનના પ્રાકૃતિક સંસાધનો અને પર્યાવરણની સુરક્ષા માટે જવાબદાર હતા. આ અંગે પૂરી જાણકારી નથી કે માજિદ પર હુમલો ક્યારે અને ક્યાં થયો હતોખોંદાબમાં બનેલો હેવી વોટર પ્રોડક્શન પ્લાન્ટ નિષ્ક્રિય; આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીએ પુષ્ટિ કરી.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# યુવકે પ્રેમિકા સાથે મળી પત્નીને પીજીએ જઈને મારી:પીડિતાની મિત્રએ પોલીસ કંટ્રોલ રૂમને ફોન કરતા બન્ને ધમકી આપી ફરાર

### પંચવટી વિસ્તારમાં પતિથી અલગ થઈને રહેતી પત્નીને પતિ અને પતિની પ્રેમિકાએ ભેગા મળીને માર માર્યો હતો

• અમદાવાદ

અમદાવાદ શહેરના પંચવટી વિસ્તારમાં પતિથી અલગ થઈને રહેતી પત્નીને પતિ અને પતિની પ્રેમિકાએ ભેગા મળીને માર માર્યો હતો. એટલું જ નહીં બંનેએ પત્નીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે પત્નીએ પતિ અને પ્રેમિકા વિરુદ્ધ ગુજરાતી યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આંબાવાડીમાં પીજીમાં રહેતા પ્રિયંકા પરીખે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રિયંકા ખાનગી કંપનીમાં નોકરી કરે છે. પ્રિયંકાના લગ્ન 2011માં વિશાલ પરીખ સાથે થયા હતા. બંનેને બે બાળક પણ છે જે હાલમાં વિશાલ અને તેના પરિવાર સાથે રહે છે.



વિશાલને છેલ્લા 12 વર્ષથી વેજલપુરમાં રહેતી કિંજલ નામની યુવતી સાથે પ્રેમ સંબંધ છે. પ્રિયંકા છેલ્લા ઘણા સમયથી પતિ વિશાલથી અલગ રહે છે અને બંનેનો છૂટાછેડાનો કેસ પણ ચાલુ છે.

28 માર્ચના રોજ પ્રિયંકા તેના મિત્ર સાથે આંબાવાડીના પીજી ખાતે હતી, ત્યારે વિશાલ અને કિંજલ પીજી પર ગયા હતા. વિશાલે પ્રિયંકાને કહ્યું હતું કે, તું કેમ મારા ઘરે આવતી નથી. વિશાલે પ્રિયંકા સાથે ઝઘડો કરીને ઉશ્કેરાઈને ગાળો આપી છૂટા હાથની મારામારી કરી હતી. પ્રિયંકાએ બુમાબૂમ કરતા તેની મિત્ર આવી ગઈ અને પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતા વિશાલ અને કિંજલ ત્યાંથી ભાગી ગયા હતા. જતા-જતા વિશાલે ધમકી આપી હતી કે, અમારા બંને વચ્ચે આવીશ તો તને જાનથી મારી નાખીશું. આ અંગે પ્રિયંકાએ વિશાલ અને કિંજલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# બે વર્ષના બાળક વગર પત્નીને કાઢી મુકતા, પત્નીએ ભાઈના ઘેર જઈ સુસાઈડ પ્રયાસ કરતા અભયમ બોલાવી

• અમદાવાદ

બે વર્ષથી ત્રાસ આપતા પતિથી છુટકારો મેળવવા પિયરમાં ભાઈના ઘેર બે વર્ષના બાળકને સાથે લઈ જવા માંગતી પત્નીને પતિએ બાળક નહિ આપતા બાળક વિના પિયરમાં ભાઈના ઘેર ગયેલી પત્નીએ ભાઈના ઘેર જઈ દવા પી સુસાઈડ નો પ્રયાસ કરતા ભાઈ બેનને ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ ગયેલ,સારવાર બાદ બેનની સ્થિતિ ચિંતા મુક્ત થતા ભાઈએ બેનને સમજાવવા હોસ્પિટલમાંથી જ અભયમને કોલ કરેલ.અભયમનો કોલ મળતા અભયમ ટીમ હોસ્પિટલ પહોંચી મહિલાનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે પતિ બે વર્ષથી માનસિક ત્રાસ આપતો અને ઝગડા થતા હતા.

**આક્ષેપ**

### ૮ વર્ષની બાળકી પણ કિન્નાખોરીનો ભોગ બની

# 63 એવોર્ડ્સ વિજેતા વિદ્યાર્થીનું પાટનગરની હિલવુડ સ્કૂલ દ્વારા ટોર્ચરિંગ : રિઝલ્ટ-ટીસીમાં ચેડાં કર્યાના વાલીના આક્ષેપ

### ભોગ બનનાર વિદ્યાર્થીના પિતા ચતુર્ભુજ રામાણીએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું કે, તેમનો ધોરણ 8માં અભ્યાસ કરતો પુત્ર પ્રતિભશાળી છે

• ગાંધીનગર

રાજ્યના પાટનગરમાં સેકટર 25માં આવેલી હિલવુડ સ્કૂલ વિવાદમાં આવી છે. દેશનું ગૌરવ વધારનાર અને નાયબ રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત થયેલા તેજસ્વી વિદ્યાર્થી તેમજ તેની 8 વર્ષની માસૂમ બહેનને શાળા સંચાલકો દ્વારા માનસિક રીતે હેરાન કરી ટોર્ચર કરવામાં આવ્યું હોવાના આક્ષેપો સાથે વાલીએ પોલીસ મથકના દ્વાર ખખડાવ્યા છે. આ ઘટનાએ શિક્ષણ જગતમાં ભારે ચકચાર જગાવી છે. આ અંગે ભોગ બનનાર વિદ્યાર્થીના પિતા ચતુર્ભુજ રામાણીએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું કે, તેમનો ધોરણ 8માં અભ્યાસ કરતો પુત્ર પ્રતિભશાળી છે અને અત્યાર સુધી 63 જેટલા એવોર્ડ્સ જીતી ચૂક્યો છે. જાપાનની કાઓ કોર્પોરેશનની સ્પર્ધામાં સમગ્ર ભારતમાંથી પસંદગી પામનાર તે ગુજરાતનો એકમાત્ર ખેલાડી હતો. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે ઝળકેલા આ બાળકની સફળતામાં સહભાગી થવાને બદલે સ્કૂલ પ્રશાસને તેની અવગણના કરી હોવાનો તેમનો આક્ષેપ છે.વાલીનો આક્ષેપ છે કે, સ્કૂલની મંજૂરી વગર સ્પર્ધામાં



ભાગ લેવા બદલ અને ત્યારબાદ મળેલી ભવ્ય સફળતા બાદ સ્કૂલના અમુક શિક્ષકો અને સંચાલકો દ્વારા બાળક પર દ્વેષ રાખીને તેને માનસિક રીતે ટોર્ચર કરવામાં આવ્યો હતો. માત્ર માનસિક હેરાનગતિ જ નહીં, પરંતુ બાળકના ભવિષ્ય સાથે ચેડાં કરવાના પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.વાલીએ પોલીસ ફરિયાદની અરજી મુજબ, બાળકના શૈક્ષણિક રિઝલ્ટમાં અને ડ્રોઈંગ બુકમાં છેડછાડ કરવામાં આવી છે. વાલીનું કહેવું છે કે, ફરિયાદ કર્યા બાદ પરિણામમાં સુધારા વધારા કરીને પુરાવા નાશ કરવાનો પ્રયાસ થયો છે. આ ઉપરાંત તેની ધોરણ 2માં ભણતી 8 વર્ષની નાની બહેનને પણ આ કિન્નાખોરીનો ભોગ બનાવવામાં આવી હોવાનું અરજીમાં જણાવાયું છે. આર્ટ ટીચર દ્વારા બાળકીના ચિત્રો પર છેડાછેડી કરી તેને માનસિક પીડા આપ્યાનો પિતાએ આક્ષેપ કર્યો છે. આ સમગ્ર મામલે વાલીએ જિલ્લા શિક્ષણ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ પાસે ન્યાયની ગુહાર લગાવી હતી, પરંતુ ત્યાંથી કોઈ સંતોષકારક પ્રતિસાદ ન મળતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. સેક્ટર-21 પોલીસ સ્ટેશનમાં સ્કૂલના આર્ટ ટીચર, પરીક્ષા વિભાગના ટીચર, પ્રિન્સિપાલ અને અન્ય વહીવટદારો વિરુદ્ધ લેખિત અરજી આપવામાં આવી છે.

આ અંગે પ્રિન્સિપાલ સ્મિતા લૌરએ કહ્યું કે, અમારી સ્કૂલ તરફથી બાળકોને કોઈ જાતનું ટોર્ચરિંગ કરવામાં આવ્યું નથી. રિઝલ્ટ પણ સીબીએસસીના નિયમો મુજબ બનાવવામાં આવ્યું છે. વાલી ટ્રાન્સફર સર્ટિમાં એમના કહ્યા મુજબ લખવાનું કહી રહ્યા છે. અમે રિઝલ્ટ ચેન્જ કરીશું તો હાલ બાળકને 96 ટકાની આસપાસ છે, જે ઘટીને 91 ટકાની આસપાસ થઈ જશે. અમારી RO ઓફિસમાં પણ આ અંગે અમે જાણ કરી દીધી છે. વાલી રિઝલ્ટ લેવા આવ્યા નહીં તો અમે મેઈલથી મોકલી આપ્યું છે. હજી પણ અમે બધી મદદ કરવા તૈયાર છીએ. આ અંગે જિલ્લા શિક્ષાધિકારી ભગવાન પ્રજાપતિએ કહ્યું કે, વાલીની ફરિયાદ મળી છે. સોમવારે બંને પક્ષોને બોલાવી યોગ્ય કાર્યવાહી કરીશું.

નોંધનીય છે કે, જે બાળકની અવગણના કરવાનો આક્ષેપ સ્કૂલ પર છે, તે બાળકની સિદ્ધિની નોંધ ખુદ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસુરીયાએ લીધી હતી અને તેને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ છતાં સ્કૂલ પ્રશાસન દ્વારા બાળકને પ્રોત્સાહન આપવાને બદલે તેનું મનોબળ તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાના આક્ષેપથી વાલીઓમાં રોષ છે.

હાલમાં પોલીસ દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. વાલીની માગ છે કે, સ્કૂલ દ્વારા તેમના બાળકોના તમામ અસલ સર્ટિફિકેટ્સ અને રેકોર્ડ પરત કરવામાં આવે અને જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી થાય, જેથી અન્ય કોઈ બાળકના ભવિષ્ય સાથે આવા ચેડાં ન થાય.

### હુમલો કરનાર 17થી વધુ આરોપીની ધરપકડ

# સાણંદના ધરજીમાં દારૂના દરોડા પાડનાર પોલીસ પર ટોળાનો હુમલો, મુખ્ય બુટલેગર હજુ પણ ફરાર

**દરોડા** પોલીસ કર્મચારીઓના કાફલાએ ધરજી ગામ અને આસપાસના વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા

• અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યના નળ સરોવર પોલીસ મથક હેઠળ આવતા ધરજી ગામે દારૂના દરોડા દરમિયાન પોલીસ ટીમ પર થયેલા હિંસક હુમલા મામલે તંત્રએ લાલ આંખ કરી છે. આ ઘટના બાદ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી 17થી વધુ લોકોની ધરપકડ કરી છે, જોકે મુખ્ય બુટલેગર હજુ પણ પોલીસ પકડથી દૂર છે.

મળતી માહિતી અનુસાર, ઘટનાની ગંભીરતાને જોતા અમદાવાદ રૂરલ પોલીસ દ્વારા વિરમગામ ડિવિઝનમાં છેલ્લા બે દિવસથી સર્ચ ઓપરેશન અને કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. DySP તપનસિંહ ડોડિયાના માર્ગદર્શન હેઠળ અંદાજે 60 જેટલા પોલીસ કર્મચારીઓના કાફલાએ ધરજી ગામ અને આસપાસના વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન હુમલામાં



સંડોવાયેલા અને પોલીસની ફરજમાં રુકાવટ ઊભી કરનાર 17થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે.નળ સરોવર પોલીસને બાતમી મળી હતી કે ધરજી ગામે મોટા પાયે દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે. જ્યારે પોલીસની ટીમ ત્યાં પહોંચી ત્યારે સ્થાનિક પઢાર જ્ઞાતિના લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. ઉશ્કેરાયેલા 100થી વધુ લોકોના ટોળાએ પોલીસ કર્મચારીઓ પર હુમલો કરી તેને નીચે પાડી દીધા હતા અને રસ્તા પર દોડાવી-દોડાવીને માર માર્યો હતો. આ હિંસક ઘટના બાદ પોલીસે કડક વલણ અપનાવી 100થી વધુ શખ્સો સામે રાયોટિંગનો ગુનો નોંધ્યો હતો. વધુ આરોપીઓને શોધવા માટે હ્યુમન ઈન્ટેલિજન્સ અને સીસીટીવીની મદદ લેવામાં આવી રહી છે. આ મામલે DySP તપનસિંહ ડોડિયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, 'પ્રાથમિક પૂછપરછમાં કોઈ પૂર્વયોજિત કાવતરું કે ખાસ ઈરાદો જણાયો નથી. દરોડા દરમિયાન અચાનક ટોળું ભેગું થઈ ગયું હતું અને ઉશ્કેરાટમાં આ હુમલો થયો હતો. પકડાયેલા આરોપીઓ ગામના જ પઢાર જ્ઞાતિના લોકો છે અને તેમનો કોઈ અગાઉનો ગુનાઈત ઈતિહાસ નથી. જો કે, મુખ્ય બુટલેગર અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો છે, જેને પકડવા માટે વધુ તપાસ શરૂ છે.'

# 'દીકરાને બધું સોંપી દેવું એ મારી સૌથી મોટી ભૂલ હતી...' - શું તમે પણ આ ભૂલ કરી રહ્યા છો?

શું માતા-પિતાએ જીવતે જીવ પોતાની આખી મૂડી, પોતાનું ઘર અને માલિકી હક સંતાનોના નામે કરી દેવા જોઈએ? આ પ્રશ્ન આજે દરેક મધ્યમવર્ગીય અને ધનિક પરિવાર માટે ગંભીર ચર્ચાનો વિષય બન્યો છે. તાજેતરમાં રેમન્ડ ગ્રુપના ચેરમેન એમિરિટસ વિજયપત સિંઘાનિયાની જીવનકથાએ આખા દેશને વિચારતા કરી દીધા છે.

વર્ષ ૨૦૧૫, વિજયપત સિંઘાનિયાએ એક પિતા તરીકેનો અતૂટ વિશ્વાસ રાખીને પોતાના બિઝનેસના તમામ શેર પુત્ર ગૌતમ સિંઘાનિયાને સોંપી દીધા. તેમનું સપનું હતું કે હવે તેઓ નિવૃત્તિનો સમય શાંતિથી વિતાવશે. પરંતુ, આ નિર્ણય તેમના જીવનનો સૌથી મોટો 'યુ-ટર્ન' સાબિત થયો. આજે સ્થિતિ એ છે કે, જે સામ્રાજ્ય તેમણે પોતાના લોહી-પરસેવાથી ઉભું કર્યું હતું, તે જ 'જેકે હાઉસ'માંથી તેમને બહાર નીકળવું પડ્યું.

પોતાની આત્મકથા 'An Incomplete Life'માં વિજયપત સિંઘાનિયાએ હૈયા વરાળ ઠાલવતા




લખ્યું છે કે, 'દીકરાને બધું જ આપી દેવું એ મારા જીવનની સૌથી મોટી ભૂલ હતી.' આ શબ્દો માત્ર એક ઉદ્યોગપતિના નથી, પણ એ દરેક પિતાના છે જેમણે પોતાના સંતાનો પર આંધળો વિશ્વાસ મૂક્યો અને બદલામાં એકલતા કે અપમાન મેળવ્યું.

ઘણીવાર આપણે 'સંતાન પ્રેમ'માં એટલા અંધ થઈ જઈએ છીએ કે ભવિષ્યના સુરક્ષા કવચને ભૂલી જઈએ છીએ. યાદ રાખો, મિલકત એ માત્ર સંપત્તિ નથી, પણ તમારી વૃદ્ધાવસ્થાની 'સલામતી' (Security) પણ છે.

પાક્કો ગુજરાતનો સવાલ:

અમે અમારા વાચકોને પૂછવા માંગીએ છીએ:

૧. શું વહેલી વહેંચણી સંતાનોને જવાબદાર બનાવે છે કે પછી તેમને મનસ્વી?

૨. શું તમે તમારી મિલકત જીવતે જીવ સંતાનોના નામે કરવાના પક્ષમાં છો?

નિષ્કર્ષ:

સંતાનોને પ્રેમ આપો, શિક્ષણ આપો અને યોગ્ય સંસ્કાર આપો, પણ પોતાની સુરક્ષાનું દોરડું ક્યારેય બીજાના હાથમાં ન સોંપો. વિજયપત સિંઘાનિયાની કહાની એ દરેક ઘર માટે એક ચેતવણી છે કે - 'બધું જ આપી દેવું' એ પ્રેમ નથી, એ તો પોતાની જિંદગી સાથેનું જોખમ છે.

એડિટરની નોંધ: આ મુદ્દા પર તમારા મંતવ્યો અમને લખી મોકલો. શું તમે માનો છો કે કાયદાકીય જોગવાઈઓ હોવા છતાં, મિલકતની વહેંચણીમાં માતા-પિતાએ વધુ સાવધ રહેવું જોઈએ?

તમારા પ્રતિભાવો આવકાર્ય છે.

# PSI ભરતી પરીક્ષાનું કાઉન્ટડાઉન શરૂ: 13 એપ્રિલે કોલલેટર અને 19 એપ્રિલે લેખિત પરીક્ષા

### ભરતી બોર્ડ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું. પ્રવેશપત્ર (કોલલેટર) સાથે જરૂરી ઓળખપત્રો રાખવા અનિવાર્ય છે

[પવન માકન]પાક્કો ગુજરાત ન્યૂઝ.ગુજરાત પોલીસમાં ભરતી થવાનું સ્વપ્ન સેવતા રાજ્યના લાખો ઉમેદવારો માટે રાહ જોવાનો સમય હવે પૂરો થયો છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSIની લેખિત પરીક્ષાનો કાર્યક્રમ સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યો છે.

રાજ્યભરમાંથી શારીરિક કસોટી ઉત્તીર્ણ કરી ચૂકેલા લાખો યુવા ઉમેદવારો હવે આગામી 19 એપ્રિલ, 2026 ના રોજ લેખિત પરીક્ષાના મેદાનમાં ઉતરશે. આ પરીક્ષા માત્ર એક પ્રક્રિયા નથી, પરંતુ રાજ્યના લાખો તેજસ્વી યુવાનોની કારકિર્દી અને ખાખી વર્દી મેળવવાની મહેનતનું પરિણામ છે.

મહત્વની તારીખો અને સૂચનાઓ:

* કોલલેટર ડાઉનલોડ: ઉમેદવારો 13 એપ્રિલ, 2026 થી સત્તાવાર વેબસાઈટ પરથી પોતાના કોલલેટર ડાઉનલોડ કરી શકશે.

* પરીક્ષાની તારીખ: લેખિત પરીક્ષાનું આયોજન 19 એપ્રિલ, 2026 ના રોજ કરવામાં આવ્યું છે.

પાક્કો ગુજરાતની ઉમેદવારોને ખાસ અપીલ:

ભરતી બોર્ડ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું. પ્રવેશપત્ર (કોલલેટર) સાથે જરૂરી ઓળખપત્રો રાખવા અનિવાર્ય છે. છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર ભરતી પરીક્ષા અંગે અનેક અફવાઓ વહેતી થઈ રહી છે, ત્યારે લાખો ઉમેદવારોને નમ્ર વિનંતી છે કે માત્ર ભરતી બોર્ડની અધિકૃત વેબસાઈટ પર મૂકવામાં આવેલી માહિતી પર જ વિશ્વાસ રાખવો.'પાક્કો ગુજરાત' રાજ્યના તમામ ઉમેદવારોને આ મહત્વપૂર્ણ પરીક્ષા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. આપની મહેનત સફળ રહે અને તમે પોલીસ દળના સક્ષમ અધિકારી બનો તેવી શુભકામના.આવા જ સચોટ અને ગંભીર સમાચાર માટે વાંચતા રહો - 'પાક્કો ગુજરાત'.

# સરખેજમાં પાર્સલની આડમાં ચાલતું દારૂનું નેટવર્ક ઝડપાયું, 4,401 બોટલો સાથે રાજસ્થાનના શખસની ધરપકડ



• અમદાવાદ

રાજ્યમાં ચુસ્ત દારૂબંધી હોવા છતાં બુટલેગરો અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. અમદાવાદના સરખેજ વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે નરીમનપુરા કેનાલ નજીક પાર્સલની આડમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા એક રીક્ષાચાલકને ઝડપી પાડ્યો છે. પોલીસે તપાસ કરતા રીક્ષામાંથી મોટી સંખ્યામાં સંખ્યામાં દારૂની બોટલો મળી આવી છે.મળતી માહિતી અનુસાર, સરખેજ પોલીસની ટીમ જ્યારે પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેને ચોક્કસ બાતમી મળી હતી કે એક લોડિંગ રીક્ષામાં પાર્સલની આડમાં દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે નરીમનપુરા ગામની કેનાલ નજીક નાકાબંધી કરી હતી. શંકાસ્પદ રિક્ષા આવતા જ તેને અટકાવી તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. રિક્ષામાં ઉપરના ભાગે પાર્સલ હતા, પરંતુ તેની નીચે વિદેશી દારૂની કુલ 4,401 બોટલો છુપાવેલી હતી.

### વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મળશે મુક્તિ

# સતાધાર ચાર રસ્તા પર નવનિર્મિત ફલાયઓવર ખુલ્લો મુકવામાં આવ્યો

• અમદાવાદ

અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવાના હેતુથી આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિસ્તારમાં આવેલા સતાધાર જંક્શન પર નવનિર્મિત ફોરલેન ફલાયઓવર બ્રિજનું વિધિવત લોકાર્પણ કર્યું છે. આ બ્રિજ કાર્યરત થતા જ નારણપુરા, ઘાટલોડિયા અને સોલા સાયન્સ સિટી તરફ જતા હજારો વાહનચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા અંદાજે 90 કરોડ રૂપિયાના ખર્ચે આ આધુનિક ફોરલેન ફલાયઓવર



બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. 936 મીટરની લંબાઈ અને 16.60 મીટરની પહોળાઈ ધરાવતો આ બ્રિજ સતાધાર ચાર રસ્તા પર થતા ટ્રાફિક જામને કાયમી ધોરણે દૂર કરશે. હવે વાહનચાલકો કોઈપણ અવરોધ વિના સીધા નારણપુરાથી સોલા રોડ અને સાયન્સ સિટી તરફ જઈ શકશે.ઉલ્લેખનીય છે કે, સતાધાર જંક્શન પર ટ્રાફિકનું ભારણ વધતા અહીં ફલાયઓવર બનાવવાનું સૂચન ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ બ્રિજના નિર્માણથી ઈંધણ અને સમય બંનેની બચત થશે.

લોકાર્પણ બાદ તુરંત જ બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો. વર્ષોથી આ જંક્શન પર સિગ્નલ અને ટ્રાફિકમાં ફસાયેલા રહેતા સ્થાનિક રહિશો અને મુસાફરોએ આ સુવિધા બદલ રાજ્ય સરકાર અને કોર્પોરેશનનો આભાર માન્યો હતો. આ ફલાયઓવરના કારણે આસપાસના રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારોની કનેક્ટિવિટી પણ વધુ મજબૂત બનશે.

# 16 જેટલાં નર્મદા પરિક્રમાવાસીઓને કુતરાએ બચકા ભરતાં દોડધામ

## તિલકવાડા નદી ભાઠાથી ઉપર તરફ, બ્રિજ પાસે, તેમજ અન્ય જગ્યા કેટલીક જગ્યા પર ભક્તો ને કુતરાએ બચકા ભર્યા



• રાજપીપલા, તા 29

હાલ પાંચકોશી નર્મદા પરિક્રમા ચાલી રહી છે દિન પ્રતિદિન ભક્તોની સંખ્યા ક્રમશઃ વધતી જઈ રહી છે ત્યારે નર્મદા પરિક્રમાવાસીઓને કુતરાએ બચકા ભરવાની ચોકાવનારી ઘટના સામે આવી છે.ભક્તોના કહેવા મુજબ 16 ભક્તોને કુતરાએ બચકા ભર્યાછે. તિલકવાડા નદી ભાઠાથી ઉપર તરફ, બ્રિજ પાસે, તેમજ અન્ય જગ્યા કેટલીક જગ્યા પર ભક્તો ને કુતરાએ બચકા ભરવાની ઘટના સામે આવી છે. કુતરાએ બચકા ભરનારા તમામ ભક્તોને તાત્કાલિક એમ્બયુલન્સ દ્વારા તિલકવાડા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામા આવ્યા હતા. તિલકવાડા ખાતે ભક્તો ની સારવાર શરૂ કરવામાં આવી હતી.જોકે હાલ તો તબિયત સુધારા પર છે.

સવાલ એ થાય છે કે ભક્તોને મગરોતો ડર લાગે જ છે પણ હવે કુતરા કરડવાની ઘટનાને કારણે ભક્તોમાં ડરનો માહોલ જોવા મળ્યો છે આ બાબતે ખાસ સુરક્ષા રાખવાની જરૂરિયાત પર ભાર મુકાઈ રહ્યો છે

તસવીર :દીપક જગતાપ, રાજપીપલા

# ડીસા પાસે SMC એ મેગા ઓપરેશન કરી ૧.૫૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો

• બનાસકાંઠા,

ગુજરાત રાજ્યના સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે દારૂબંધીના કડક અમલ માટે બનાસકાંઠા જિલ્લામાં એક મોટું ઓપરેશન પાર પાડ્યું છે. SMCની ટીમે ધાનેરાથી ડીસા તરફ જતા માર્ગ પર ગાલાલપુર ગામની સીમમાં ફિલ્મી ઢબે દરોડો પાડીને ૧.૦૯ કરોડની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.આ સમગ્ર કાર્યવાહીમાં વાહનો અને અન્ય સામાન મળી કુલ ૧.૫૨ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.તપાસ દરમિયાન શંકાસ્પદ ટ્રક અને અન્ય વાહનોને અટકાવતા તેમાંથી પ્રીમિયમ બ્રાન્ડના વિદેશી દારૂ અને બિયરની કુલ ૨૨,૭૨૮ નંગ બોટલ તથા ટીન મળી આવ્યા હતા.

ઈન્ડિગો દ્વારા કનેક્ટિવિટી — ભાવનગરની જનતા માટે આજનો દિવસ ઐતિહાસિક અને હર્ષોલ્લાસભર્યો રહ્યો છે

# ભાવનગરને આકાશી પાંખો: કેન્દ્રીય મંત્રી નાયડુના હસ્તે નવી મુંબઈ ફ્લાઈટનું ભવ્ય ફ્લેગ ઓફ

## ૨૦ દિવ્યાંગોએ માણી પ્રથમ હવાઈ સફરની મજા, અલંગ અને પાલીતાણા સહિતના ઉદ્યોગોને

• ભાવનગર

ભાવનગરની જનતા માટે આજનો દિવસ ઐતિહાસિક અને હર્ષોલ્લાસભર્યો રહ્યો છે. શહેરના એરપોર્ટ પર કેન્દ્રીય નાગરિક ઉડિયન મંત્રી કે.રામમોહન નાયડુના વરદ હસ્તે ભાવનગર થી નવી મુંબઈ વચ્ચેની નવી ડાયરેક્ટ ફ્લાઈટ સેવાનું 'ફ્લેગ ઓફ' કરીને પ્રારંભ કરાવવામાં આવ્યો છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ કેક કટિંગ કરી મુસાફરોને શુભકામનાઓ પાઠવી હતી. ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા શરૂ કરવામાં આવેલી આ સેવાથી ગોહિલવાડ અને મુંબઈ વચ્ચેનું અંતર હજારો મિનિટોમાંથી માત્ર થોડા કલાકોમાં બદલાઈ ગયું છે.

આ ઉદ્ઘાટન ફ્લાઈટ એક ખાસ કારણસર યાદગાર બની રહી હતી. ભાવનગર થી નવી મુંબઈ જતી આ સૌથી પહેલી ફ્લાઈટમાં 30 જેટલા દિવ્યાંગ ભાઈ-બહેનોએ સફર કરી હતી. આકાશમાં ઉડવાનો તેમનો લ્હાવો અને જીવનનો આનંદ તેમના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો, જેણે આ પ્રસંગને વધુ સંવેદનશીલ અને ગૌરવપૂર્ણ બનાવ્યો હતો.

રોજની બે ફ્લાઈટ અને આકર્ષક ભાડું



ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા જાહેર કરાયેલા શિડ્યુઅલ મુજબ, હવે ભાવનગર થી રોજ સવારે અને સાંજે એમ બે ફ્લાઈટ ઓપરેટ થશે.

* સવારની ફ્લાઈટ: સવારે ૮:૩૫ કલાકે નવી મુંબઈ માટે ઉડાન ભરશે.

* રાત્રિની ફ્લાઈટ: રાત્રે ૮:૫૦ કલાકે ભાવનગરથી રવાના થશે.

મુસાફરોના ખિસ્સાને પરવડે તે માટે આ ટ્રીપ માટેનું ટિકિટ ભાડું ૩૪૦૦ થી ૭૦૦૦ સુધી રાખવામાં આવ્યું છે. આ ફ્રીક્વન્સીને કારણે વેપારીઓ અને સામાન્ય જનતા પોતાની સુવિધા મુજબ મુસાફરીનું આયોજન કરી શકશે.

મંત્રીજીનું મધુર ગુજરાતી અને 'ઉડાન' સ્કીમનો વાયદો

કાર્યક્રમ દરમિયાન આકર્ષણનું કેન્દ્ર ત્યારે બન્યું જ્યારે આંધ્રપ્રદેશના હોવા છતાં કેન્દ્રીય મંત્રી કે.રામમોહન નાયડુએ પોતાના સંબોધનની શરૂઆત ગુજરાતી ભાષામાં કરી હતી. તેમના મુખે ગુજરાતી સાંભળીને ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા. તેમણે ભાવનગર એરપોર્ટના વિકાસ માટે મોટી જાહેરાત કરતા આશ્વાસન આપ્યું હતું કે, ભવિષ્યમાં આ એરપોર્ટને વધુ મોટું બનાવવામાં આવશે જેથી કરીને અહીં મોટા વિમાનો પણ લેન્ડ થઈ શકે. વધુમાં, તેમણે આગામી દિવસોમાં ભાવનગર માટે ભારત સરકારની મહત્વાકાંક્ષી 'ઉડાન' (UDAN) સ્કીમ લાગુ કરવાની પણ બાહેધરી આપી હતી.

ઔદ્યોગિક અને ધાર્મિક પ્રવાસનને બુસ્ટ

આ નવી ફ્લાઈટ કનેક્ટિવિટીથી ક્યા-ક્યા ક્ષેત્રોને લાભ થશે તે અંગે માહિતી આપતા નિમુબેને જણાવ્યું હતું કે, આ સેવા શરૂ થવાથી વિશ્વપ્રસિદ્ધ 'અલંગ શિપ રિસાયકલિંગ યાર્ડ', ધોલેરા સર (SIR), અને પવિત્ર જૈન તીર્થધામ 'પાલીતાણા' ના પ્રવાસનને મોટો વેગ મળશે. વેપાર-ઉદ્યોગમાં જોડાયેલા લોકો માટે પણ મુંબઈ આવવા-જવાનું ખૂબ સરળ બની જશે, જેનાથી ભાવનગરના આર્થિક વિકાસને નવી દિશા મળશે.

ભાવનગર વાસીઓમાં આ નવી શરૂઆતને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વરસાદી કાન્સનું પુરાણ કરી દઈ ગેરકાયદેસર દબાણ ઊભું કરતાં ધારાસભ્યએ જનહિતમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી

# રેસીડેન્સી બિલ્ડીંગનાં ગેરકાયદેસર બાંધકામ સામે નાંદોદનાં ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ મેદાને પડ્યા

**હુકમ** — ધારાસભ્યએ સંકલન સમિતિમાં અને કમિશનર સમક્ષ રજુઆત કરતાં કમિશ્નરે ગેરકાયદે બાંધકામ તોડી પાડવાનો હુકમ કર્યો

• રાજપીપલા, તા28

રાજપીપળાની મધ્યમાં નગરપાલિકા વિસ્તારમાં આવેલી રેસીડેન્સી બિલ્ડીંગનાં ગેરકાયદેસર બાંધકામ સામે નાંદોદનાં ધારાસભ્ય એ ડો દર્શનાબેન દેશમુખ મેદાને પડ્યા છે.ડિગ્રી કોલેજની સામે આવેલ વ્રજ કોમ્પ્લેક્સની પાછળ આવેલ બિલ્ડીંગની સામે આવેલ વરસાદ નાં નિકાલ માટે આવેલ નાળા માં વરસાદી કાન્સનું પુરાણ કરી દઈ ગેરકાયદેસર દબાણ ઊભું કરતાં ધારાસભ્ય દર્શનાબેને ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે ધારાસભ્ય દર્શનાબેનનાં જણાવ્યા અનુસાર આ કાન્સની પહોળાઈમાં 40 ફૂટ જેટલી હતી તેને પૂરી ને 20 ફૂટ



જેટલી કરી દેવામાં આવી છે. આ કાન્સ પુરી દેવાથી વરસાદી પાણીનો નિકાલ નહીં થઈ શકે એવી સ્થિતિનું નિર્માણ થયું છે.ચોમાસામાં સોસાયટીઓમાં અને નરસિંહ ટેકરી વિસ્તારમાં ઘરોમાં પાણી ભરાઈ જવાનો ભીતિધારાસભ્યએ વ્યક્ત કરી છે વરસાદી કાન્સનું બાંધકામ ગેરકાયદે હોવાનું પણ તેમણે જણાવ્યું હતું જ્યાં દીવાલ પણ બાંધી દીધી છે.જેની ઊંચાઈ 15 ફૂટ ઊંચી છે અને પાંચ ફૂટ પહોળી છે. આ દિવાલ ચણવાથી પાણીનો નિકાલ 80% ને બદલે ૨૦ ટકા થઈ શકે એવી સ્થિતિનું નિર્માણ કર્યું છે. ધારાસભ્ય એવી પણ શંકા વ્યક્ત કરી હતી કે બિલ્ડર સાથે કેટલાક સ્થાનિક આગેવાનો સંકળાયેલા છે એટલે હતા પણ તોડવામાં આવતું નથી. નગરપાલિકાના અજમેરો હિટાચી મશીન લઈને તોડવા ગયા હતા પરંતુ કોઈ સ્થાનિક આગેવાનો દબાણને કારણે આ દબાણ તોડી શકાયું નથી. બિલ્ડીંગનું બાંધકામ જૂની પરમિશન પર બાંધકામ કર્યું છે. આ અંગે ધારાસભ્યએ સંકલન સમિતિમાં અને કમિશનર સમક્ષ રજુઆત કરતાં કમિશ્નરે ગેરકાયદે બાંધકામ તોડી પાડવાનો હુકમ કર્યો હતો. જે અનુંસંધાને રાજપીપલા નગરપાલિકાની ટીમ હિટાચી મશીન લઈને તોડવા આવી હતી પણ બિલ્ડર લોબીની સ્થાનિક આગેવાનોની મીલીભગતને કારણે ગેરકાયદેસર બાંધકામ તોડવાનું અટકાવાયું હતું.જેમાં ધારાસભ્યએ બિલ્ડર લોબી સાથે સ્થાનિક આગેવાનોની સાંઠ ગાંઠ હોવાનો આક્ષેપ લગાવ્યો છે.પ્રજાહીતમાં ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા મુખ્યમંત્રી સામે રજુઆત કરાશે એમ ધારાસભ્યએ જણાવ્યું છે.ત્યારે આ બિલ્ડર લોબી કોણ છે અને જેની સાથે સ્થાનિક આગેવાનો ની સાંઠ ગાંઠ કોની છે? તેની ચર્ચા શરૂ થઈ છે જિલ્લા કલેકટર આની તપાસ કરે અને ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવે એવી માંગ ઉઠી છે

તસવીર :દીપક જગતાપ, રાજપીપલા

# તપતી ગરમીમાં તરસ્યા પક્ષીઓ માટે 'આદી ફાઉન્ડેશન'ની અનોખી પહેલ

## 1000થી વધુ પાણીના વાસણોનું વિતરણ, નાગરિકોએ લીધી સેવા કરવાની પ્રતિજ્ઞા

અમદાવાદની કરકસર ગરમીમાં જ્યાં માનવજીવન મુશ્કેલ બની રહ્યું છે, ત્યાં બેઝુબાન પક્ષીઓ માટે પાણી મેળવવું જીવ-મરણનો પ્રશ્ન બની જાય છે। આવી પરિસ્થિતિમાં 'આદી ફાઉન્ડેશન' દ્વારા માનવતાભરી અને પ્રેરણાદાયક પહેલ હાથ ધરવામાં આવી છે। આજે ગુરુકુલ સ્થિત ઑક્સફર્ડ ટાવર ખાતે પક્ષીઓ માટે માટીના પાણીના વાસણોના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો।આ અભિયાન અંતર્ગત 1000થી વધુ માટીના પાણીના વાસણો નાગરિકોને વિતરણ કરવામાં આવ્યા હતા, જેથી તેઓ પોતાના ઘર, છત, બાલ્કની અને આસપાસના વિસ્તારોમાં પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરી શકે।



કાર્યક્રમમાં હાજર નાગરિકોએ આ સુંદર પહેલને વધાવી લીધી અને સમગ્ર ઉનાળા દરમિયાન નિયમિત રીતે પક્ષીઓને પાણી પૂરું પાડવાનો સંકલ્પ કર્યો। સંસ્થાના સભ્યોએ જણાવ્યું કે તીવ્ર ગરમીમાં પક્ષીઓ માટે પાણી જીવનરક્ષક બની જાય છે અને આપણા નાના પ્રયાસો પણ તેમને જીવતદાન આપી શકે છે।

આ પ્રસંગે આદી ફાઉન્ડેશનની ટીમ સાથે મોટી સંખ્યામાં પશુપ્રેમી નાગરિકો હાજર રહ્યા હતા અને સૌએ મળીને આ સેવા કાર્યને સફળ બનાવ્યું હતું।

કાર્યક્રમમાં હાર્દિક સંઘવી, અલ્પેશ શાહ, ચિરાગભાઈ, રવિ ચૌહાણ, જીવદયા પ્રેમી લાભાર્થી દીક્ષિતભાઈ અને મહુલભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા। એએમસીના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગ દાણી તથા પી.આઈ. મેમનગર પણ હાજર રહી આ પહેલને બિરદાવ્યું હતું।

અંતમાં, આદી ફાઉન્ડેશને શહેરના નાગરિકોને હૃદયપૂર્વક અપીલ કરી કે તેઓ પોતાના ઘર અને આસપાસ પાણીના વાસણો મૂકી તરસ્યા પક્ષીઓને જીવનદાન આપે અને સમાજમાં દયા, કરુણા અને સહઅસ્તિત્વનો સંદેશ ફેલાવે।

# દહેગામનાં એક ગામની મહિલાની છેડતી કરી ધમકી આપનાર શખ્સ સામે ફરિયાદ

## ગાંધીનગર જિલ્લાના દહેગામના એક ગામમાં રહેતી 30 વર્ષીય પરણિત મહિલાની છેડતી કરી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામના એક ગામમાં રહેતી 30 વર્ષીય પરણિત મહિલાની છેડતી કરી, તેને બદનામ કરવાની અને જાનથી મારી નાંખવાની ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ દહેગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આ અંગે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. ભોગ બનનાર મહિલા તેના પરિવાર સાથે તાલુકાના એક ગામમાં રહે છે અને ઘરકામ કરે છે. મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના ખેતર અને ગામમાં જવાના રસ્તા પર રહેતો વિક્રમ કલ્યાણસિંહ રાઠોડ નામનો શખ્સ છેલ્લા એક અઠવાડિયાથી તેની સામે ખરાબ નજરે જોઈ બિભત્સ ઈશારા કરતો હતો. સામાજિક બદનામીના ડરથી મહિલાએ અત્યાર સુધી આ બાબતે કોઈને જાણ કરી ન હતી.

ગત તા. 25 માર્ચના રોજ સાંજના આશરે 6 વાગ્યાના સુમારે મહિલા પોતાના ઘરની બહાર કામ કરી રહી હતી, ત્યારે તેના પતિ મજૂરીકામ અર્થે અને સસરા ખેતરે ગયા હતા.

આ તકનો લાભ ઉઠાવી આરોપી વિક્રમ કલ્યાણસિંહ રાઠોડ ત્યાં આવ્યો હતો અને મહિલાનો હાથ પકડી ખેંચતાણ કરી બિભત્સ વર્તન કરવા લાગ્યો હતો. અને મહિલાને કહ્યું હતું કે જો તેને આ રસ્તેથી નીકળવું હોય તો તેની સાથે સંબંધ રાખવો પડશે, અને જો આ વાતની જાણ કોઈને કરશે તો તેના પતિને જાનથી મારી નાખશે.

તેથી મહિલાએ બૂમાબૂમ કરતા તેના સાસુ-સસરા દોડી આવ્યા હતા, અને આરોપી ત્યાંથી ભાગી ગયો હતો. રાત્રે પતિ ઘરે પરત ફરતા મહિલાએ સમગ્ર હકીકત જણાવી હતી. જે બાદ પરિવારે હિંમત આપતાં ભોગ બનનાર મહિલાએ દહેગામ પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિક્રમ કલ્યાણસિંહ રાઠોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# CISFના ASIની પત્નીના ગળામાંથી 48 ગ્રામની ચેન તોડી બાઇક ચાલકો ફરાર



• અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ ખાતે CISFમાં ASI તરીકે ફરજ બજાવતા વિજય કુમારના પત્ની સેલવીબેન સવારના સમયે તેમના દીકરા સાથે ચાંદખેડાના ઉત્સવ કોર્નર પાસેથી મોર્નિંગ વોક માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન એક બાઈક ઉપર હેલ્મેટ પહેરીને બે શખસ આવ્યા હતા, જેમાંથી બાઈકની પાછળ બેઠેલા શખસે સેલવીબેનના ગળામાં રહેલા 48 ગ્રામનો સોનાનો દોરો ચોરી લીધો હતો. આ દરમિયાન સેલવીબેન અને પાછળ બેઠેલા વ્યક્તિ વચ્ચે ઝપાઝપી થતા પાછળ બેઠેલા વ્યક્તિનું હેલ્મેટ નીકળી ગયું હતું. જોકે, લૂંટ કરીને બંને નાસી ગયા હતા. 1.70 લાખના દાગીના ખેંચી ફરાર થઈ જનાર બાઈક પર આવેલા બંને શખસ વિરુદ્ધ ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ડભોઇ શિરોલા હાઈવેનું કામ અધ્ધરતાલ

# ડભોઈથી શિરોલા ગામ સુધીના નવા હાઈવેના નિર્માણમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શિરોલા હાઈવેનું કામ અધ્ધરતાલ: અધિકારીઓની નિંભરતા અને કોન્ટ્રાકટરની બેદરકારીનો ભોગ બનતી જનતા ડભોઈથી શિરોલા ગામ સુધીના નવા હાઈવેના નિર્માણમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી રહી છે. ડભોઈ શહેર તરફનો અડધો કિલોમીટરનો માર્ગ છેલ્લા ઘણા સમયથી અધૂરો છોડી દેવાતા વાહનચાલકો અને સ્થાનિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સ્ટેટ હાઈવેના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગત હોય તેમ છેલ્લા એક મહિનાથી કામગીરી બંધ કરી દેવામાં આવતા અનેક સવાલો ઊભા થયા છેધૂળની ડમરીઓ અને કાંકરાનું સામ્રાજ્ય હાલ આ માર્ગ પર અડધું કામ કરીને છોડી દેવાયું



હોવાથી રસ્તા પર માત્ર કાંકરા અને માટી જોવા મળે છે. ભારે વાહનો પસાર થતા જ આખા વિસ્તારમાં ધૂળની ડમરીઓ ઉડે છે, જેના કારણે દ્વિચક્રી વાહનચાલકોની આંખોમાં ધૂળ જાય છે અને અકસ્માતનો ભય રહે છે. કાંકરાવાળા રસ્તા પર વાહનો સ્લિપ થવાની ઘટનાઓ પણ રોજિંદી બની ગઈ છેયાત્રાધામોને જોડતો મુખ્ય માર્ગ પ્રભાવિત આ માત્ર સ્થાનિક રસ્તો નથી, પરંતુ ડભોઈથી રાજપીપળાને જોડતો મુખ્ય હાઈવે છે વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી, ચાણોદ-કરનાળી અને પોઈચા જેવા ધાર્મિક સ્થળોએ જતા હજારો પ્રવાસીઓ આ જ માર્ગનો ઉપયોગ કરે છેયાત્રાળુઓ જ્યારે આ અડધા બનેલા રસ્તા પરથી પસાર થાય છે ત્યારે તેમને ભારે મુશ્કેલી પડે છે , જેની સીધી અસર પ્રવાસન અને જિલ્લાની છબી પર પડી રહી છેતંત્રની ઊંઘ ક્યારે ઉડશે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કે જો કામગીરી શરૂ કરવામાં આવી હતી, તો તેને પૂર્ણ કેમ કરવામાં આવતી નથી શું કોન્ટ્રાક્ટરને છાવરવામાં આવી રહ્યો છેશું સ્ટેટ હાઈવેના અધિકારીઓને જનતાની તકલીફ દેખાતી નથીએક મહિનાથી કામ બંધ હોવા છતાં જવાબદાર અધિકારીઓ કેમ મૌન સેવી રહ્યા છે જનતાની માંગ: તાત્કાલિક કામ શરૂ કરો

ચોમાસું નજીક આવતા પહેલા જો આ અડધો કિલોમીટરનો ટુકડો પૂર્ણ કરવામાં નહીં આવે, તો સ્થિતિ વધુ સ્ફોટક બની શકે છે. હાલ વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને એક જ સવાલ પૂછી રહ્યા છે કે અધૂરો માર્ગ ક્યારે પૂરો થશે તંત્ર વહેલી તકે જાગે અને કોન્ટ્રાક્ટર પાસે બાકી કામ પૂર્ણ કરાવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

# રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના DCP જગદીશ બાંગરવા સામે ‘ષડયંત્ર’ કે ’ષડયંત્રકારીઓનો અંત’? જનતા આવી મેદાને!

• રાજકોટ

રાજકોટ શહેર પોલીસના ક્રાઈમ બ્રાન્ચ વિભાગમાં હાલ એક નામ ચર્ચામાં છે - DCP જગદીશ બાંગરવા. જ્યારે કાયદો અને વ્યવસ્થાની વાત આવે ત્યારે, બાંગરવાની આગેવાની હેઠળની ટીમે જે રીતે ગુનાખોરી પર લગામ કસી છે, તે પોલીસના ઈતિહાસમાં એક મિસાલ બની રહી છે.

અપરાધીઓમાં ફફડાટ, કાયદાનો કોરડો રાજકોટની શાંતિને ડહોળનારા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવનારા માફિયાઓ માટે જગદીશ બાંગરવા એક ’કાળ’ સમાન સાબિત થયા છે. એક પછી એક અનેક ગેંગને જેલના સળિયા પાછળ ધકેલીને ક્રાઈમ બ્રાન્ચે એ સાબિત કરી દીધું છે કે, શહેરમાં હવે અસામાજિક તત્વોની કોઈ દાળ ગળવાની નથી. તેમની કામગીરીએ સામાન્ય નાગરિકોમાં



પોલીસ પ્રત્યેનો ભરોસો ફરીથી બેઠો કર્યો છે.સ્વહિત સાધતા તત્વોના ’સ્પીડ બ્રેકર’ પરંતુ, જ્યાં સત્ય અને કડકાઈ હોય, ત્યાં વિરોધ પણ સ્વાભાવિક છે. પોતાની દુકાનો બંધ થતી જોઈને કેટલાક સ્વાર્થી અને શંકાસ્પદ તત્વો પોલીસની આ કામગીરીને રોકવા માટે અવનવા ’સ્પીડ બ્રેકર’ ઊભા કરી રહ્યા છે. પોલીસની ઈમેજ ડાઉન કરવા અને તેમના મનોબળને તોડવા માટે જે પ્રકારના પ્રયાસો થઈ રહ્યા છે, તે જોતાં સ્પષ્ટ થાય છે કે આ ગેંગસ્ટરો હવે ભયભીત છે.સોશિયલ મીડિયા પર જનતાનો પ્રચંડ સપોર્ટ આ બધાની વચ્ચે, રાજકોટની જનતાએ સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે તેઓ પોલીસની સાથે છે. સોશિયલ મીડિયા પર અત્યારે DCP જગદીશ બાંગરવાને સમર્થન આપવા માટે જાણે પૂર આવ્યું છે. લોકો ખુલ્લેઆમ લખી રહ્યા છે કે, ‘જો શહેરને સુરક્ષિત રાખવું હોય, તો આવા જ અધિકારીઓની જરૂર છે.’રાજકોટની જનતાનો આ અપાર પ્રેમ એ વાતનો પુરાવો છે કે, સમાજ હવે ગુનાખોરી મુક્ત શહેર ઈચ્છે છે. સોશિયલ મીડિયા પર ઉમટેલું આ જનસમર્થન એ તમામ તત્વો માટે એક ચેતવણી છે, જેઓ પોલીસની કામગીરીમાં અવરોધ ઊભા કરવા માંગે છે.

’પાક્કો ગુજરાત’ માને છે કે, કાયદો જ્યારે પોતાનું કામ પૂરી નિષ્ઠાથી કરતો હોય, ત્યારે જનતાનો સાથ એ જ સૌથી મોટું કવચ છે.

# પોરબંદર છાંયા નગરપાલિકાના ૧૪ નિષ્ક્રિય બેંક ખાતાઓથી લાખોનું વ્યાજ નુકસાનઃ BSPનો આક્ષેપ

• ગોસા(ઘેડ) તા.૨૮

પોરબંદર છાંયા નગરપાલિકાની હિસાબી શાખામાં નાણાકીય અનિયમિતતાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. બહુજન સમાજ પાર્ટીના મનપા પ્રભારી દિનેશ માંડવિયાએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીને જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન નગરપાલિકાના કુલ ૧૪ બેંક ખાતાઓ નિષ્ક્રિય હાલતમાં રહ્યા હતા, જેમાં કરોડોની રકમ બિનઉપયોગી પડી રહી હતી.RTI હેઠળ મેળવેલી માહિતી મુજબ,આ ખાતાઓમાં કુલ રૂ. ૧,૦૬,૭૨,૨૦૨.૮૧ જેટલી મોટી રકમ પડેલી હોવા છતાં યોગ્ય રીતે રોકાણ ન થતાં નગરપાલિકાને અંદાજે રૂ. ૭,૪૭,૦૫૪.૨૦ જેટલું વાર્ષિક વ્યાજનું નુકસાન થયું હોવાનું જણાવાયું છે.

નોંધાવી

મૂળ દિલ્હીના અને હાલ વડોદરામાં રહેતા યુવકે ફરિયાદ નોંધાવી

# માતાએ બંને દીકરીની સરનેમ બદલી નાખતા પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી

**ગંભીર આક્ષેપ સાથે કહ્યું- મારી પત્નીએ પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી સાથેના અનૈતિક સંબંધોના લીધે દૂધસાગર ડેરીમાં બોનસ કૌભાંડ કર્યું હતું’**

• વડોદરા

માતાએ બંને દીકરીઓની સરનેમ બદલી નાંખતા પિતા કોર્ટમાં જતા વડોદરા કોર્ટના આદેશ બાદ અટલાદરા પોલીસ સ્ટેશનમાં માતા અને વિબ્ગ્યોર સ્કૂલના માલિક રુસ્તમ કેરાવાલા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મૂળ દિલ્હીના અને હાલ વડોદરામાં રહેતા યુવાને પત્નીના ચારિત્ર્ય અંગે ગંભીર આક્ષેપો પણ કર્યા છે. યુવકે પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, મારી પત્નીએ ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીની સાથે અનૈતિક આત્મીય સંબંધના લીધે દૂધસાગર ડેરી મહેસાણામાં મોટુ બોનસ કૌભાંડ કર્યું હતું.મૂળ દિલ્હીના અને હાલ વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા રહેતા અભિષેક અશોકકુમાર મિશ્રા (ઉ.વ.44)એ વડોદરા કોર્ટના હુકમ બાદ અટલાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, મારા લગ્ન વર્ષ 2011માં વડોદરાની અંકિતા ચૌહાણ સાથે થયા હતા. તેનાથી મારે સંતાનમાં બે દીકરીઓ છે. મારી પત્ની સ્વછંદી રીતે જીવન જીવવા માટે મારી મરજી વિરુદ્ધ બંન્ને પુત્રીઓને પોતાની સાથે મહેસાણા



લઈ ગઈ હતી. અભ્યાસ માટે બંન્ને દીકરીઓના મહેસાણાની સ્કુલમાં એડમિશન કરાવ્યું હતું, તે વખતે બંન્ને દીકરીઓના નામ જન્મના દાખલામાં તથા પાસપોર્ટમાં મિશ્રા સરનેમ હતી.

અભિષેક શર્માએ પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, 2019માં જ્યારે તેની પત્ની ગુડગાવની દૂધસાગર ડેરીમાં નોકરી કરતી હતી ત્યારે ત્યાંથી વિપુલ ચૌધરી સાથે રહેવા માટે મહેસાણા આવી ગઈ હતી. બંને દીકરીઓને પણ સાથે લાવી હતી. અભ્યાસ માટે બંન્ને દીકરીઓના મહેસાણાની સ્કુલમાં એડમિશન કરાવ્યું હતું, તે વખતે બંન્ને દીકરીઓના નામ જન્મના દાખલામાં તથા પાસપોર્ટમાં મિશ્રા સરનેમ હતી. મારી પત્નીના વિપુલ ચૌધરી સાથે અનૈતિક આત્મીય સંબંધના લીધે દૂધસાગર ડેરી મહેસાણામાં મોટુ બોનસ કોંભાડ કર્યું હતું. કારણ કે, અંકિતા, દૂધસાગર ડેરીના HR ડીપાર્ટમેન્ટમાં હતી. તે માટે અંકિતાને ગુડગાંવથી મહેસાણા બોલાવામાં આવી હતી, જેથી અંકિતા મહેસાણા આવ્યા બાદ દુધસાગર ડેરીનો બોનસ કૌભાંડનો પ્લાન કરી દીધો હતો, જેમાં ગરીબોના પૈસા વિપુલ ચૌધરી અને અંકિતાએ પોતે રાખી લીધા હતા.

આ કૌભાંડની જાણ વર્ષ 2019માં મે ગુજરાત સરકારને કરી હતી, જેની કાર્યવાહી ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીંગ છે અને વિપુલ ચૌધરીને પોલીસે જેલમાં પૂર્યા હતા.તે સમયે દૂધસાગર ડેરીએ અંકિતા સામે ખાતાકીય તપાસ કરતા અંકિતા મિશ્રાને દૂધસાગર ડેરીમાંથી કાઢી મૂકી હતી. અંકિતા દૂધસાગર ડેરીમાં HR ડીપાર્મેન્ટમાં હતી અને વિપુલ ચૌધરી માટે યુવાન છોકરીઓ માર્કેટિંગ ડીપાર્ટમેન્ટમાં ભરતી કરતી હતી, જોકે, દૂધસાગર માર્કેટિંગ કરી જ ન શકે કારણ કે એનું માર્કેટિંગ ફક્ત અમૂલ કરે છે. જયારે મે આ બધું ગુજરાત પોલીસને બતાવ્યુ ત્યારબાદ અંકિતાને દૂધસાગર ડેરીમાંથી કાઢી મુકવામાં આવી હતી અને અંકિતા બંન્ને પુત્રીઓને મહેસાણાની ડીવાઈન ચાઈડ સ્કુલમાંથી મને ખબર કર્યા વગર LC કઢાવીને વડોદરાના બીલ ચાર રસ્તા પાસે આવેલી વિબગ્યોર સ્કુલમાં એડમિશન કરાવ્યું હતું અને તે સમયે મારી બંને દીકરીઓની સરનેમ મિશ્રાના બદલે ચૌહાણ લખાવી દીધી હતી. કોર્ટના હુકમ વગર કે ગુજરાત ગેઝેટમાં અરજી કર્યા વગર ગેરકાયદેસર ખોટા કાગળો ઉભા કર્યા હતા અને સરનેમ ખોટી લખાવી દીધી હતી.દુધસાગર ડેરીના આઈટી મેનેજર મયુર ઝાલાની સામે મારા બધા કોમ્પ્યુટર અને ફોન હેક કરવાના ગુનામાં ગુડગાવ પોલીસે FIR નોંધીને ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરી હતી.મયુર ઝાલાના જામીન રીજેક્ટ થઈ ગયા છે અને એ દેશ છોડીને ભાગી ગયો છે. અંકિતા પણ નામ અને ઓળખ બદલીને દેશ છોડીને ભાગવાની તૈયારી કરી રહી છે. અંકિતા અને એની મોટી બહેને મળીને આશરે 20થી 25 જેટલા પરિવારને વૈવાહિક વિવાદમાં ફસાવીને અને બંન્ને બહેનોએ ઘણા પરિવારનો નાશ કરીને પૈસા પડાવવાની કવાયત કરી છે. બંન્ને બહેનો સમાજ માટે જબરદસ્ત ઘાતક છે. સ્વછંદી અને ઐયાશ તરીકે રહેવા તેમજ લોકોને ફસાવવા માટે અંકિતા એના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ વિગેરે ઉપર જુદા જુદા નામથી માણસોને મોહક અને ભોળવનારા પોતાના ફોટો રાખે છે. વિપુલ ચૌધરી પહેલા પણ પૈસાદાર માણસોને ફસાવ્યા છે.મે વિબ્ગ્યોર સ્કૂલના માલિક રુસ્તમ કેરાવાલાને ઘણી વખત કોન્ટેક્ટ કર્યો હતો અને એમને તથા એમના સ્કૂલના મેનેજમેન્ટને કહ્યું હતું કે, વિબ્યોર વડોદરા સ્કૂલના પ્રિન્સીપાલ અને કર્મચારીઓએ મારી બંન્ને દીકરીઓના નામ બદલવા માટે ખોટા દસ્તાવેજો ઉભા કરી ભ્રષ્ટાચાર કર્યો છે.

રસ્તા પર અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો

# ભરૂચ પાલિકાની ઘોર બેદરકારીઃ શ્રવણ ચોકડી પર ખોદેલા ખાડામાં હાઈવા ટ્રક ખાબકી, સર્જાયું ‘શીર્ષાસન’

‘શીર્ષાસન’

અકસ્માત સાંજના પીક-અવર્સ દરમિયાન થયો હતો જ્યારે શ્રવણ ચોકડી પર વાહનોની ભારે અવરજવર હોય છે



• ભરૂચ

ભરૂચ નગરપાલિકાના વહીવટદારોની બેદરકારી અને અત્યંત ધીમી કામગીરીનો ભોગ ગતરોજ શહેરનો મુખ્ય ગણાતો શ્રવણ ચોકડી વિસ્તાર બન્યો હતો. છેલ્લા એક મહિનાથી પાઈપલાઈન નાખવા માટે રસ્તાની મધ્યમાં ખોદાયેલા મસમોટા ખાડાઓને કારણે ગતરોજ સાંજે એક હાઈવા ટ્રક તેમાં ખાબકી હતી. ટ્રકનું આગળનું વ્હીલ ખાડામાં ઉતરી જતાં આખી ટ્રક પલટી ખાઈ ગઈ હતી અને તેનું એન્જિન હવામાં ફંગોળાયું હતું. ભયાનક દ્રશ્યો સર્જાતા રાહદારીઓના જીવ અધ્ધર થઈ ગયા હતા અને રસ્તા પર અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.આ અકસ્માત સાંજના પીક-અવર્સ દરમિયાન થયો હતો જ્યારે શ્રવણ ચોકડી પર વાહનોની ભારે અવરજવર હોય છે. હાઈવા ટ્રક ખાડામાં ખાબકતા રસ્તો બ્લોક થઈ ગયો હતો, જેના કારણે હજારો વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિક જામમાં ફસાયા હતા. સ્થાનિક રહીશો અને વેપારીઓનો આક્ષેપ છે કે, એક મહિનાથી આ રસ્તો ખોદીને બિનવારસી હાલતમાં મૂકી દેવામાં આવ્યો છે, પરંતુ કામ પૂરું કરવાની તંત્રને કોઈ ઉતાવળ દેખાતી નથી. આ ધીમી ગતિએ ચાલતી કામગીરી હવે વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહી છે.સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી. જો ટ્રક પલટી ત્યારે તેની બાજુમાંથી કોઈ ટુ-વ્હીલર, રિક્ષા કે રાહદારી પસાર થઈ રહ્યા હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. ટ્રકનું આગળનું ટાયર ખાડામાં ઉતરી જતા આખું એન્જિન હવામાં ફંગોળાયું હતું, જેના દ્રશ્યો જોઈને લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. અગાઉ પણ આ વિસ્તારમાં ડ્રેનેજ પ્રોજેક્ટ અને દબાણ દૂર કરવાની વાતો કરવામાં આવી હતી, પરંતુ વાસ્તવિકતામાં જનતા હેરાન થઈ રહી છે અને તંત્ર ઊંઘમાં હોય તેમ જણાય છે.આ ઘટના બાદ લોકોમાં પાલિકા વિરુદ્ધ ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ સવાલ ઉઠાવ્યો છે કે, ‘શું આ ખાડામાં કોઈ જીવ ગુમાવે ત્યારબાદ જ તંત્ર જાગશે?‘ વાહનચાલકો પાસેથી ટેક્સ ઉઘરાવતી નગરપાલિકા સલામત રસ્તાઓ આપવામાં નિષ્ફળ રહી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. જો આગામી દિવસોમાં યુદ્ધના ધોરણે આ ખાડાઓ પૂરીને કામ પૂર્ણ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ડભોઈ તિલકવાડા રોડ પર તરબૂચની જમાવટ પીળા તરબૂચે પ્રવાસીઓમાં જમાવ્યું આકર્ષણ

ડભોઇ ઉનાળાની શરૂઆત થતા જ બજારમાં ઠંડા અને મીઠા તરબૂચનું આગમન થઈ ગયું છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તિલકવાડા રોડ પર તરબૂચની જમાવટ પીળા તરબૂચે પ્રવાસીઓમાં જમાવ્યું આકર્ષણ ડભોઈ ઉનાળાની શરૂઆત થતા જ બજારમાં ઠંડા અને મીઠા તરબૂચનું આગમન થઈ ગયું છે. ખાસ કરીને ડભોઈ તાલુકાના ચનવાડા અને ધરમપુરી ગામ વચ્ચેના માર્ગ પર હાલ અનોખા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. અહીં એકસાથે ત્રણ અલગ-અલગ વેરાયટીના તરબૂચોનું વેચાણ થઈ રહ્યું છે, જે સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા પ્રવાસીઓ માટે કુતૂહલનો વિષય બન્યા છે ત્રણ રંગી તરબૂચોનું ત્રિવેણી સંગમ ર સ્તાની ધારે ભરાયેલા આ બજારમાં હાલ ત્રણ પ્રકારના તરબૂચ જોવા મળે છેઃ પીળા તરબૂચઃ જે બહારથી લીલા પણ અંદર થી ઘટ્ટ પીળા રંગના હોય છે.

પટાવાળા તરબૂચઃ જે તેના વિશિષ્ટ દેખાવ માટે જાણીતા છેદેશી લીલા તરબૂચઃ જે આપણા વિસ્તારની ઓળખ છે.ભાવમાં ભારે તફાવતઃ આસમાને પહોંચી કિંમતો ઉનાળાના પ્રારંભે જ તરબૂચના ભાવમાં તેજી જોવા મળી રહી છે. વેપારીઓ પાસે



ઉપલબ્ધ વિવિધતા મુજબ ભાવ નીચે મુજબ છેઃ

પીળા તરબૂચઃ 40 પ્રતિ કિલો (સૌથી વધુ માંગ પટાવાળા તરબૂચઃ 30 પ્રતિ કિલો

દેશી લીલા તરબૂચઃ 20 પ્રતિ કિલો

મહારાષ્ટ્ર વિરુદ્ધ ગુજરાતઃ સ્વાદ અને પ સં દગીની જંગ વેપારીઓના જણાવ્યા અ નુસાર, આ આકર્ષક પીળા તરબૂચ ખાસ કરીને મહારાષ્ટ્ર તરફથી આવી રહ્યા છે . જ્યારે આપણા દેશી લીલા તરબૂચ નર્મદા અને ઓરસંગ નદીના પટમાં પુષ્કળ પ્રમાણમાં થાય છે સ્વાદની દ્રષ્ટિએ જોતા, સ્થાનિક લોકોનું માનવું છે કે પીળા તરબૂચ કરતા આપણા દેશી લીલા તરબૂચ વધુ મીઠા અને સ્વાદિ ષ્ટ હોય છે. તેમ છતાં, દેખાવમાં અનોખા હોવાને કારણે લોકો પીળા તરબૂચ ખરીદ વાનું વધુ પસંદ કરી રહ્યા છેપ્રવા સી ઓ માટે આકર્ષણનું કેન્દ્ર સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) તરફ જતા દેશ-વિદેશના પ્રવાસીઓ જ્યારે અહીંથી પસાર થાય છે, ત્યારે પીળા રંગના તરબૂચ જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છેપ્રવાસીઓ ખાસ ઉભા રહીને આ અનોખા ફળની પૂછપરછ કરે છે અને હોંશે હોંશે ખરીદી કરે છે.

# ભેરસમમાં ચાલુ મોપેડમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી, ગણતરીની મિનિટોમાં વાહન બળીને ખાખ

• વાગરા,

વાગરા તાલુકાના ભેરસમ ગામ પાસે ગતરોજ બપોરના સમયે ચાલુ મોપેડમાં એકાએક આગ ફાટી નીકળવાની ઘટના બનતા અફરાતફરી મચી ગઈ હતી. ભેરસમ ગામના મંદિર નજીકથી પસાર થઈ રહેલા એક મોપેડ સવારના વાહનમાં અચાનક ટેકનિકલ ખામી અથવા શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આખું વાહન અગનગોળામાં ફેરવાઈ ગયું હતું અને થોડી જ ક્ષણોમાં મોપેડ બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયું હતું.

ઘટનાની વિગત મુજબ, મોપેડ સવાર જ્યારે મંદિર પાસેના વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક વાહનમાંથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. આગ લાગી હોવાની જાણ થતા જ ચાલકે અત્યંત સમયસૂચકતા વાપરી તુરંત મોપેડ પરથી નીચે ઉતરી ગયો હતો. ગણતરીની સેકન્ડોમાં જ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જો ચાલકે ઉતરવામાં જરા પણ વિલંબ કર્યો હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત.



આસપાસના લોકોએ પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સફળતા મળી ન હતી.

રાજ્યમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે, જેના કારણે મશીનરી અને વાહનોમાં ઘર્ષણ કે શોર્ટ સર્કિટ થવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. હજુ બે દિવસ પહેલા જ વહિયાલ નજીક પસાર થતી પાઈપલાઈનમાં ભીષણ આગ લાગવાની ઘટના તાજી છે, ત્યાં ભેરસમની આ ઘટનાએ લોકોમાં ફફડાટ ફેલાવ્યો છે. ગીચ વિસ્તાર ગણાતા મંદિર પાસે આ અકસ્માત સર્જાતા સ્થાનિક રહીશોમાં ચિંતા જોવા મળી હતી, જોકે સદભાગ્યે કોઈ જાનહાનિ ન થતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

# પુણાના સોનિયાનગરમાં SMC એ મોટો દરોડો પાડી રહેણાંક મકાનમાંથી ૧૯ લાખનો દારૂ ઝડપ્યો




• સુરત,

ગુજરાત રાજ્યના સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે સુરત શહેરના પુણા પોલીસ સ્ટેશનની હદમાં પ્રોહિબિશનનો મોટો દરોડો પાડીને લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પુણા વિસ્તારના સહારાનગર દરવાજા પાસે આવેલી સોનિયાનગર ઝૂંપડપટ્ટીના એક મકાનમાં ચાલતા વિદેશી દારૂના કાળા કારોબારનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન મોટા પાયે મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.બાતમીના આધારે પીએસઆઈ કે.એચ. ઝાંકત અને તેમની ટીમે સોનિયાનગર ઝૂંપડપટ્ટીના મકાન નંબર ૬૫માં આકસ્મિક દરોડો પાડ્યો હતો. આ રહેણાંક મકાનનો ઉપયોગ દારૂના ગોડાઉન તરીકે કરવામાં આવતો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન પોલીસને અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૫૨૦૭ નંગ બોટલો મળી આવી હતી.

“સબ-સ્ટાન્ડર્ડ દૂધને કેમિકલમુક્ત બતાવવું ભ્રમજનક”

# દૂધમાં ભેળસેળ મુદ્દે યુવરાજસિંહના સરકાર પર પ્રહાર 11,684 સેમ્પલના રિપોર્ટને શબ્દોની માયાજાળ ગણાવી

• ગાંધીનગર

ગુજરાતમાં દૂધની ગુણવત્તા અંગે સરકારના તાજેતરના રિપોર્ટને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. આમ આદમી પાર્ટી (AAP)ના યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ સરકાર પર તીખા પ્રહાર કરતા દાવો કર્યો છે કે, દૂધ અંગે રજૂ કરાયેલો રિપોર્ટ “ભરમાવો ભટકાવો” અને “શબ્દોની માયાજાળ” સિવાય કંઈ નથી.સબ સ્ટાન્ડર્ડ દૂધને કેમિકલમુક્ત બતાવવામાં આવી રહ્યું છે- યુવરાજસિંહ યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ રાજ્યમાં અત્યાર સુધી 11,684 દૂધના



સેમ્પલ લેવામાં આવ્યા છે અને કોઈપણ સેમ્પલ હાનિકારક નથી એવું કહેવામાં આવ્યું છે. પરંતુ હકીકતમાં મોટાભાગનું દૂધ “સબ-સ્ટાન્ડર્ડ” એટલે કે પીવાલાયક નહીં હોવા છતાં તેને કેમિકલમુક્ત બતાવવામાં આવી રહ્યું છે, જે જનતાને ભ્રમિત કરવાનો પ્રયાસ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, “એક તરફ દૂધને અખાદ્ય ગણાવવામાં આવે છે અને બીજી તરફ કહેવામાં આવે છે કે તેમાં કોઈ કેમિકલ નથી - આ સ્પષ્ટ વિસંગતિ છે.” તેમણે આ મુદ્દે પ્રાંતિજ અને ગીર સોમનાથમાં થયેલી તાજેતરની રેડનો ઉલ્લેખ કર્યો, જ્યાં દૂધમાં કેમિકલ, યુરિયા અને અન્ય અખાદ્ય પદાર્થો મળ્યા હોવાનું સામે આવ્યું હતું. યુવરાજસિંહે સરકાર પર આરોપ મૂક્યો કે, દૂધમાં ભેળસેળના મુદ્દે સરકાર વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર નથી અને આ રીતે દૂધ માફિયાઓને આડકતરી રીતે પ્રોત્સાહન મળી રહ્યું છે. તેમણે ચેતવણી આપી કે સરકારના આવા નિવેદનોના કારણે લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થઈ શકે છે.આ સાથે તેમણે બોટાદના દારૂ કાંડનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તે સમયે પણ સરકાર દ્વારા “શબ્દોની માયાજાળ” ઉભી કરવામાં આવી હતી અને હવે દૂધના મુદ્દે પણ એ જ રીતની પદ્ધતિ અપનાવવામાં આવી રહી છે.AAP દ્વારા રાજ્ય સરકારને અપીલ કરવામાં આવી છે કે આ પ્રકારની રાજનીતિ બંધ કરી દૂધમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને કડક સજાની જોગવાઈ કરીને એક ઉદાહરણ પૂરું પાડવામાં આવે.

# ટ્રાફિકના નામે 'ટોલટેક્સ'? 17 વર્ષમાં ગુજરાતીઓએ ભર્યો 1400 કરોડનો દંડ, પણ 'માર્ગ સુરક્ષા નિધિ'માં 16% નો ગાબડું!

## કેગનો પર્દાફાશ: દંડની વસૂલાત સામે સરકારી થાપણ ખાતામાં રકમોની ચોંકાવનારી ઘટ

• પાક્કો ગુજરાત




ગુજરાતના રસ્તાઓ પર ટ્રાફિકના નિયમો તોડનારા વાહનચાલકો પાસેથી ટ્રાફિક પોલીસ અને તંત્ર દ્વારા આકરી વસૂલાત કરવામાં આવે છે. પરંતુ, આ વસૂલાતની રકમ અને તેના યોગ્ય વપરાશને લઈને કેગ (CAG - કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ) ના તાજેતરના અહેવાલે મોટા સવાલો ઊભા કર્યા છે. કેગના અહેવાલ મુજબ, છેલ્લા 17 વર્ષમાં ગુજરાતના વાહનચાલકોએ ટ્રાફિક નિયમ ભંગ બદલ 1,400 કરોડથી વધુનો તોતિંગ દંડ ભર્યો છે.

આ એક મોટી રકમ છે, જે સીધા લોકોના ખિસ્સામાંથી સરકાર પાસે ગઈ છે. પરંતુ ચિંતાજનક બાબત એ છે કે, જે હેતુ માટે આ દંડ લેવામાં આવે છે – માર્ગ સુરક્ષા અને અકસ્માત નિવારણ – તેમાં આ રકમનો કેટલો વપરાશ થયો તે અંગે કેગે ગંભીર નોંધ લીધી છે.

17 વર્ષ સુધી સતત દંડની રકમ વસૂલવામાં આવી, તો પણ ગુજરાતમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં કેમ કોઈ મોટો ઘટાડો નથી નોંધાયો? આ સવાલ હવે નાગરિકો પૂછી રહ્યા છે. શું આ દંડનો હેતુ માત્ર સરકારની તિજોરી ભરવાનો છે, કે પછી ખરેખર માર્ગોને સુરક્ષિત કરવાનો? સરકારી આંકડાઓ જ બતાવે છે કે રોજેરોજ કોઈને કોઈ ખૂણે અકસ્માતોમાં જીવ જાય છે.

કેગના રિપોર્ટમાં આ દંડની રકમના હિસાબ-કિતાબમાં મોટું ગાબડું સામે આવ્યું છે. સરકારના ઠરાવ મુજબ, ટ્રાફિક દંડ દ્વારા વસૂલાતી રકમને 'માર્ગ સુરક્ષા નિધિ ફંડ'માં જમા કરવાની હોય છે, જેમાંથી રસ્તાઓની સ્થિતિ સુધારવા અને સુરક્ષાના સાધનો ખરીદવા માટે વપરાશ થવો જોઈએ.

પરંતુ કેગના ઓડિટમાં જોવા મળ્યું કે, વસૂલાયેલા ટ્રાફિક દંડ અને વ્યક્તિગત થાપણ ખાતા (Personal Deposit Account - PD) માં જમા થયેલી રકમ વચ્ચે 16 ટકાનો મોટો તફાવત અથવા ઘટ ધ્યાને આવી છે. આ રકમ ક્યાં ગઈ, કેમ હજુ સુધી હસ્તાંતરિત નથી થઈ, તે એક મોટો નાણાકીય સવાલ ઊભો કરે છે.

આ કેગ રિપોર્ટના આધારે રાજકીય ગરમાવો પણ વધ્યો છે. વિપક્ષી નેતાઓ સરકારી કામગીરી અને પારદર્શિતા સામે સવાલો ઉઠાવી રહ્યા છે. તેમના મતે, 'જો સરકાર પ્રજા પાસે નિયમોના પાલનની આશા રાખે છે, તો પોતે કેમ પોતાના જ ઠરાવનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે? આ 16% રકમ ક્યાં ગઈ તે જવાબ ગુજરાતીઓને જોઈએ છે.'

પાક્કો ગુજરાતનું મંતવ્ય:

ટ્રાફિક દંડનો હેતુ ટ્રાફિક સુચારૂ બનાવવાનો અને નાગરિકોને સુરક્ષિત રાખવાનો હોવો જોઈએ. જ્યારે કેગ જેવા બંધારણીય સંસ્થાના અહેવાલમાં નાણાકીય ઘટ સામે આવે છે, ત્યારે તે સરકારની નીતિ અને અમલીકરણ સામે શંકા પેદા કરે છે. 1400 કરોડ આપ્યા પછી પણ જો ગુજરાતીઓ રસ્તા પર અસુરક્ષિત અનુભવતા હોય અને તેના હિસાબમાં ગાબડાં હોય, તો આ ચોક્કસપણે ચિંતાનો વિષય છે.

**આક્ષેપો**

ગંભીર ઈજા, બ્લડ કે બર્ન ન થયા હોવાનું આવ્યું સામે

# રાજકોટના ડીસીપી જગદીશ બાંગરવા પર થયેલ આક્ષેપો પાયા વિહોણા:મેડિકલ રિપોર્ટમાં ગુદાના ભાગે પેટ્રોલની કોઈ હાજરી ન મળી

## છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બનેલા IPS જગદીશ બાંગરવા સામે થયેલ આક્ષેપ

• રાજકોટ

કોંગ્રસના કાર્યકારી પ્રમુખ અને વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી રાજકોટ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સામે FIR દાખલ કરી નોકરી માંથી ડીસમિસ કરવા માંગ કરી હતી. ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ રાજકોટ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા સુરેશ વડેચા નામના દર્દીની મુલાકાત કરી હતી એ સમયે યુવાને આક્ષેપ કરતા જણાવ્યું હતું કે તેમને ક્રાઈમ બ્રાન્ચ કચેરી ખાતે ડીસીપી દ્વારા ગુદાના ભાગે પેટ્રોલ છાંટી પટ્ટા વડે માર મારી પગ ભાંગી નાખવામાં આવ્યો છે જો કે આ આક્ષેપો પછી તબીબી રિપોર્ટમાં દર્દીના ગુદાના ભાગે પેટ્રોલની કોઈ હાજરી ન મળી હોવાનું તેમજ ગંભીર ઈજા, બ્લડ કે બર્ન ન થયા હોવાનું સામે છે જેથી IPS જગદીશ બાંગરવા સામે થયેલા આક્ષેપ ખોટા હોવાનું સાબિત થયું છે.

છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બનેલા IPS જગદીશ બાંગરવા સામે થયેલ આક્ષેપ બાદ તબીબી રિપોર્ટમાં ઘટસ્ફોટ થવા પામ્યો છે. રાજકોટમાં સુરેશ વડેચા નામનો યુવાન હોસ્પીટલમાં દાખલ છે જેને મળવા 27 ફેબ્રુઆરીના રોજ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી પહોંચ્યા હતા આ સમયે આક્ષેપ કરતા સુરેશ વડેચાએ જણાવ્યું હતું કે, ડી.સી.પી. જગદીશ બાંગરવાએ તેમને માર માર્યો છે અને કપડા કાઢી ટીંગાડી તેમના ગુદાના ભાગે પેટ્રોલ નાખેલ છે.

આ પછી ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી રાજકોટ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સામે FIR દાખલ કરી નોકરી માંથી ડીસમિસ કરવા માંગ કરી હતી.



આ પછી દર્દી સુરેશ વડેચાનું સિવિલ હોસ્પિટલમાં જ મેડીકલ ચેકપ કરતા તબીબી રિપોર્ટમાં દર્દીના ગુદાના ભાગે પેટ્રોલની કોઈ હાજરી ન મળી હોવાનું તેમજ ગંભીર ઈજા, બ્લડ કે બર્ન ન થયા હોવાનું સામે છે.

સુરેશ વડેચા તા.23.03.2026ના રોજ દાખલ થયા ત્યારે ડોક્ટરને પોતાની સાથે બનેલ બનાવ અને ઈજા બાબતે જણાવતા ફરજ પરના ડોકટર એ ડીસ્ટ્રી લખી છે જેમાં સુરેશ વડેચાના કહેવા મુજબ 3-4 લોકો દ્વારા ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બેલ્ટ અને પાઈપ વડે માર મારેલ છે. હાથ અને પગમાં તથા માથામાં દુ:ખાવો, ડાબા કાનમાં દુ:ખાવો અને સાંભળવામાં તકલીફ થાય છે તેવુ જણાવ્યું હતું.

ત્યારબાદ તેમની સારવાર ચાલુ કરવામાં આવી હતી જો કે આ સમયે ડોક્ટરને પોતાના પ્રાઈવેટ ભાગમાં ગુદાના ભાગે પેટ્રોલ નાખેલની હકીકત જણાવી ન હતી. પરંતુ જીજ્ઞેશ મેવાણી હોસ્પિટલમાં મળવા પહોંચ્યા ત્યારે રજુઆત કરી કે પોતાના પ્રાઈવેટ ભાગમાં એટલે કે ગુદાના ભાગે પેટ્રોલ નાખવામાં આવ્યું છે જેથી સિવિલ હોસ્પિટલના તબીબે તા.28.03.2026ના રોજ સુરેશ વડેચાના પ્રાઈવેટ ભાગમાં તેમજ શરીરની મેડીકલ તપાસ કરતા ગુદાના ભાગે કોઈ પેટ્રોલ નખાયેલ નથી તેવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે.

પાલનપુરમાં ક્રિકેટ એસોસિએશનને લઈને વિવાદ વકર્યો છે

# બનાસકાંઠા જિલ્લામાં ક્રિકેટને લઈને વિવાદ દિવસેને દિવસે ઉગ્ર બની રહ્યો છે

**કોંગ્રેસના પ્રવક્તા** પાર્થિવ રાજ સિંહ એ આ મુદ્દે રાજ્ય સરકાર અને ક્રિકેટ તંત્ર પર નિશાન સાધ્યું છે

• બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં ક્રિકેટને લઈને વિવાદ દિવસેને દિવસે ઉગ્ર બની રહ્યો છે.1979થી ચાલતા જૂના ક્રિકેટ એસોસિએશન અને નવા બનાવાયેલાએસોસિએશન વચ્ચેની ટકર હવે રાજકીય રંગ પણ લઈ રહી છે.આ સમગ્ર વિવાદ વચ્ચે સૌથી વધુ મુશ્કેલી ખેલાડીઓને પડી રહી છે.

બનાસકાંઠા જિલ્લા ક્રિકેટ એસોસિએશન વર્ષ 1979થી અસ્તિત્વમાં છે અનેગુજરાત ક્રિકેટ એસોસિએશન સાથે સંલગ્ન રહી અનેક ખેલાડીઓને આગળ ધપાવ્યા છે.પરંતુ તાજેતરમાં નવું ક્રિકેટ એસોસિએશન રચાતા વિવાદ સર્જાયો છે.



જૂનાએસોસિએશનનો આક્ષેપ છે કે ચેરિટી કમિશનરે નિયમો વિરુદ્ધ નવા ટ્રસ્ટને મંજૂરી આપી છેઅને એક જ જિલ્લામાં બે એસોસિએશન હોવું યોગ્ય નથી જૂનુ ક્રિકેટ એસોસિએશન 1979થી માન્ય છે.નવું એસોસિએશન ગેરરીતે બનાવાયું છે.ખેલાડીઓના ભવિષ્ય સાથે રમત થઈ રહી છે

બીજી તરફ નવા એસોસિએશનના પ્રમુખ

શશીકાંત પંડ્યા જૂના તંત્ર પર સગાવાદ અને ભ્રષ્ટાચારના આરોપ મૂકી રહ્યા છે.તેમનો દાવો છે કે નવી સંસ્થા પારદર્શિતા અને નવા ખેલાડીઓને તક આપવા માટે બનાવવામાં આવી છે.જૂના એસોસિએશનમાં સગાવાદ ચાલતો હતો. આ કોઈની જાગીર નથી ખેલાડીઓને ન્યાય આપવા માટે નવી શરૂઆત કરી છે.

આ વચ્ચે હવે રાજકીય પ્રતિક્રિયાઓ પણ સામે આવી રહી છે.

કોંગ્રેસના પ્રવક્તા

પાર્થિવ રાજ સિંહ એ આ મુદ્દે રાજ્ય સરકાર અને ક્રિકેટ તંત્ર પર નિશાન સાધ્યું છે. ગુજરાતની હાલત એવી છે કે બનાસકાંઠામાં બે બે ક્રિકેટ એસોસિએશન ચાલી રહ્યા છે.ખેલાડીઓ અટવાઈ ગયા છે.જૂના એસોસિએશનને રદબાતલ કરીને નવું બનાવવામાં આવ્યું છે જેમાં ઓળખીતાઓને સ્થાન આપવામાં આવ્યું છે.ગુજરાત ક્રિકેટ એસોસિએશન એ તાત્કાલિક નિર્ણય લઈ આ નવાએસોસિએશનને રદ કરવું જોઈએ.

હાલ પરિસ્થિતિ એવી છે કે ડીસા અને પાલનપુર બંને જગ્યાએ અલગ અલગ સિલેક્શન પ્રક્રિયા ચાલી રહી છે જેના કારણે ખેલાડીઓ મૂંઝવણમાં મુકાયા છે કે તેઓ કઈ સંસ્થા સાથે જોડાય.આ સમગ્ર વિવાદ હવે કાનૂની અને પ્રશાસનિક સ્તરે પહોંચી ગયો છે.સાચું અને ખોટું શું છે તે હવે ન્યાય પ્રણાલી નક્કી કરશે.પરંતુ આ રાજકીય અને સંસ્થાગત ટકરાવ વચ્ચે ખેલાડીઓનું ભવિષ્ય અત્યારે અનિશ્ચિતતામાં ફસાયું છે.

# વડગામમાં અમિત ચાવડાની હાજરીમાં BJPના આગેવાન G.R. ચૌધરી સહિત ચૌધરી સમાજના લોકો કોંગ્રેસમાં જોડાયા

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા કોંગ્રેસ હવે એક્શન મોડમાં જોવા મળી રહી છે

• બનાસકાંઠા

બનાસકાંઠાના વડગામમાં કોંગ્રેસ દ્વારા યોજાયેલા જન સંમેલનમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા એ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા. સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા કોંગ્રેસ હવે એક્શન મોડમાં જોવા મળી રહી છે. વડગામ ખાતે યોજાયેલા કોંગ્રેસના જન સંમેલનમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો જોડાયા હતા. આ પ્રસંગે અમિત ચાવડાએ ભાજપ સરકારને નિશાન બનાવી બેરોજગારી, મોંઘવારી અને ગેસના વધતા ભાવ મુદ્દે સરકારને ઘેરી હતી અને નિવેદન કર્યું હતું કે કોંગ્રેસ બાપ હતી, છે અને રહેશે ભાજપ સરકારથી લોકો ત્રસ્ત થઈ ગયા છે. હવે ગુજરાતની જનતા પરિવર્તન લાવશે.




અમિત ચાવડાએ સ્પષ્ટ કર્યું કે આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી કોંગ્રેસ પોતાના બળ પર જ લડશે અને આમ આદમી પાર્ટી સાથે કોઈ ગઠબંધન નહીં કરવામાં આવે. તેમણે કહ્યું કે કોંગ્રેસ કાર્યકરોના બળથી જન જન સુધી પહોંચશે.આ કાર્યક્રમ દરમિયાન ચૌધરી સમાજના આગેવાનો પણ કોંગ્રેસમાં જોડાયા હતા. જી.આર. ચૌધરી સહિત અંદાજે 30 જેટલા લોકો કોંગ્રેસમાં જોડાયા જેને લઈને સ્થાનિક રાજકારણમાં ગરમાયું છેઅમિત ચાવડાએ કોંગ્રેસ પર લાગતા આરોપોને પણ નકારી કાઢ્યા અને જણાવ્યું કે કોંગ્રેસે ક્યારેય જાતિ અને ધર્મના નામે લોકોને વહેંચ્યા નથી.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા વડગામમાં યોજાયેલ આ કાર્યક્રમથી કોંગ્રેસે ગુજરાતમાં પરિવર્તનનો શંખનાદ કર્યો હોવાનો દાવો કર્યો છે. હવે આવનારા સમયમાં રાજકીય ગરમાવો વધુ તેજ બનવાની શક્યતા છે.વડગામમાં કોંગ્રેસનું જન સંમેલન..પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં કાર્યક્રમ.. BJPના આગેવાન G.R. ચૌધરી સહિત ચૌધરી સમાજના લોકો કોંગ્રેસમાં જોડાયા.

વડગામ તાલુકામાં ચૌધરી સમાજ કેમ થયો ભાજપથી નારઝ, વડગામમાં જીગ્નેશ મેવાણીએ ભાજપમાં ગાબડુ પાડ્યું, ચૂંટણીમાં નવા જૂનીના એંધાણ

# માનવતાનું ઉત્તમ ઉદાહરણ: આગમાં સર્વસ્વ ગુમાવનાર વિધવા મહિલાની વહારે આવ્યું સુબીર વન વિભાગ

• સુબીર, ડાંગ

ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના સુબીર ગામે નિ શાળ ફળીયામાં રહેતા એક નિરાધાર વિધવા મહિલાના જીવનમાં વન વિભાગે આશાનું કિરણ જલાવ્યું છે. ગત તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અચાનક ફાટી નીકળેલી આગ માં જમનીબેન માલુભાઈ ચૌધરીનું સંપૂર્ણ ઘર બળીને ખાખ થઈ ગયું હતું. આ ભીષણ આગમાં જ મનીબેનનું કાચું મકાન, અનાજ, ઘરવખરી તેમજ તમામ સરસામાન બળી જવાથી તેઓ નિરાધાર બની ગયા હતા. આ કુદરતી આફત સામે એકલા હાથે ઝઝૂમી રહેલા વિધવા મહિલાની સ્થિતિ અત્યંત દયનીય બની હતી. વન વિભાગની સંવેદનશીલ કામગીરી આ કપરા સમયમાં ઉત્તર ડાંગ વન વિભાગ માનવતાની વહારે આવ્યું છે. ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક (DCF) ના સીધા માર્ગદર્શન હેઠળ, સુબીર રેન્જના RFO પી.કે. ગામીત અને તેમના વન વિભાગના સ્ટાફે ત્વરિત નિર્ણય લીધો હતો. આજ રોજ તા.૨૯/૦૩/૨૦૨૬ ના રોજ વન



વિભાગની ટીમ દ્વારા પીડિત જમનીબેનની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. સ્ટાફ દ્વારા પોતાની સેવાકીય ભાવના દાખવીને: નવેસરથી જીવન શરૂ કરવા માટે જરૂરી ઘરવખરી. રસોઈ માટેનો જરૂરી સામાન. તાત્કાલિક ધોરણે અન્ય આર્થિક મદદ. આવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ અર્પણ કરી વન વિભાગે ખરા અર્થમાં 'માનવતા મહેકાવી' છે. સરકારી તંત્ર જ્યારે માત્ર કાગળ પર નહીં પણ જમીન સ્તર પર જઈને સામાન્ય નાગરિકના આંસુ લૂછવાનું કામ કરે છે, ત્યારે લોકોનો તંત્ર પરનો ભરોસો વધે છે. સુબીર વન વિભાગના આ ઉમદા કાર્યની સમગ્ર જિલ્લામાં પ્રશંસા થઈ રહી છે.

## મોટી કુકાવાવ ના સૂર્યમુખી હનુમાનજી મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત કથા નું સુંદર આયોજન



મોટી કુંકાવાવ તા,૨૯ કુંકાવાવ ના બગસરા રોડ પર આવેલ સૂર્યમુખી હનુમાનજી મંદિર ની જગ્યા ખાતે શ્રીમદ્ ભાગવત કથા નું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જેમાં આજે ચોથા દિવસે વામન અવતાર,પ્રભુ નામનો મહિમા,નામ નો પ્રભાવ ,ગજેન્દ્ર મોક્ષ સાથે રામજન્મ ની સુંદર કથા પ્રસંગો ને ખીલોરી વાળા હાલ દેરડી કુંભાજી ના શાસ્ત્રી શ્રી રાકેશભાઈ મહેતા દ્વારા સંગીતમય શૈલીમાં વર્ણવવામાં આવી રહેલ છે..આજ ચોથા દિવસની ની કથા માં મહાપ્રસાદ ના દાતાશ્રીઓ દ્વારા મહા પ્રસાદ બાદ સાધુ સંતો ને ભેટ પુજા અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા હતા. ગામ માંથી કથા શ્રવણ કરવા આવતાં ભાવિકો માટે સુર્યમુખી હનુમાનજી મંદિર ના મહંત શ્રી ભરતનાથજી દ્વારા પણ ખુબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી રહેલ છે...

અહેવાલ પ્રકાશ વઘાસિયા કુંકાવાવ...

પોલીસની કથિત મિલીભગત અને કાયદાની નિષ્ફળતા

# અમદાવાદમાં મસાજ સ્પાની આડમાં પાંગરતો દેહવ્યાપારનો કાળો કારોબાર, યુવા પેઢી જોખમમાં

• અમદાવાદ

શહેરમાં આજકાલ સ્પા અને મસાજ સેન્ટરોની જાણે પૂર આવી ગઈ છે. બહારથી વૈભવી અને રિલેક્સિંગ લાગતા આ કેન્દ્રો હવે શહેર માટે એક ગંભીર સામાજિક સમસ્યા બની ગયા છે. 'મહાનગર મેટ્રો'ની ઊંડી તપાસમાં એવો ખુલાસો થયો છે કે, અનેક સ્પા સેન્ટરોની આડમાં આયોજિત રીતે દેહવ્યાપારનો ધંધો ફૂલીફાલી રહ્યો છે.

પોલીસની કથિત મિલીભગત અને કાયદાની નિષ્ફળતા સૂત્રો અને સ્થાનિક જાણકારી મુજબ, શહેરના પોશ વિસ્તારોમાં ચાલતા આ ગેરકાયદે અડ્ડાઓને કેટલાક ભ્રષ્ટ પોલીસ અધિકારીઓનું સીધું સંરક્ષણ પ્રાપ્ત છે. આ છત્રછાયાને કારણે જ વારંવાર ફરિયાદો મળવા છતાં તેમની સામે કોઈ નક્કર કાર્યવાહી થતી નથી. એવું જણાય છે કે 'સાઠગાંઠ'નું આ નેટવર્ક એટલું મજબૂત છે કે આ સંચાલકોમાં હવે કાયદાનો કોઈ ડર રહ્યો નથી.

અન્ય રાજ્યો અને વિદેશોથી માનવ તસ્કરી અમારા અહેવાલ મુજબ, આ સ્પા સેન્ટરોમાં બંગાળ, બોમ્બે, બિહાર અને થાઈલેન્ડ સહિત અનેક વિદેશી મૂળની મહિલાઓને કામ પર રાખવામાં આવી રહી છે. ગેંગના સૂત્રધારો આ મહિલાઓને સારા રોજગારની લાલચ આપીને બોલાવે છે અને ત્યારબાદ તેમને પોતાની મજબૂરીના જાળમાં ફસાવી અનૈતિક પ્રવૃત્તિઓમાં ધકેલી દે છે. આ માત્ર માનવ તસ્કરીના ગંભીર કિસ્સાઓ તરફ જ ઈશારો નથી કરતું, પરંતુ શહેરની સુરક્ષા વ્યવસ્થા પર પણ મોટા સવાલો ઊભા કરે છે.

યુવા પેઢી પર ઘેરાતું જોખમ આ કાળા કારોબારનું સૌથી દુ:ખદ પાસું એ છે કે તેનાથી આપણો યુવા વર્ગ પ્રભાવિત થઈ રહ્યો છે. સરળ ઉપલબ્ધતા અને જાહેરાતોની ચકાચૌંધને કારણે યુવા પેઢી અનૈતિકતા અને ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ ઝડપથી વળી રહી છે. આ માત્ર નૈતિક મૂલ્યોનું પતન નથી, પરંતુ ભવિષ્યના સમાજ માટે એક મોટો પડકાર છે.

શું તંત્ર જાગશે? 'મહાનગર મેટ્રો' શાસન અને પ્રશાસનને એ સવાલ પૂછવા માંગે છે કે, આખરે આ સ્પા સેન્ટરો આટલા બેખોફ કેમ છે? શું જનહિત અને ભવિષ્યની સુરક્ષા માટે આ ગેરકાયદે અડ્ડાઓને જડમૂળથી ખતમ કરવા માટે કોઈ નક્કર પગલાં નહીં લેવામાં આવે?

અમે માંગ કરીએ છીએ કે આવા તમામ સ્થળો પર તાત્કાલિક દરોડા પાડવામાં આવે અને ભ્રષ્ટ અધિકારીઓની ઓળખ કરી તેમની સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે. જ્યાં સુધી તંત્ર પ્રામાણિકતાથી કામ નહીં કરે, ત્યાં સુધી અમદાવાદનું આ કાળું સત્ય શહેરને અંદરથી પોલું કરતું રહેશે.

પવન માકન

સ્થાપક અને ગ્રુપ એડિટર, ધાની મીડિયા

ખનીજ ચોરીનો કાળો કારોબાર

# ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા સહિત ૭ શખ્સો સામે 1.59 કરોડની ફરિયાદથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ!




• રાજકોટ/અમદાવાદ

રાજ્યમાં ગેરકાયદેસર ખનીજ ચોરીના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ જ્યારે તેમાં સત્તાપક્ષના નેતાનું નામ જોડાય ત્યારે તે મુદ્દો સ્વાભાવિક રીતે જ ચર્ચાનું કેન્દ્ર બની જાય છે. તાજેતરમાં ખનીજ ચોરીના એક મોટા મામલામાં ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા સહિત કુલ 9 લોકો સામે ગુનો નોંધાતા સમગ્ર પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે.

શું છે સમગ્ર મામલો?

પ્રાપ્ત વિગતો અનુસાર, લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદેસર ખનીજ ઉત્ખનનની પ્રવૃત્તિઓ અંગે મળેલી ફરિયાદોના આધારે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, સરકારી નિયમોને નેવે મૂકીને લાખો ટન ખનીજની ચોરી કરવામાં આવી હતી. આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી સરકારી તિજોરીને અંદાજે 1.59 કરોડનું જંગી નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

સહદેવસિંહ જાડેજા અને તેમની ટીમે રચ્યું હતું નેટવર્ક?

આ કેસમાં ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા મુખ્ય આરોપી તરીકે સામે આવ્યા છે. ફરિયાદ મુજબ, સહદેવસિંહ જાડેજા અને તેમના અન્ય 8 સાગરીતોએ મળીને એક વ્યવસ્થિત સિન્ડિકેટ બનાવ્યું હતું. આ ટોળકી દ્વારા ખનીજ ચોરી કરવા માટે જે પ્રકારની પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી, તે જોઈને તંત્ર પણ સ્તબ્ધ છે.

તંત્રની કાર્યવાહી અને રાજકીય ગરમાવો

ફરિયાદ નોંધાતાની સાથે જ વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કેસમાં 9 લોકો સામે IPCની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એક તરફ પોલીસ આ મામલે આગળની તપાસ ચલાવી રહી છે, તો બીજી તરફ આ ઘટના બાદ રાજકીય ગલિયારાઓમાં પણ ગરમાવો આવી ગયો છે. વિપક્ષો હવે આ મુદ્દાને લઈને સરકારની કામગીરી અને નેતાઓની છબી પર પ્રહાર કરી રહ્યા છે.

'પાક્કો ગુજરાત'નું મંતવ્યઃ કાયદો સૌ માટે સમાન

ખનીજ સંપત્તિ એ દેશની અમૂલ્ય ધરોહર છે. જ્યારે કોઈ નેતા કે વગદાર વ્યક્તિ આવા કૃત્યોમાં સામેલ હોય, ત્યારે તે સામાન્ય નાગરિકોના વિશ્વાસ પર કુઠારાઘાત સમાન છે. 1.59 કરોડની ખનીજ ચોરી એ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ કુદરતી સંસાધનોનું આડેધડ ધોવાણ છે. 'પાક્કો ગુજરાત' માંગ કરે છે કે, આ મામલે કોઈ પણ પ્રકારના રાજકીય દબાણ વગર તપાસ થવી જોઈએ અને દોષિતોને જેલના સળિયા પાછળ મોકલવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ નેતા કાયદાથી ઉપર હોવાનો અહંકાર ન કરે.

શું હવે આ મામલે ધરપકડ થશે?

હવે લોકોની નજર પોલીસની તપાસ પર છે કે શું ખરેખર કાયદાનો કોરડો આરોપીઓ પર પડશે કે પછી આ કેસ પણ અન્ય કૌભાંડોની જેમ ઠંડા બસ્તામાં દબાઈ જશે. 'પાક્કો ગુજરાત' આ મામલા પર સતત નજર રાખી રહ્યું છે અને દરેક અપડેટ આપતા રહેશે.

- બ્યુરો રિપોર્ટ, પાક્કો ગુજરાત
પવન માકન
સ્થાપક અને ગ્રુપ એડિટર, ધાની મીડિયા

**બેઠક** લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજ્યા વિના ફોરવર્ડ કરનારાઓ વિરૂધ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે

# શ્રમિકોને પાંચ કિલોગ્રામના ગેસ સિલિન્ડર પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છેઃ નાયબ મુખ્યમંત્રી

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને દક્ષિણ ગુજરાતની વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ

• સુરત

રવિવારઃ-માહિતી બ્યુરોઃ- મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુધ્ધસંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરતના ICC સેન્ટર ખાતે સુરત તેમજ અંકલેશ્વર, વાપી, ભરૂચ સહિતની દક્ષિણ ગુજરાતના વિવિધ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે કામદારો, ગેસ સપ્લાયને લગતા પ્રશ્નો બાબતે ઉચ્ચતરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉદ્યોગ મંડળો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ગેસ સપ્લાય અને કારીગરોની વ્યવસ્થાઓ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા માટે દરેક જિલ્લામાં અલગ ટુકડીઓ બનાવવામાં આવી છે. જો કોઈ ગેસ બોટલ, પેટ્રોલ-ડીઝલ કે જીવન જરૂરિયાતની વસ્તુઓના કાળાબજાર કરશે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૧૮ જેટલા કોમ્યુનિટી કિચન (ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીન) કાર્યરત કરવામાં આવ્યા છે. ગુજરાત દેશનું રોલ મોડલ છે અને તમામ વેપારીઓ તથા ઈન્ડસ્ટ્રીઝ સરકાર સાથે મળીને પરિસ્થિતિને થાળે પાડવા માટે કામ કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.



આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજયમાં હાલમાં ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ પુરવઠાની સપ્લાય કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, જે સ્થળોએ પી.એન.જી. કનેકશનો હોય અને લોકો એલ.પી.જીનો ઉપયોગ કરતા હોય તેઓને ઝડપથી પી.એન.જી. કનેકશનો આપવા માટે ગુજરાત ગેસ કંપનીની અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત ગેસ કંપનીની મેઈન લાઈનોની નજીકના સ્થળોને સત્વરે કનેકશનો પુરા પાડવા જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહે ભારત સરકારની ગાઈડલાઈન મુજબ હાલમાં એલ.પી.જી. ગેસ જથ્થાની ઘરેલુ, શૈક્ષણિક, હોસ્પિટલ, ઈન્ડસ્ટ્રિઝોને કરવામાં આવતી સપ્લાયની વિગતો રજુ કરી હતી. બેઠકમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓએ પોતાની રજુઆતો કરી હતી.

બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, એમ.એસ.એમ.ઈ.ના કમિશનરશ્રી કે.સી.સંપથ, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી તથા વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ મીડિયા પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરતા નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, અફવાઓને કારણે કારીગરોમાં ડર પેદા ન થાય તે માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ મંડળો દ્વારા ઈન્ડસ્ટ્રિયલ કિચન અને ભંડારાઓ દ્વારા શ્રમિકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે જે સરાહનીય છે. પાંડેસરા, વાપી, અંકલેશ્વર અને દહેજ જેવા વિસ્તારોની ઈન્ડસ્ટ્રીઝદ દ્વારા કારીગરો માટે રહેવા-જમવાની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા કારીગરો માટે પાંચ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક વાતો કે અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને કોઈપણ માહિતી સરકારી વિભાગ જોડે ટેલી કરવા જણાવ્યું હતું. લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજયા વિના ફોરવર્ડ કરનાર વિરૂધ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે તેમ નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા માટે દરેક જિલ્લામાં અલગ ટુકડીઓ બનાવવામાં આવી છે. જો કોઈ ગેસ બોટલ, પેટ્રોલ-ડીઝલ કે જીવન જરૂરિયાતની વસ્તુઓના કાળાબજાર કરશે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૧૮ જેટલા કોમ્યુનિટી કિચન (ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીન) કાર્યરત કરવામાં આવ્યા છે. ગુજરાત દેશનું રોલ મોડલ છે અને તમામ વેપારીઓ તથા ઈન્ડસ્ટ્રીઝ સરકાર સાથે મળીને પરિસ્થિતિને થાળે પાડવા માટે કામ કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા સહિત 9 શખ્સો સામે 1.59 કરોડની ફરિયાદ

## 9 શખ્સો સામે 1.59 કરોડની ફરિયાદથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ!

• રાજકોટ/અમદાવાદ

રાજ્યમાં ગેરકાયદેસર ખનીજ ચોરીના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ જ્યારે તેમાં સત્તાપક્ષના નેતાનું નામ જોડાય ત્યારે તે મુદ્દો સ્વાભાવિક રીતે જ ચર્ચાનું કેન્દ્ર બની જાય છે. તાજેતરમાં ખનીજ ચોરીના એક મોટા મામલામાં ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા સહિત કુલ 9 લોકો સામે ગુનો નોંધાતા સમગ્ર પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદેસર ખનીજ ઉત્ખનનની પ્રવૃત્તિઓ અંગે મળેલી ફરિયાદોના આધારે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, સરકારી નિયમોને નેવે મૂકીને લાખો ટન ખનીજની ચોરી કરવામાં આવી હતી. આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી સરકારી તિજોરીને અંદાજે 1.59 કરોડનું જંગી નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

આ કેસમાં ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા મુખ્ય આરોપી તરીકે સામે આવ્યા છે. ફરિયાદ મુજબ, સહદેવસિંહ જાડેજા અને તેમના અન્ય 8 સાગરીતોએ મળીને એક વ્યવસ્થિત સિન્ડિકેટ બનાવ્યું હતું. આ ટોળકી દ્વારા ખનીજ ચોરી કરવા માટે જે પ્રકારની પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી, તે જોઈને તંત્ર પણ સ્તબ્ધ છે.

ફરિયાદ નોંધાતાની સાથે જ વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કેસમાં 9 લોકો સામે IPCની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એક તરફ પોલીસ આ મામલે આગળની તપાસ ચલાવી રહી છે, તો બીજી તરફ આ ઘટના બાદ રાજકીય ગલિયારાઓમાં પણ ગરમાવો આવી ગયો છે. વિપક્ષો હવે આ મુદ્દાને લઈને સરકારની કામગીરી અને નેતાઓની છબી પર પ્રહાર કરી રહ્યા છે.

ખનીજ સંપત્તિ એ દેશની અમૂલ્ય ધરોહર છે. જ્યારે કોઈ નેતા કે વગદાર વ્યક્તિ આવા કૃત્યોમાં સામેલ હોય, ત્યારે તે સામાન્ય નાગરિકોના વિશ્વાસ પર કુઠારાઘાત સમાન છે. 1.59 કરોડની ખનીજ ચોરી એ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ કુદરતી સંસાધનોનું આડેધડ ધોવાણ છે. 'પાક્કો ગુજરાત' માંગ કરે છે કે, આ મામલે કોઈ પણ પ્રકારના રાજકીય દબાણ વગર તપાસ થવી જોઈએ અને દોષિતોને જેલના સળિયા પાછળ મોકલવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ નેતા કાયદાથી ઉપર હોવાનો અહંકાર ન કરે.

શું હવે આ મામલે ધરપકડ થશે?

હવે લોકોની નજર પોલીસની તપાસ પર છે કે શું ખરેખર કાયદાનો કોરડો આરોપીઓ પર પડશે કે પછી આ કેસ પણ અન્ય કૌભાંડોની જેમ ઠંડા બસ્તામાં દબાઈ જશે. 'પાક્કો ગુજરાત' આ મામલા પર સતત નજર રાખી રહ્યું છે અને દરેક અપડેટ આપતા રહેશે.

# પાખંડના ઓઠા હેઠળ કામલીલાનો ખેલ

## અશોક ખરાતના મોબાઈલમાંથી મળ્યા 35 બિભત્સ વીડિયો, અનેક હાઈ-પ્રોફાઇલ મહિલાઓ ભોગ બન્યાની આશંકા

અમદાવાદ/રાજકોટ

ધર્મના નામે ધતિંગ અને આસ્થાના નામે અંધશ્રદ્ધા ફેલાવતા કહેવાતા 'બાપુ' અશોક ખરાતનો અસલી ચહેરો હવે સમાજની સામે આવ્યો છે. પોલીસ તપાસમાં જે ખુલાસા થયા છે તે અત્યંત આઘાતજનક અને વિચલિત કરનારા છે. મેલી વિદ્યા અને તાંત્રિક વિધિના બહાને મહિલાઓનું જાતીય શોષણ કરનાર આ પાખંડીના કાળા કરતૂતોએ સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવી છે.

પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી ટેકનિકલ તપાસમાં અશોક ખરાતના ફોન અને અન્ય ઉપકરણોમાંથી કુલ 35 જેટલા વાંધાજનક વીડિયો મળી આવ્યા છે. આ વીડિયો પુરાવો આપે છે કે કેવી રીતે આ પાખંડીએ 8 જેટલી મહિલાઓને પોતાની જાળમાં ફસાવી હતી. મેલી વિદ્યા અને વિધિ કરવાના બહાને આ મહિલાઓ પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને ત્યારબાદ આ કૃત્યના વીડિયો ઉતારી તેમને બ્લેકમેલ કરવામાં આવતી હોવાનું પણ સામે આવ્યું છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ પાખંડીના ભક્તોની યાદીમાં માત્ર સામાન્ય લોકો જ નહીં, પરંતુ સમાજનો પ્રતિષ્ઠિત ગણાતો વર્ગ પણ સામેલ હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ખરાતના દરબારમાં હાજરી આપનારાઓમાં:

* ક્લાસ વન ઓફિસરો (સરકારી ઉચ્ચ અધિકારીઓ)
* રાજનેતાઓ
* નામી બિઝનેસમેન
* જાણીતા ડોક્ટરો

આ હાઈ-પ્રોફાઈલ લોકોની સંડોવણી અથવા તેમની હાજરીએ આ પાખંડીને સમાજમાં એક મોટું 'કવચ' પૂરું પાડ્યું હતું, જેના કારણે તે લાંબા સમય સુધી આ કાળો કારોબાર ચલાવી શક્યો.

મેલી વિદ્યાના નામે માનસિક શોષણ

અશોક ખરાત પીડિત મહિલાઓને માનસિક રીતે એવી રીતે ડરાવતો હતો કે જો તેઓ તેની વાત નહીં માને તો તેમના પરિવાર પર કોઈ આફત આવશે અથવા મેલી વિદ્યાથી તેમને નુકસાન થશે. આ ડરનો લાભ ઉઠાવીને તે શારીરિક શોષણ કરતો હતો. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ સિવાય પણ અન્ય કોઈ મહિલાઓ તેનો શિકાર બની છે?

મહાનગર મેટ્રો પ્રશ્ન ઉઠાવે છે કે, શું આ હાઈ-પ્રોફાઈલ ભક્તો ખરાતના આ કૃત્યોથી અજાણ હતા? કે પછી સત્તા અને પૈસાના જોરે આ પાખંડીને છાવરવામાં આવતો હતો? પોલીસ અત્યારે દરેક વીડિયોની બારીકાઈથી તપાસ કરી રહી છે અને ભોગ બનનાર મહિલાઓના નિવેદન લેવાની પ્રક્રિયા હાથ ધરી છે.

આ કેસ માત્ર એક ગુનો નથી, પરંતુ અંધશ્રદ્ધામાં આંધળા બનેલા સમાજ માટે એક લાલબત્તી સમાન કિસ્સો છે.

-બ્યુરો રિપોર્ટ, પાક્કો ગુજરાત
પવન માકન

## રાશીફળ (તા.30-03-2026)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ આનંદદાયક તથા સફળતા આપનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની વાતચીત ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય હાંસલ કરવામાં ભાઈઓનો પણ પૂરતો સહકાર મળશે.

**વૃષભ (બ.વ.ઉ)** વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં ફેરફાર કરવાનું જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમની નજરિયેથી જોવું વધુ યોગ્ય રહેશે.

**મિથુન (ક.છ.ઘ)** મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવન સંબંધિત કેટલીક બદલાવ આવી શકે છે.

**કર્ક (ડ.હ)** કર્ક રાશિના જાતકોને આજે વ્યવસાયમાં લાભ મેળવવાની તક મળશે. પૈસાથી સંબંધિત બાબતોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારોએ પોતાની સ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે.

**સિંહ (મ.ટ)** સિંહ રાશિના લોકોને આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે મતભેદ થઈ શકે છે. અગાઉની કેટલીક ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં કેટલાક ફેરફાર લાવશો.

**કન્યા (પ.ઠ.ણ)** કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ સારા કાર્ય લઈને આવશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. પરિવારના સભ્યોમાં પ્રેમ અને તાળમેલ રહેશે.

**તુલા (ર.ત)** તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમારા અટકેલા પૈસા પાછા મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત ખુશખબર મળી શકે છે.

**વૃશ્ચિક (ન.ય.)** વૃશ્ચિક રાશિના લોકો માટે આજનો દિવસ પરેશાનીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત માટે વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કઠોર વાતને ગલત સમજી શકે છે, તેથી વાતચીત શાંત રાખો.

**મકર (ખ.જ)** આજનો દિવસ તમારા માટે સારો રહેશે. જીવનસાથી સાથે બહાર ફરવા જઈ શકો છો અને બંને સાથે સમય આનંદમાં પસાર થશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજના દિવસે તમે કોઈ પણ પ્રકારની મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.

**મીન (દ.ચ.ઝ.થ)** મીન રાશિના લોકો માટે આજનો દિવસ આનંદદાયક રહેશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં પાર્ટનર સાથે સમજણ અને નજીકીઓ વધી શકે છે.

# મફત વીજળીનું પંજાબ મોડેલ vs ગુજરાતનું સોલાર મોડેલ - શું છે સત્ય?

## ગુજરાત સરકારનો અભિગમ 'રેવડી' (Freebies) આપવાને બદલે 'રોકાણ' કરવાનો છે

નમસ્કાર વાચક મિત્રો, હું છું પવન માકન. આજે આપણે એક એવા પ્રશ્નની ચર્ચા કરીશું જે ગુજરાતના દરેક નાગરિકના મનમાં છેઃ 'જો પંજાબમાં આમ આદમી પાર્ટી ૩૦૦ યુનિટ મફત વીજળી આપી શકતી હોય, તો વિકાસનું એન્જિન ગણાતું ગુજરાત કેમ નહીં?' શું આ માત્ર રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ છે કે પછી તેની પાછળ કોઈ ગહન આર્થિક ગણિત છે? ચાલો સમજીએ વિગતવાર.

૧. પંજાબનું 'ફ્રી વીજળી' મોડેલઃ લોકપ્રિયતા કે આર્થિક બોજ?

પંજાબમાં સરકાર દર મહિને ૩૦૦ યુનિટ (બિલિંગ સાયકલમાં ૬૦૦ યુનિટ) મફત વીજળી આપે છે.

* કેવી રીતે શક્ય બને છે? પંજાબ સરકાર વીજ કંપનીઓને હજારો કરોડ રૂપિયાની 'સબસિડી' સીધી પોતાની તિજોરીમાંથી ચૂકવે છે.

* ફાયદોઃ સામાન્ય જનતાને તાત્કાલિક રાહત મળે છે અને ખિસ્સામાં પૈસા બચે છે.

* પડકારઃ આ સબસિડીને કારણે પંજાબ પર દેવાનો બોજ વધી રહ્યો છે. નિષ્ણાતો માને છે કે જો સરકાર બધો જ ખર્ચ સબસિડીમાં કાઢશે, તો નવા રસ્તા, હોસ્પિટલ કે સ્કૂલો બનાવવા માટે પૈસા ક્યાંથી આવશે?

૨. ગુજરાતનું 'સૂર્ય શક્તિ' મોડેલઃ મફત નહીં, પણ આત્મનિર્ભર!

ગુજરાત સરકારનો અભિગમ 'રેવડી' (Freebies) આપવાને બદલે 'રોકાણ' કરવાનો છે.

* પીએમ સૂર્ય ઘર યોજનાઃ ગુજરાતમાં સરકાર છત પર સોલાર પેનલ લગાવવા માટે ૪૦% થી ૭૮% સુધીની સબસિડી આપે છે.

* તર્કઃ સરકાર કહે છે કે અમે તમને એકવાર મદદ કરીશું, પછી તમે ૨૫ વર્ષ સુધી મફત વીજળી જાતે જ પેદા કરો.

* આંકડાઃ આજે દેશમાં સૌથી વધુ રૂફટોપ સોલાર ગુજરાતમાં છે. અહીં નાગરિકો વીજળી વાપરે પણ છે અને વધારાની વીજળી સરકારને વેચીને કમાણી પણ કરે છે.

૩. ગુજરાત સરકાર કેમ 'ના' પાડે છે?

ગુજરાત સરકારના તર્ક મુજબઃ

1. નાણાકીય શિસ્તઃ ગુજરાત તેની 'સરપ્લસ' (નફાકારક) બજેટની છબી જાળવી રાખવા માંગે છે. મફત વીજળી આપવાથી રાજ્યની આર્થિક રેટિંગ ઘટી શકે છે.

2. ઔદ્યોગિક રાજ્યઃ ગુજરાત એક મોટું ઔદ્યોગિક રાજ્ય છે. જો ઘરેલું વપરાશમાં મફત વીજળી અપાય, તો તેનો બોજ ઉદ્યોગો પર ટેક્સ સ્વરૂપે નાખવો પડે, જે ઉદ્યોગોને નુકસાન કરી શકે.

3. ગુણવત્તા અને ૨૪ કલાક પાવરઃ ગુજરાતમાં ૨૪ કલાક વીજળી મળે છે. સરકારનું માનવું છે કે મફત આપવા જતાં વીજ કંપનીઓ ખોટમાં જશે અને પાવર કટની સમસ્યા ઉભી થઈ શકે છે.

નિષ્કર્ષ અને અમારો સવાલઃ

પંજાબનું મોડેલ 'આજ' સુધારે છે, જ્યારે ગુજરાતનું સોલાર મોડેલ 'આવતીકાલ' સુરક્ષિત કરવાનો દાવો કરે છે. પંજાબમાં વીજળી 'મફત' છે, પણ તેની કિંમત રાજ્યનું દેવું ચૂકવી રહ્યું છે. જ્યારે ગુજરાતમાં વીજળી 'સસ્તી' કરવા માટે તમારે શરૂઆતમાં થોડું રોકાણ કરવું પડે છે.

પાક્કો ગુજરાતનો સવાલઃ

તમને શું લાગે છે?

* શું સરકારે ટેક્સના પૈસામાંથી સીધી મફત વીજળી આપવી જોઈએ?

* કે પછી સોલાર પેનલ જેવી યોજનાઓ દ્વારા જનતાને આત્મનિર્ભર બનાવવી જોઈએ?

તમારા અભિપ્રાય અમને કોમેન્ટમાં અથવા વોટ્સએપ પર જરૂર જણાવો.

-એડિટર પવન માકન, પાક્કો ગુજરાત

# પોલીસની સુરક્ષા કે ખાનગી કંપનીની મોનોપોલી? ૧૧૨ હેલ્પલાઈનના સંચાલન પર સવાલો!

નમસ્કાર વાચક મિત્રો, હું છું પવન માકન. 'પાક્કો ગુજરાત'માં આજે એક એવા વિષયની વાત કરવી છે જે તમારા અને મારા ફોન કોલ સાથે જોડાયેલી છે. શું પોલીસ જેવી સંવેદનશીલ વ્યવસ્થાનું ખાનગીકરણ થઈ રહ્યું છે? તાજેતરમાં વિધાનસભામાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ૧૧૨ (જનરક્ષક સેવા) હેલ્પલાઈનના ખાનગીકરણને લઈને જે આક્ષેપો કર્યા છે, તેણે રાજ્યની સુરક્ષા વ્યવસ્થા પર મોટા સવાલો ઉભા કર્યા છે.

શું છે વિવાદનું મૂળ?

રાજ્યની ૧૧૨ હેલ્પલાઈન, જ્યાં નાગરિકો મુશ્કેલીના સમયે ફોન કરે છે, તેનું સંચાલન હવે ખાનગી કંપનીઓના હાથમાં સોંપવામાં આવ્યું છે. આ નિર્ણય પર ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આકરા પ્રહાર કરતા કહ્યું છે કે, આ રીતે તો પોલીસના કામનું જ 'ખાનગીકરણ' થઈ ગયું છે.

કેમ છે જોખમ? (ગોપાલ ઈટાલીયાના મુખ્ય આક્ષેપો)

* સંવેદનશીલ ડેટાનું જોખમઃ ૧૧૨ હેલ્પલાઈન પર આવતા કોલ્સમાં વ્યક્તિગત માહિતી, લોકેશન અને ગુનાહિત ઘટનાઓની અત્યંત સંવેદનશીલ વિગતો હોય છે. શું આ ડેટા ખાનગી કંપનીઓ માટે સુરક્ષિત છે?

* ગુપ્તતાનો ભંગઃ પોલીસ અને નાગરિક વચ્ચેનો જે 'ટ્રસ્ટ' (વિશ્વાસ) છે, તે ત્યારે જોખમાય છે જ્યારે વચ્ચે કોઈ ત્રીજી એજન્સી આવે. ગોપાલ ઈટાલીયાના મતે, પોલીસની ગુપ્તતા જ સુરક્ષાનું મુખ્ય પાસું છે, જે અહીં જોખમાય છે.

* 'બ્રિચ ઓફ પ્રાઈવસી': કોઈ પણ એવી માહિતી જે પોલીસ તપાસના અંત સુધી ગુપ્ત રહેવી જોઈએ, તે એજન્સી સુધી પહોંચતા જ લીક થવાનું જોખમ રહેલું છે. સુરક્ષામાં આ પ્રકારની ગાબડાં કેમ ચલાવી લેવામાં આવે છે?

ટેકનોલોજી અને કાર્યક્ષમતા વધારવી સારી વાત છે, પરંતુ જ્યારે સુરક્ષાની વાત આવે ત્યારે 'સસ્તું અને ઝડપી' મોડેલ જોવું કેટલું યોગ્ય છે? જો કોઈ ઘટનાની માહિતી પોલીસ પાસે પહોંચે તે પહેલાં ખાનગી એજન્સીના કર્મચારી પાસે પહોંચી જાય, તો તપાસની દિશા બદલાઈ શકે છે અથવા પુરાવાનો નાશ થઈ શકે છે.

પાક્કો ગુજરાતનો સવાલઃ

શું જનતા તરીકે તમે તમારી સુરક્ષાની વિગતો કોઈ ખાનગી કંપની સાથે શેર કરવા તૈયાર છો? શું પોલીસને બદલે ખાનગી એજન્સી પર વિશ્વાસ મૂકવો સુરક્ષિત છે?

તમારા મંતવ્યો અમને લખી મોકલો. સરકારને આ બાબતે સ્પષ્ટતા આપવી જ પડશે!

- પવન માકન, એડિટર, પાક્કો ગુજરાત

# શીતલ સર્કલ પાસે ટેટૂની દુકાનમાં ચાલતા વિદેશી દારૂના અડ્ડા પર પોલીસનો દરોડો

## 'સી' ડિવિઝન પોલીસે ૨.૫૧ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો: ટેટૂ શોપની આડમાં દારૂ વેચતો બુટલેગર જેલભેગો

• ભરૂચ

ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા શીતલ સર્કલ પાસે એક ટેટૂની દુકાનમાં ચાલતા વિદેશી દારૂના વેચાણનો ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડી લાખો રૂપિયાની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ 'સી' ડિવિઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, શીતલ સર્કલ પાસે નારાયણ હોસ્પિટલની બાજુમાં આવેલા સી.આર. ચેમ્બર શોપિંગ સેન્ટરના ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન નંબર સી/૦૧ માં આવેલી 'શિવા ટેટૂ' નામની દુકાનમાં વિદેશી દારૂનો




સંગ્રહ અને વેચાણ કરવામાં આવે છે. આ હકીકતના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે દરોડો પાડતા દુકાનમાંથી વિદેશી દારૂની નાની-મોટી બોટલો અને પાઉચનો જથ્થો મળી આવ્યો હતો, જે વેચાણ અર્થે રાખવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન દુકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૩૫ કાચની બોટલો અને ૧૧૭ પાઉચ મળી કુલ ૨૫૨ નંગ (૧૨૨.૨૫૦ લિટર) દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૨,૫૧,૧૭૫ની કિંમતનો દારૂ અને ૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ ૨,૫૬,૧૭૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ટેટૂ બનાવવાની આડમાં ચાલતા આ ગોરખધંધાને પોલીસે ઝડપી પાડ્યો છે.પોલીસે આ મામલે સ્થળ પરથી મુખ્ય આરોપી દીપક ઉર્ફે બોબી જેસિંગભાઈ વિરાસ (ઉ.વ. ૪૫, રહે. ફાટા તળાવ, રાણા પંચની વાડી પાસે, ભરૂચ) ની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપી વિરુદ્ધ ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી, આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આ કાળા કારોબારમાં અન્ય કયા શખ્સો સામેલ છે તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

# રાજ્યમાં AI ક્રાંતિને વેગ આપવા માટે ગુજરાત 100+ GPU પૂરા પાડશે

AI સ્ટાર્ટઅપ સંવાદ"ના સફળ આયોજન બાદ, ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકાર હેઠળ, રાજ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. આ પહેલ મુખ્યમંત્રીશ્રી શ્રી ભુપેન્દ્ર પટેલના ટેકનોલોજી આધારિત અને નાગરિકકેન્દ્રિત શાસનના દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે. આ પહેલના ભાગરૂપે, ભારત સરકારની IndiaAI Mission હેઠળ આધુનિક AI કમ્પ્યુટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં કાર્યરત કરવામાં આવી રહ્યું છે. તેમાં 100 થી વધુ હાઈ-પરફોર્મન્સ GPUs ઉપલબ્ધ કરવામાં આવશે, જે રાજ્યના સરકારી વિભાગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ માટે ઉપયોગી બનશે.

કંટ્રોલ | સુરતના રસ્તાઓ પર હવે હોલીવુડની ફિલ્મો જેવું દશ્ય હકીકતમાં જોવા મળી રહ્યું છે

# હોર્નથી હેડલાઈટ બધું વોઈસથી જ કંટ્રોલ, સુરતી વકીલની AIથી કમાલ

## ભાઈ...ભાઈ...આ ટુ-વ્હીલર તો વાતો અને મજાક કરે છે:'એન્જિન સ્ટાર્ટ' બોલતા જ ચાલુ થયું,

• સુરત

સુરતના રસ્તાઓ પર હવે હોલીવુડની ફિલ્મો જેવું દશ્ય હકીકતમાં જોવા મળી રહ્યું છે, જ્યાં એક સામાન્ય મોપેડ માણસની જેમ વાતો કરે છે અને વોઈસ કમાન્ડ પર દોડે છે. સુરતના એક વકીલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને આધુનિક સેન્સર ટેક્નોલોજીની મદદથી એક એવું 'સ્માર્ટ મોપેડ' તૈયાર કર્યું છે, જે માત્ર 'એન્જિન સ્ટાર્ટ' બોલતાની સાથે જ શરૂ થઈ જાય છે એટલું જ નહીં, પણ હેલ્મેટ ન પહેર્યું હોય તો કાયદાની કલમો સાથે ઠપકો પણ આપે છે.

ઈન્ટરનેટ અને માઈક્રો-પ્રોસેસરથી સજ્જ આ વાહન ડ્રાઈવર સાથે મિત્રની જેમ મજાક-મસ્તી કરે છે, ગીતો સંભળાવે છે અને પાંચ વર્ષ જૂની અકસ્માતની યાદો પણ તાજી કરી શકે છે. ટેક્નોલોજી અને 'જુગાડ'ના આ અનોખા સંગમે હાલ આખા શહેરમાં ભારે આકર્ષણ જમાવ્યું છે.

સામાન્ય રીતે આપણે સ્કૂટર ચલાવતી વખતે કાનમાં ઈયરફોન નાખતા હોઈએ છીએ, પણ આ સ્કૂટર ચલાવતી વખતે તમારે કોઈ મ્યુઝિક સિસ્ટમની જરૂર નથી. સુરતના



જાણીતા વકીલ મુકેશ ભાવસારે એક એવું 'સ્માર્ટ મોપેડ' તૈયાર કર્યું છે જે વોઈસ કમાન્ડ પર કામ કરે છે. દેખાવમાં આ વાહન અન્ય એક્ટિવા કે જ્યુપિટર જેવું જ લાગે છે, પરંતુ તેની સીટ નીચે અને હેન્ડલ પાસે ફિટ કરાયેલી ખાસ ચિપ, સેન્સર અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી તેને 'રોબોટિક વ્હીકલ' બનાવે છે. આ ટુ-વ્હીલર હવે માત્ર લોખંડનું માળખું નથી રહ્યું. મેં તેને આઈપી (IP) એડ્રેસ અને વેબપેજ સાથે કનેક્ટ કર્યું છે.

આ સ્કૂટરની સૌથી ચોંકાવનારી બાબત તેની 'મેમરી' છે. મુકેશભાઈએ તેમાં હાઈ-કેપેસિટી મેમરી કાર્ડ ફિટ કર્યું છે. આ કાર્ડમાં ડેટા લોગ થાય છે. જો આ વાહન સાથે અગાઉ ક્યારેય કોઈ નાનો-મોટો અકસ્માત થયો હોય, તો પૂછવા પર તે તારીખ અને સમય સાથે જણાવે છે કે કયા સંજોગોમાં ઘટના બની હતી. તે તમારી 'સારી-નરસી' યાદોનો સંગ્રહ કરે છે. જ્યારે રાઈડર એકલો હોય અને કંટાળતો હોય, ત્યારે આ વાહન તેની જૂની યાદો તાજી કરાવીને મનોરંજન પૂરું પાડે છે.

મુકેશ ભાવસાર માત્ર વકીલાત જ નથી કરતા, પણ તેમને ટેક્નોલોજીમાં ઊંડો રસ છે. તેમણે જણાવ્યું કે, આશરે પાંચ વર્ષ પહેલા મેં એજ્યુકેશન પર્પઝ માટે આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. મારો હેતુ એ હતો કે ટેક્નોલોજીનો ઉપયોગ સામાન્ય માણસના જીવનમાં કેવી રીતે થઈ શકે. મેં જાતે જ કોડિંગ શીખીને આમાં સ્પીકર અને માઈક્રો પ્રોસેસર ફિટ કર્યા છે. આજે આ વાહન ઈન્ટરનેટની મદદથી ગૂગલ સર્ચ કરીને પણ તમને જવાબો આપી શકે છે.

તમે ડ્રાઈવિંગ કરતા હોવ અને અચાનક તમને કોઈ કાયદાકીય મૂંઝવણ થાય, તો તમારે ફોન કરવાની જરૂર નથી. મુકેશભાઈનું આ મોપેડ કાયદાનું જ્ઞાન પણ ધરાવે છે. તમારી પસંદગીના ગીતો પ્લે કરે છે. તમે પૂછો 'કેમ છે?', તો તે સામો જવાબ આપે છે 'હું મજામાં છું, ચાલો આજે ક્યાં જવું છે?'. એન્જિનમાં કોઈ ખામી હોય કે ઓઈલ લેવલ ઓછું હોય, તો તે બોલીને એલર્ટ આપે છે.

જ્યારે મુકેશભાઈ આ મોપેડ લઈને સુરતના રસ્તા પર નીકળે છે, ત્યારે સિગ્નલ પર લોકો અચંબો પામી જાય છે. લોકો પૂછે છે કે શું ખરેખર ગાડી બોલે છે? આ વાહન સુરતના 'જુગાડ' અને 'ટેલેન્ટ'નો ઉત્તમ નમૂનો છે. મુકેશભાઈ માને છે કે ભવિષ્યમાં આવા વાહનો અકસ્માતો ઘટાડવામાં મોટી ભૂમિકા ભજવશે, કારણ કે તે સતત ડ્રાઈવર સાથે વાત કરીને તેને જાગૃત રાખે છે.સુરતના વકીલ મુકેશ ભાવસારે સાબિત કર્યું છે કે જો તમારી પાસે વિઝન હોય, તો તમે ઘર આંગણે પણ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'નો જાદુ સર્જી શકો છો. આ 'ટોકિંગ મોપેડ' આવનારા સમયમાં સ્માર્ટ વ્હીકલ ઉદ્યોગ માટે એક પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

## સુરત શહેરમાં મોડી રાત્રે સૌથી વ્યસ્ત ગણાતા વિસ્તાર સહારા દરવાજા રેલ્વે ઓવરબ્રિજ પર ચાલુ

# સહારા દરવાજા બ્રિજ પર કાદવની રેલમછેલ:વાહન ચાલકો ટ્રાફિકમાં ફસાયા, કોર્પોરેશને તાત્કાલિક સાફ-સફાઈ કરાવી

સાફ-સફાઈ | સહારા દરવાજા વિસ્તાર સુરત રેલવે સ્ટેશન અને ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારને જોડતો મુખ્ય માર્ગ છે

• સુરત

સુરત શહેરમાં મોડી રાત્રે સૌથી વ્યસ્ત ગણાતા વિસ્તાર સહારા દરવાજા રેલ્વે ઓવરબ્રિજ પર ચાલુ ટ્રકમાંથી અચાનક મોટી માત્રામાં કાદવ અને કીચડ રસ્તા પર ઢોળાતા વાહનવ્યવહારના પૈડા થંભી ગયા હતા. આ ઘટનાને પગલે બ્રિજ પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને સલામતીના કારણોસર તંત્ર દ્વારા બ્રિજને તાત્કાલિક અસરથી બંધ કરવાની ફરજ પડી હતી.મળતી માહિતી અનુસાર, બ્રિજ પરથી પસાર થઈ રહેલી એક ટ્રકમાંથી કાદવ-કીચડનો મોટો જથ્થો રસ્તાની વચોવચ ઢોળાયો હતો. એવું માનવામાં આવે છે કે ટ્રકમાં ભરેલો કાદવ યોગ્ય રીતે ઢાંકવામાં આવ્યો



ન હતો અથવા તો ટ્રકના પાછળના દરવાજામાં ખામી સર્જાવાને કારણે આ જથ્થો રસ્તા પર ફેલાઈ ગયો હતો. જોતજોતામાં બ્રિજનો એક મોટો હિસ્સો કાદવથી ખદબદવા લાગ્યો હતો. રસ્તો લપસણો બની જવાને કારણે વાહનચાલકો માટે ત્યાંથી પસાર થવું જોખમી બની ગયું હતું. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ સ્થિતિ જીવલેણ સાબિત થઈ શકે તેમ હતી, કારણ કે બ્રેક મારતા જ વાહન સ્લિપ થવાની પૂરેપૂરી શક્યતા હતી.

સહારા દરવાજા વિસ્તાર સુરત રેલવે સ્ટેશન અને ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારને જોડતો મુખ્ય માર્ગ છે. અહીંથી દર મિનિટે સેંકડો વાહનો પસાર થાય છે. કીચડ ઢોળાવાની ઘટના બાદ તરત જ વાહનોની ગતિ ધીમી પડી ગઈ હતી અને જોતજોતામાં રિંગ રોડ તથા વરાછા તરફ જતા માર્ગો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. મહાનગરપાલિકા દ્વારા જેસીબી મશીનો અને સફાઈ કામદારોની ફોજ ઉતારવામાં આવી હતી. રસ્તા પરથી કીચડના થર દૂર કરવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરાયું હતું. કીચડ દૂર કર્યા બાદ રસ્તો લપસણો ન રહે તે માટે ફાયર બ્રિગેડના ટેન્કરો બોલાવીને આખા બ્રિજને પાણીના જોરદાર ફુવારાથી ધોવામાં આવ્યો હતો.

ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસ અને સુરત મહાનગરપાલિકાને જાણ કરી હતી. એસએમસીની સેન્ટ્રલ ઝોન અને વરાછા ઝોનની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા બ્રિજની બંને બાજુએ બેરિકેડ્સ લગાવી દેવામાં આવ્યા હતા. મહાનગરપાલિકા દ્વારા જેસીબી મશીનો અને સફાઈ કામદારોની ફોજ ઉતારવામાં આવી હતી. રસ્તા પરથી કીચડના થર દૂર કરવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરાયું હતું. કીચડ દૂર કર્યા બાદ રસ્તો લપસણો ન રહે તે માટે ફાયર બ્રિગેડના ટેન્કરો બોલાવીને આખા બ્રિજને પાણીના જોરદાર ફુવારાથી ધોવામાં આવ્યો હતો.

# સુરતીઓ આનંદો, ટૂંક સમયમાં ચાલશે મેટ્રો:આજથી ટ્રાયલ રન શરૂ

## ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના 8.5 કિ.મી. પર દોડી મેટ્રો

• સુરત

સુરત મેટ્રો ટ્રેનના ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના 8.5 કિ.મી.ના વાયડક્ટનું કાર્ય પૂર્ણ થયું છે સાથે સાથે આ લંબાઈમાં ટ્રેનની ટ્રાયલ શરૂ કરવામાં આવી છે.તેની સાથે સાથે આ લંબાઈ એટલે કે 8.5 કિમીના રૂટ પર ટ્રેનની ટ્રાયલ શરૂ કરવામાં આવી છે . જ્યારે ટ્રેક બિછાવવાનું તેમજ ટ્રેક્શન પાવર માટે થર્ડ રેલનું કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે.કુલ સાત સ્ટેશન બિલ્ડિંગનું સ્ટ્રક્ચર કામ પૂર્ણ થયું છે અને એન્ટ્રી એક્ઝિટ સ્ટ્રક્ચર તથા ફિનિશિંગના કાર્યમાં નોંધપાત્ર પ્રગતિ થયેલી છે. આ ટ્રાયલમાં ટ્રેન રન આશરે 500 કલાકનો કરવામાં આવતો હોય છે અને તેની સર્વે ચકાસણી તથા RDSO, CMRS દ્વારા પણ ચકાસણી કરવાની હોય છે. જેની આજના ટ્રાયલ રનથી શરૂઆત થઈ છે.લની કામગીરીના શ્રીગણેશ થયા હતા. 40.45 કિમીના બે રૂટ પર તબક્કાવાર મેટ્રો રેલ દોડશે. જેમાં ડ્રીમ સિટીથી સરથાણા (ડાયમંડ કોરિડોર) અને સારોલીથી ભેંસાણ (ટેક્સટાઈલ કોરિડોર) છે. 5 વર્ષથી મેટ્રોની ચાલી રહેલી કામગીરીને કારણે શહેરીજનો હવે હાય તોબા પોકારી ઊઠ્યા છે.ટ્રાફિકની



પરેશાનીની સાથે સાથે લોકોના ધંધા-રોજગાર પર પણ મોટી અસર પડી છે, ત્યારે હવે આ પ્રોજેક્ટ શરૂ થાય તેની શહેરીજનો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. જેથી આ સમસ્યાનો કોઈ અંત આવે, પરંતુ મેટ્રોના સત્તાધીશોના જણાવ્યા અનુસાર જૂન 2026 સુધીમાં મેટ્રો ફુલફ્લેઝમાં શરૂ થઈ જશે તેમ જણાવ્યું છે. આ તારીખ બાદ મેટ્રોના શુભારંભ માટે નવી કોઈ તારીખ ના આવે તેવી આશા શહેરીજનો રાખી રહ્યા છે.સુરત મેટ્રો ટ્રેનની વિશેષતાએ છે કે, દરેક ટ્રેન 3 કોચની બનેલી હશે. ટેકનોલોજી એવી છે કે આ ડ્રાઈવરલેસ ટ્રેન ઓપરેશન સિસ્ટમથી ચાલશે અને તેની ગતિ પ્રતિ કલાક 80 કિ.મી.ની હશે. તમામ ટ્રેનો સીસીટીવી કેમેરા, ફાયર ડિટેક્શન સિસ્ટમ અને રિયલ-ટાઈમ મોનિટરિંગ ટેકનોલોજીથી સજ્જ હશે. સુરત મેટ્રો રેલના કોચ ગુજરાત અને સુરતની સંસ્કૃતિ અને સુરતની ઓળખ સમાન ઉદ્યોગોને ધ્યાને રાખીને ઈન્ટિરિયર કરવામાં આવનાર છે. ડાયમંડ શેપ, ગરબા, ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ વગેરેની થીમ સાંકળી લેવાય તેવું આયોજન ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ સાઈટ પરથી લોખંડની ચોરીનો પર્દાફાશ, એ-ડિવિઝન પોલીસે બે શખ્સોને ઝડપ્યા

## દીવા રોડ પર વોચ ગોઠવી અંદાજે ૧ ટન લોખંડના સળિયા સાથે બોલેરો કેમ્પર કબજે કરાઈ: કુલ ૫.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત

• અંકલેશ્વર,

અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસે દીવા રોડ પરથી શંકાસ્પદ લોખંડના સળિયા ભરેલી બોલેરો કેમ્પર ગાડી સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. બુલેટ ટ્રેનના કામના સ્થળેથી ચોરી કે શંકાસ્પદ રીતે લાવવામાં આવેલા લોખંડના જથ્થા સાથે પોલીસે કુલ ૫.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે અંકલેશ્વરના જૂના બોરભાઠા બેટ ગામની સીમમાં ચાલી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામના સ્થળેથી લોખંડના સળિયાના ટુકડા ભરીને બે ઈસમો બોલેરો કેમ્પર ગાડીમાં અંકલેશ્વર તરફ આવવાના છે. આ બાતમીના આધારે એ-ડિવિઝન પોલીસની ટીમે દીવા રોડ પર આવેલી ઓરેન્જ સિટી નજીક વ્યૂહાત્મક વોચ ગોઠવી હતી.

વોચ દરમિયાન બાતમી મુજબની બોલેરો કેમ્પર ગાડી આવતા પોલીસે તેને અટકાવી હતી. ગાડીના ડાલામાં તપાસ કરતા તેમાંથી અંદાજે ૯૯૦ કિલો જૂના લોખંડના સળિયાનો જથ્થો મળી આવ્યો હતો. ગાડીમાં સવાર બે શખ્સો પાસે આ ભંગારના જથ્થા અંગેના બિલ કે જરૂરી પુરાવા માંગતા તેઓ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા, જેના આધારે પોલીસે શંકાસ્પદ મુદ્દામાલ તરીકે જપ્તીની કાર્યવાહી કરી હતી.પોલીસે ૩૯,૬૦૦ની કિંમતનો ૯૯૦ કિલો લોખંડનો ભંગાર, ૧૦,૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન અને ૫ લાખની બોલેરો કેમ્પર ગાડી મળી કુલ ૫,૪૯,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પોલીસે કમલ ગોપાલલાલ કુમાવત અને અરુણગિરી વીરેન્દ્ર ગિરી (બંને રહે. સિકર, રાજસ્થાન) ની ધરપકડ કરી છે.આ લોખંડનો જથ્થો ચોક્કસ કયા સ્થળેથી લાવવામાં આવ્યો હતો અને આ નેટવર્ક પાછળ અન્ય કોઈ શખ્સો સામેલ છે કે કેમ, તે દિશામાં એ-ડિવિઝન પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

# પોરબંદર:રિક્ષામાં ભુલાયેલ મોબાઈલ પોલીસની નેત્રમ શાખાની મદદથી પરત મળ્યો




• ગોસા (ઘેડ) તા.૨૯

પોરબંદર ઠક્કર પ્લોટ ખાતે રહેતા એક મહિલાનો કીમતી મોબાઈલ રિક્ષામાં ભૂલાય જતા જે પોલીસ ની નેત્રમ શાખાની મદદથી હેમખેમ પરત મળતા મહિલાએ પોલીસ અને રીક્ષા ચાલકનો આભાર માન્યો હતો.આજ તા.૨૮/૦૩/૨૦૨૬ના ક.૨૧:૨૦ ની આસપાસ પોરબંદર રિલાયન્સ મોલમાં પોરબંદર ઠક્કર પ્લોટ ખાતે રહેતા એક મહિલા ખરીદી અર્થે ગયા હતા અને ખરીદી કરીને પરત ઘરે જવા એક ઓટો રીક્ષામાં બેઠા હતા.અને તેઓ તેમાં ઘરે આવી ગયા પછી તેમની પાસે રહેલ કીમતી મોબાઈલ રીક્ષામાં ભુલાઈ જતા અરજદાર કૌશલબેન પંજાનાઓ એ આ બાબતે પોરબંદર ખાતે કાર્યરત નેત્રમ શાખાની ઓફિસે આવી જાણ કરી હતી .

## પૂજ્ય દાદા સ્થાપિત પાઠશાળા અને પૂજ્ય તાઈજી શતાબ્દી પર્વ નિમિત્તે 'ચિત્ર-પાવન-પર્વ'ની ભવ્ય ઉજવણી

# ભરૂચના નયનાચોક ખાતે સ્વાધ્યાય પરિવાર દ્વારા આયોજિત માતૃ-પિતૃ પૂજનમાં ભાવુક દ્રશ્યો સર્જાયા

• ભરૂચ,

ભરૂચ શહેરના પશ્ચિમ ભાગમાં આવેલા વેજલપુર-નયનાચોક વિસ્તારમાં તાજેતરમાં ભક્તિ, સંસ્કાર અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. અખિલ વિશ્વ સ્વાધ્યાય પરિવાર દ્વારા વર્ષ ૨૦૨૬ને 'ચિત્ર-પાવન-પર્વ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (દાદા) દ્વારા સ્થાપિત 'શ્રીમદ ભાગવદ ગીતા પાઠશાળા' અને પૂજ્ય નિર્મલાતાઈના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેના ભાગરૂપે ભરૂચના નયનાચોક ખાતે એક ગરિમાપૂર્ણ માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમ સંપન્ન



થયો હતો.

સ્વાધ્યાય પરિવાર અને નયનાચોક યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં રામનવમીના પવિત્ર દિવસે ભગવાન શ્રી રામની ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. આ અવસરે અંદાજે ૫૧ જેટલા સંતાનોએ શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે પોતાના માતા-પિતાનું પૂજન-અર્ચન કર્યું હતું. સંતાનોએ જ્યારે માતા-પિતાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા ત્યારે સમગ્ર વાતાવરણ અત્યંત ભાવવિભોર બની ગયું હતું. ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતાને સાક્ષાત્ દેવતુલ્ય માનવાની ઉમદા ભાવના અહીં ચરિતાર્થ થતી જોવા મળી હતી.

નયનાચોક યુવક મંડળ દ્વારા સમયાનંતરે આવા પ્રેરણાદાયી આયોજનો કરીને સમાજને સંગઠિત રાખવાનું કાર્ય કરવામાં આવે છે. નવી પેઢીમાં નાનપણથી જ નૈતિક મૂલ્યો અને પોતાની મૂળ સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ જાગે તેવા આશયથી આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વાધ્યાય પરિવારના પ્રકાશભાઈ મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ યુવક મંડળના ઉત્સાહી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આધુનિક યુગના ઝાકઝમાળ વચ્ચે પણ બાળકોને પોતાની પરંપરા સાથે જોડાયેલા જોઈ ઉપસ્થિત વડીલોની આંખમાં હર્ષના આંસુ છલકાયા હતા. સ્થાનિક રહીશોના ઉત્સાહભેર જોડાવાથી સમગ્ર નયનાચોક વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓએ ભારતીય સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે કટિબદ્ધ રહેવાના શપથ લીધા હતા.

રોડ બનશે

1500 કરોડનો ખર્ચ ને દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વે સાથે સીધો કનેક્ટ, ગુજરાતની આર્થિક ગતિને વેગ આપશે

# વડોદરા ફરતે 66 કિમીનો રિંગ રોડ બનશે, પ્રથમ ફેઝમાં 27 કિમીનું કામ પૂર્ણ

## દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વે સાથે સીધું જોડાણ મળશે, જેના પરિણામે લાંબા અંતરથી આવતા વાહનો શહેરના રહેણાંક વિસ્તારોમાં પ્રવેશ્યા વગર જ બહારથી પસાર થઈ શકશે

• વડોદરા

વડોદરા શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા વડોદરા ફરતે 66 કિમીનો લાંબો અને 75 મીટર પહોળો રિંગ રોડ બનાવવામાં આવી રહ્યો છે, જેનો અંદાજે 1500 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ રિંગ રોડનું પાંચ ફેઝમાં કામ કરવામાં આવશે, ત્યારે 316 કરોડના ખર્ચે પ્રથમ ફેઝમાં 27 કિમીના રોડનું કામ પૂર્ણ કરી દેવાયું છે, જ્યારે આ રિંગ રોડ તૈયાર થવાથી વડોદરાને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે સાથે સીધું જોડાણ મળશે. ઉલ્લેખનીય છે કે, આ પ્રોજેક્ટ વડોદરાના આગામી દાયકાઓના વિકાસની કરોડરજ્જુ સમાન સાબિત થશે. વડોદરા શહેરની ફરતે હાલમાં નવા એક્સપ્રેસ-વે આવી ચૂક્યા છે, ત્યારે તેને જોડવા માટે શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવામાં આ રિંગ રોડ મહત્વપૂર્ણ કડી સાબિત થશે. શહેરના ટ્રાફિક મેનેજમેન્ટ અને આંતરમાળખાકીય સુવિધાઓમાં ફેરફાર લાવવા માટે વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (VUDA) અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) દ્વારા એક મહત્વકાંક્ષી રિંગ રોડ પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે.

વર્ષ 2012માં રાજ્ય સરકારે અંદાજે 66.08 કિમી લાંબો અને 75 મીટર પહોળો રિંગ રોડ બનાવવાનું નક્કી કર્યું હતું. શહેરની ફરતે એક મજબૂત સુરક્ષા કવચ અને પરિવહન માર્ગ તૈયાર કરવાના આશય સાથે સરકાર દ્વારા પ્રાથમિક તબક્કે બજેટની ફાળવણી પણ કરવામાં આવી હતી. કુલ 5 ફેઝમાં આ રિંગ રોડ બનાવવાનું કામ ચાલવાનું છે. પ્રથમ ફેઝની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે બીજા ફેઝની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટના આયોજન માટે પ્રતિષ્ઠિત સેપ્ટ (CEPT) યુનિવર્સિટીની સલાહ અને નિષ્ણાતોનું માર્ગદર્શન લેવામાં આવ્યું છે.

પ્રથમ ફેઝમાં આ રિંગ રોડ પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વહેંચ્યો છે. પશ્ચિમ વિસ્તારમાં 16.84 કિમી (જેમાં 13.89 કિમી રિંગ રોડની લંબાઈ અને 2.95 કિમી સંલગ્ન લંબાઈ) રોડ બનશે. રિંગ રોડ 3 સ્ટેટ હાઈવેને જોડશે. જેમાં વડોદરા-પાદરા, વડોદરા-સેવાસી-સિંધરોટ અને વડોદરા-ઉંડેરા-કોયલી રોડને જોડી ચાપડ, ચાણસદ, ઈંટોલા થઈ નેશનલ હાઈવે 48 સાથે જોડાશે. વુડા વિસ્તારની લંબાઈ 10.1 કિમી અને VMC વિસ્તારની લંબાઈ 6.47 કિમી છે. પૂર્વ વિસ્તારમાં 10.74 કિમીનો 75 મીટરના રિંગ રોડ બનશે. પૂર્વ વિસ્તારના વડોદરા-





આજવા, વડોદરા-વાઘોડિયા અને વડોદરા-ડભોઈ તરફના 3 સ્ટેટ હાઈવે સાથે જોડાશે. જેમાં 10.24 કિમી વુડા વિસ્તાર અને 0.5 કિમી VMC વિસ્તારમાં લાગશે.

આ રિંગ રોડ તૈયાર થવાથી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે સાથે સીધું જોડાણ મળશે, જેના પરિણામે લાંબા અંતરથી આવતા વાહનો શહેરના રહેણાંક વિસ્તારોમાં પ્રવેશ્યા વગર જ બહારથી પસાર થઈ શકશે. રાજ્ય સરકાર તરફથી ઓગસ્ટ 2024માં રૂપિયા 316.78 કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. સમગ્ર પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂપિયા 1,500 કરોડથી વધુ થવાનો અંદાજ છે. જે વડોદરાના ઈતિહાસના સૌથી મોટા પ્રોજેક્ટ્સમાંનો એક છે.

વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, વડોદરા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી આ પ્રોજેક્ટને રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાનના આધારે બનાવી રહી છે. આમાં પાંચ ફેઝ છે. જેમાં પહેલા ફેઝનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ફેઝ 2નું કામ શરૂ કરવામાં આવી રહ્યું છે. ચાર કોરિડોરમાં આ પ્રોજેક્ટ તૈયાર થશે. રિંગ રોડની સાથે સાથે ડ્રેનેજ, સ્ટોર્મ વોટર, સ્ટ્રીટ લાઈટિંગ અને મલ્ટી એક્ટિવિટી પણ કરવામાં આવી રહી છે.સૌથી પહેલા જે વેસ્ટર્ન પાર્ટ છે ત્યાં બુલેટ ટ્રેન કોરિડોર આવી રહ્યો છે અને નેશનલ એક્સપ્રેસ-વે પણ જોડાઈ રહ્યો છે. અમદાવાદ અને સુરતથી આવતા એક્સપ્રેસ વેની આ રિંગ રોડ સાથે જોડાણની કામગીરી ચાલી રહી છે. ફેઝ 1ના 27.580 કિમીનો રોડ બનાવવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે ફેઝ 2 માટે રાજ્ય સરકાર સપોર્ટ કરી રહી છે. ફેઝ 1નો રોડ ખુલ્લો મૂકવા માટે મહેનત કરી રહ્યા છીએ. જેથી કરીને હાલોલ અને અમદાવાદથી આવતા ટ્રાફિકને પણ રિંગ રોડમાં જોડી શકાય.વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, નોર્ધન અને સર્ધન કોરિડોર ઈન્ડસ્ટ્રિઝ માટે અમે ખોલવા માંગીએ છીએ. સાથે સાથે નોર્થ અને સાઉથમાં લોજિસ્ટિક પાર્ક્સ પણ કરવા માંગીએ છીએ. જેથી કરીને અમદાવાદ અને નોર્ધન ઈન્ડિયા તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશથી આવતા બધા જ લોજિસ્ટિક ટ્રક ત્યાં જ ઉભા રાખી શકીએ અને અનલોડિંગ કરી શકીએ, પ્રોસેસિંગ થઈ શકે અને ફૂડ પાર્ક્સ પણ ત્યાં આવી શકે.રિંગ રોડમાં જ મોટો ટ્રાફિક દૂર થાય અને સિટીમાં માત્ર નાનો ટ્રાફિક જ આવે. આ દિશામાં લોજિસ્ટિક પાર્ક્સ, ફૂડ પાર્ક્સ, સિટી મોબિલિટી પ્લાન, ફ્યુચર ઈન્વેસ્ટમેન્ટ, આઈટી કોરિડોર, નોલેજ સિટી, ઈન્ડસ્ટ્રિયલ રિઝન (GIDC એક્સપાન) આ બધાનો સમાવેશ કરીને અમે આ પ્લાન કરી રહ્યા છીએ. પ્રાથમિકતામાં ફેઝ 1 અને ફેઝ 2 ખુલ્લો મુકવા માંગીએ છીએ. ફેઝ 3, 4, 5 આવનારા 5 અને 10 વર્ષ માટે ફ્યૂચરમાં પ્લાનિંગ કરીશું.

આગામી 10 વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થવાની ધરાણા છે. જે દરમિયાન શહેરમાં સીમાવર્તી વિસ્તારોમાં જમીનોના ભાવ અને વિકાસની નવી તકો ઊભી થશે. રિંગ રોડની આસપાસના વિસ્તારોમાં નવા ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમ અને કોમર્શિયલ હબ વિકસાવવાની પૂરેપૂરી શક્યતા છે.

ટૂંકમાં આ રિંગ રોડ વડોદરાને એક મેટ્રો સિટી જેવી સુવિધા પૂરી પાડશે અને વાહનચાલકોના સમય તથા ઈંધણની બચત કરશે. જ્યારે આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે કાર્યરત થશે, ત્યારે તે વડોદરા શહેરી વિકાસના ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ તરીકે અંકિત થશે અને સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ આપશે.

વડોદરા NH-48 પર પતિની નજર સામે જ પત્નીનું પ્રાણપંખેરું ઊડી ગયું

# લગ્નમાંથી પરત ફરતા હિટ-એન્ડ-રનમાં મહિલાનું કમકમાટીભર્યું મોત:હાઈવે પર માંસના લોચા ઊડ્યાં

મોત

વડોદરા નજીક નેશનલ હાઈવે-48 પર ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે



• વડોદરા

વડોદરા નજીક નેશનલ હાઈવે-48 પર ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં અજાણ્યા ભારે વાહનની ટક્કરે બાઈક સવાર 43 વર્ષીય મહિલાનું કરૂણ મોત નીપજ્યું છે. લગ્ન પ્રસંગમાંથી પતિ સાથે પરત ફરી રહેલી મહિલાને અંધારામાં પાછળથી આવતા વાહને જોરદાર ટક્કર મારતા મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું અને રસ્તા પર માંસના લોચા પથરાયા હતા. અકસ્માત સર્જી વાહનચાલક ફરાર થઈ ગયો હતો, જ્યારે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખસેડી ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક મહિલા અને તેમના પતિ લગ્ન પ્રસંગમાંથી પરત આવી રહ્યા હતા અને મંજુસર તરફ જઈ રહ્યા હતા. અંધારામાં અચાનક પાછળથી આવતી મોટી ગાડીએ તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મહિલાનું તાત્કાલિક ઘટનાસ્થળે જ મોત થયું હતું અને રસ્તા પર માસના લોચા પથરાયા હતા. મૃતક મહિલાના પતિ નાસિરઅલીએ જણાવ્યું હતું કે, અમે લગ્નમાંથી આવીને મંજુસર તરફ જઈ રહ્યા હતા. અચાનક પાછળથી મોટી ગાડી આવી અને અમારી બાઈકને ટક્કર મારી. અંધારામાં કંઈ ખબર જ ન પડી અને આ અકસ્માત સર્જાયો.

સમગ્ર મામલે પોલીસે ઘટનાસ્થળે દોડી આવી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતક મહિલાની ઉંમર આશરે 43 વર્ષ છે, પોલીસે મૃતદેહનો કબજો મેળવી સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. હાલમાં આ મામલે પોલીસે ફરાર ચાલકની શોધમાં તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, અવાર નવાર નેશનલ હાઈવે પર સર્જાઈ રહેલા અકસ્માત પર લગામ કસવા માટે તંત્ર નિષ્ફળ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર વડોદરાના ફાજલપુર ગામ નજીક આજે એક રુંવાડા ઉભા કરી દે તેવો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ટ્રકચાલકે બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારતા સાસુ-જમાઈના મોત નિપજ્યા હતા. દંપતી દીકરીની સગાઈ માટે છોકરો જોવા જઈ રહ્યા હતા ત્યારે આ કરુણ બનાવ બન્યો હોવાનું સામે આવ્યું હતું.

અકસ્માત એટલો ભયાનક હતો કે મૃતકોના શરીરના અંગો છિન્નભિન્ન થઈ હાઈવે પર વિખરાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે, જ્યારે ઘટનાસ્થળે હાજર એક મહિલાના હૈયાફાટ રુદન અને 'આમને ઉઠાવો, નહીંતર મરી જશે' તેવા આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

વડોદરા NH-48 પર કારચાલકે દાદી-પૌત્રને ઉડાવ્યાં, બંનેનાં મોત; રોડ ક્રોસ કરતાં હતાં ને કાળમુખી કારે ટક્કર મારીત્રણ મહિના અગાઉ વડોદરા નેશનલ હાઈવે-48 પર એક અકસ્માત સર્જાયો હતો, જેમાં એક બેફામ કારચાલકે રોડ ક્રોસ કરી રહેલાં દાદી અને પૌત્રને જોરદાર ટક્કર મારી ઉડાવ્યાં હતાં. આ ગમખ્વાર અકસ્માતમાં બંનેનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતા. દાદી અને પૌત્ર પોતાના ગામડેથી શહેરમાં રહેતા દીકરાના ઘરે આવી રહ્યાં હતાં.

# પૂર્વ મેયર ભરત ડાંગરના ભાઈ કલ્પેશની દાદાગીરી ગોડાઉનમાંથી સામાન લેવા ગયેલા 2 ગાર્ડ પર હુમલો

ગોડાઉનમાંથી સામાન લેવા ગયેલા કર્મીઓ સામે કલ્પેશ ડાંગરે ફાયરિંગ કર્યું હોવાના આક્ષેપ

• વડોદરા

કરજણ રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ભાડાના ગોડાઉનમાંથી સામાન લેવા ગયેલા કર્મીઓ સામે કલ્પેશ ડાંગરે ફાયરિંગ કર્યું હોવાના આક્ષેપ છે. પૂર્વ મેયરના ભાઈ કલ્પેશ ડાંગરની ગુંડાગર્દીના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે. સીસીટીવી ફૂટેજ છતાં પગલાં ન લેનાર કરજણ પોલીસ શંકાના ઘેરામાં આવી છે. આ અંગે ફ્યૂચર સોલારનો સંપર્ક કરતાં થયો ન હતો.કરજણ રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ફ્યૂચર સોલાર કંપનીએ ગોડાઉન ભાડે લીધું છે. જોકે હવે કંપનીને ગોડાઉન ખાલી કરવું હતું. જેથી શુક્રવારે કર્મીઓ અને સિક્યુરિટી એજન્સીના માણસો ટ્રેલર લઈ ત્યાં પહોંચ્યા હતા. સિક્યુરિટી કંપનીના માણસોએ કહ્યું કે, અમે ગોડાઉનના ગેટ પાસે પહોંચતાં કલ્પેશ ડાંગર સહિત 6થી 10 લોકોના ટોળાએ કંઈ કહ્યા વગર ધારિયા જેવાં હથિયારોથી હુમલો કર્યો હતો. અમે 112ને પણ જાણ કરી હતી.

જોકે પોલીસ પણ હુમલાથી બચવા બાજુ પર ખસી ગઈ હતી. જ્યારે કલ્પેશ ડાંગરે ગન કાઢી ફાયરિંગ કર્યું હોવાના આક્ષેપ કરાયા છે. આ ઘટનામાં સિક્યુરિટી એજન્સીના 2 થી



3 કર્મીને ઈજા થઈ છે. જ્યારે સિક્યુરિટી એજન્સીના કર્મચારી સાનુ પિલ્લાઈ લોહીલુહાણ થયા હતા.

સાનુ સહિત ઘાયલ કર્મચારીને એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ કર્મીએ એસપી ઓફિસમાં રજૂઆત કરી પોતાના જીવને જોખમ હોવાનું જણાવ્યું હતું. ફ્યૂચર સોલાર કંપનીએ કરજણ પાસેના રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ગોડાઉન ભાડે રાખ્યું છે. જ્યાં સોલારને લગતો સામાન રાખેલો છે. શુક્રવારે બપોરે સોલાર કંપનીના માણસો સાથે અમે સિક્યુરિટી એજન્સી તરીકે રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ગયા હતા. કંપનીનો સામાન ગોડાઉનમાંથી ખાલી કરવાનો હતો. જ્યારે પહોંચ્યા ત્યારે ભરત ડાંગરના ભાઈ કલ્પેશ ડાંગર અને તેના માણસોએ ગોડાઉનમાં જવા જ ન દીધા. મને માહોલ થોડો ખરાબ લાગ્યો હતો અને વધુ ઘર્ષણ ન થાય તે માટે મેં 112ને ફોન કર્યો હતો. જ્યારે 112ના પોલીસ કર્મીઓ આવ્યા છતાં તેમની સામે જ મને માર માર્યો હતો. કલ્પેશ ડાંગરે પોલીસની સામે જ ગન કાઢીને ફાયરિંગ કર્યું છે. અમને ગન બતાવી છે. પોલીસની નજર સામે જ અમને જાનથી મારવાની કોશીષ કરવામાં આવી છે. આ તમામ ઘટના પોલીસના બોડીવોર્ન કેમેરામાં કેદ થઈ છે. પોલીસની સામે જ મને અને સિક્યુરિટી એજન્સીના બીજા દેવેન્દ્રસિંહ રાઠોડને પણ જાનથી મારી નાખવાની કોશિશ કરાઈ છે. મારા સાથી હજુ પણ બેભાન હાલતમાં છે. - સાનુ પિલ્લાઈ, કર્મચારી, સિક્યુરિટી એજન્સી હુમલો થયો ત્યારે જનરક્ષક પોતાના રક્ષણ માટે દૂર ખસી ગયા, કરજણ પોલીસની કામગીરી શંકાના ઘેરામાં 112 જનરક્ષકના પોલીસ કર્મીઓની હાજરીમાં કલ્પેશ ડાંગર અને તેની ટોળકીએ હુમલો કર્યો હતો. આ સમયે જનરક્ષકના પોલીસ કર્મીઓ પોતાના રક્ષણ માટે દૂર ખસી ગયા હતા. કરજણ પોલીસે પણ કલ્પેશ ડાંગર સહિત ટોળકી સામે કાયદેસરની કાર્યવાહી ન કરતાં શંકાના ઘેરામાં આવી છે.

# વાઘોડિયા રોડ પ્રભાત ચાર રસ્તા નજીક ઈંટો ભરેલી ટ્રકનાં ટાયર ખાડામાં ખૂંપ્યાં



• વડોદરા

વાઘોડિયા રોડ પ્રભાત ચાર રસ્તા પાસે ઈંટો ભરેલી ટ્રકનાં ટાયર ફસાયાં હતાં. પાણીની લાઈન નાખ્યા બાદ યોગ્ય રીતે પુરાણ ન કરાતાં ત્યાંથી પસાર થતી ટ્રકનાં ટાયર રોડમાં ખૂંપી જતાં લોકોમાં તંત્ર પ્રત્યે નારાજગી ફેલાઈ હતી. વાઘોડિયા રોડ પ્રભાત ચાર રસ્તા પાસે 2 મહિના પૂર્વે પાણીની લાઈનના લીકેજનું સમારકામ કરાયું હતું. સમારકામ બાદ ખાડો પૂર્યો હતો, પરંતુ યોગ્ય રીતે પુરાણ કરાયું ન હોવાથી શનિવારે સવારે ત્યાંથી પસાર થતી ટ્રકનાં ટાયર રોડમાં ખૂંપી ગયાં હતાં. આખરે ઈંટો ખાલી કરી ટ્રકને બહાર કાઢવી પડી હતી. યોગ્ય પુરાણના અભાવે રોડ બેસી ગયો હોવાની ફરિયાદો ઊઠી હતી. બીજી તરફ કારેલીબાગ ઉત્કર્ષ પેટ્રોલ પંપની બહાર ભૂવો પડ્યો હતો. જેને કારણે તેની આસપાસ બેરિકેડિંગ કરાયું હતું. આ સ્થળે તાજેતરમાં ડ્રેનેજ લાઈન નખાઈ હતી. સ્થાનિકોના મતે લાઈન નાખવાની કામગીરી બાદ રોડ બનાવ્યો હતો અને ત્યાં ભૂવો પડ્યો છે. કોઈ અકસ્માત ન સર્જાય તે માટે બેરિકેડ મૂકાયાં છે.

# એનઆરઆઇ ખેતીની જમીન ખરીદી નહી શકે, વારસદાર થઇ શકશે

• વડોદરા

ભારતમાં વસતા એનઆરઆઈ દ્વારા ખરીદાતી પ્રોપર્ટીની જાણ ઈન્કમટેક્સ વિભાગને કરવી ફરજિયાત બની છે. 'એનઆરઆઈ એસેટ્સ 26AS' મુજબ વિદેશમાં ખરીદેલી મિલકત કે વિદેશમાં રહેતા ભારતીયોએ ભારતમાં ખરીદેલી મિલકત, બંનેની જાણ સરકારને કરવાની રહેશે. બરોડા ટેક્સ બાર એસો.ની સ્થાપનાનાં 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા સેમિનારમાં આ અંગે ફેલાયેલા ગભરાટને દૂર કરવા માર્ગદર્શન અપાયું હતું. સેમિનારમાં જણાવાયું કે, એનઆરઆઈ વારસાઈમાં મળેલી જમીન રાખી શકે છે, પરંતુ નવી ખેતીની જમીન ખરીદી શકતા નથી. આ સાથે જીએસટી ટ્રિબ્યૂનલમાં અપીલ માટે 6.50 લાખ કેસ પેન્ડિંગ છે, ત્યારે અપીલ કેવી રીતે કરવી તે અંગે પણ સમજણ આપી હતી. બરોડા ટેક્સ બાર એસો.ની સ્થાપના 1951માં સ્વ.ચંદ્રકાંત નગરશેઠ, સ્વ. મંગુભાઈ શાહ, સ્વ.દાલિયા પટેલ અને અન્ય મિત્રોએ કરી હતી. હાલ સંસ્થામાં સીએ, એડવોકેટ અને ટેક્સ પ્રેક્ટિશનર્સ સહિત 260થી વધુ સભ્યો છે. વાણિજ્ય ભવનમાં વેપારીઓ અને સભ્યો માટે ઈન્કમટેક્સ તેમજ જીએસટી અંગે ખાસ સેમિનાર યોજાયો હતો. જેમાં એડવોકેટ સમીર સિદ્ધપુરિયાએ 'નોન રેસિડેન્ટ ટેક્સેશન' અને જીએસટીના સુધારા અંગે માહિતી આપી હતી.

લોન : ફેમાના નિયમ મુજબ એનઆરઆઈ ભારતની મુલાકાતે હોય તો ભારતીય નિવાસી પાસે અંગત જરૂર માટે લોન લઈ શકે.

વારસામાં મળેલી મિલકત:એનઆરઆઈ ભારતમાં વારસા કે ભેટ મળેલી સ્થાવર મિલકત રાખી શકે-વેચાણ પણ કરી શકે.

બેંક ખાતું:એનઆરઆઈના બચત ખાતામાં 20 લાખથી વધુ રકમ હોય તો તેની વિગત IT રિટર્નમાં ડિક્લેર કરવી ફરજિયાત છે.

લોનની ઉઘરાણી માટે વકીલને ફોન કરી વકીલાતની ડિગ્રી તથા જાતિ અપમાનિત શબ્દો કહ્યા હતા

# લોનની ઉઘરાણી માટે વકીલને કોલ કરી જાતિ અપમાનિત શબ્દો કહેતા ફરિયાદ

• વડોદરા

લોનની ઉઘરાણી માટે વકીલને કોલ કરી જાતિ અપમાનિત શબ્દો કહેતા ફરિયાદ લોનની ઉઘરાણી માટે વકીલને ફોન કરી વકીલાતની ડિગ્રી તથા જાતિ અપમાનિત શબ્દો કહ્યા હતા. જે અંગે વકીલે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.આજવારોડ જાદવ અમી શ્રદ્ધા સોસાયટીમાં રહેતા વકીલ રૂપેશકુમાર રમેશભાઈ વસાવાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ક્રેઝીબી સર્વિસીસ પ્રા.લિ. ક્રેડિટ બી માંથી મેં લોન લીધી હતી. આર્થિક તકલીફના કારણે મેં છેલ્લા ત્રણ મહિનાથી હપ્તા ભર્યા નહતા. ગત ૧૭ મી તારીખે સાંજે હું મારા મિત્ર



મોસીન દિવાન કોર્ટથી ઘરે આવતા હતા. તે દરમિયાન મારા મોબાઈલ પર લોનની ઉઘરાણી માટે એક વ્યક્તિનો કોલ આવ્યો હતો. મેં સ્પીકર ચાલુ કર્યું હતું. મેં તેને નમ્રતાથી જણાવ્યું હતું કે, મારાથી હમણા લોન ભરી શકાય તેમ નથી. સગવડ થતા ભરી દઈશ. પરંતુ, તે કોઈ વાત માનવા તૈયાર નહતો. તેણે મારી સાથે અભદ્ર ભાષામાં વાત કરતા મેં તેનું નામ પૂછતા તેણે પોતાનું નામ મયૂર જણાવ્યું હતું. તેણે થોડીવાર પછી પોતાનું નામ હિતેશ જણાવ્યું હતું. થોડીવાર પછી અન્ય એક વ્યક્તિએ મારી સાથે વાત કરી હતી. તેણે મારી વકીલાતની ડિગ્રી તેમજ જાતિ અપમાનિત શબ્દો કહ્યા હતા. આ અંગે મેં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મારી સાથે પહેલી વખત વાત કરનારનું નામ સાહિલ મહેન્દ્રભાઈ બાકોલા (રહે. જગદંબા હોમ્સ ત્રાગંડ, અમદાવાદ મૂળ રહે. અમુલુણ ગામ,તા. કાંકરેજ,જિ.બનાસકાંઠા) તથા બીજી વખત વાત કરનારનું નામ ભાવિક કૈલાસભાઈ જોશી (રહે. જોગણી માતાની ચાલી, ઘાટલોડિયા, અમદાવાદ, મૂળ રહે. રાજસ્થાન)હતું.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# IPLમાં જે સારું રમશે તેને BCCI દ્વારા વર્લ્ડ કપમાં સિલેક્ટ કરશે

### 2027ના ODI ટુર્નામેન્ટ માટે 20 ભારતીય ખેલાડીઓ શોર્ટલિસ્ટ



આ ભારતીય ટીમની સિલેક્શન પેનલ છે. તસવીરમાં ડાબેથી બીજા નંબરે T20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને વચ્ચે BCCI સેક્રેટરી દેવજીત સૈકિયા જોવા મળી રહ્યા છે. આ ફોટો T20 વર્લ્ડ કપ 2026 માટે ટીમ પસંદગીની બેઠક દરમિયાનનો છે. 28 માર્ચથી શરૂ થઈ રહેલી IPL ભારતીય ખેલાડીઓ માટે ખાસ રહેવાની છે. T20 ફોર્મેટમાં રમાનારી આ લીગથી ટીમ ઈન્ડિયાની વન-ડે વર્લ્ડ કપ 2027ની ટીમ નક્કી થશે. ન્યૂઝ એજન્સી PTIએ BCCI સૂત્રના હવાલેથી આ માહિતી આપી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની સિલેક્શન કમિટીએ 20 ખેલાડીઓને શોર્ટલિસ્ટ કર્યા છે, જેમના પ્રદર્શન પર આ IPL દરમિયાન ખાસ નજર રાખવામાં આવશે. અજીત અગરકરની આગેવાની હેઠળની સમિતિનું ફોકસ આ ખેલાડીઓની ફોર્મ અને ફિટનેસ પર રહેશે. એટલું જ નહીં, પંજાબના મુલ્લાનપુરમાં 6 થી 10 જૂન સુધી અફઘાનિસ્તાન સામે રમાનારી ટેસ્ટ મેચમાં પણ ટીમ ઈન્ડિયા પોતાની ફુલ-સ્ટ્રેન્થ સાથે ઉતરશે. તમામ સિનિયર ખેલાડીઓ તેમાં રમશે. BCCIએ સિલેક્ટર્સને મેચ જોવાની જવાબદારી વહેંચી દીધી છે. દરેક પસંદગીકાર અઠવાડિયામાં ઓછામાં ઓછી એક IPL મેચ સ્ટેડિયમમાં જઈને જોશે, જેથી દર અઠવાડિયે શોર્ટલિસ્ટ થયેલા ખેલાડીઓની પાંચ મેચની ગ્રાઉન્ડ રિપોર્ટ તૈયાર થઈ શકે. આ ઉપરાંત બાકીની મેચને ટીવીથી ટ્રેક કરશે. આ વખતે પસંદગીકારો નવા ઉભરતા ખેલાડીઓ કરતાં પહેલાથી નક્કી કરાયેલા વન-ડે કોર ગ્રુપના ખેલાડીઓ પર જ ધ્યાન આપશે.

પસંદગીકારોની જવાબદારી નક્કી કરી દેવામાં આવી છે. ચીફ સિલેક્ટર અજીત અગરકર મુંબઈમાં રહેશે, જ્યારે એસ.એસ. દાસ કોલકાતાથી મેચ જોશે. જ્યારે આર.પી. સિંહ અને અજય રાત્રા NCR ક્ષેત્રમાં હાજર રહેશે, જ્યારે પ્રજ્ઞાન ઓઝા બેંગલુરુ અને હૈદરાબાદમાં મેચ પર નજર રાખશે.અફઘાનિસ્તાન સામેની ટેસ્ટમાં ભારત પોતાની ફુલ-સ્ટ્રેન્થ ટીમ ઉતારશે. જોકે, આ મેચમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ્સ નહીં મળે, તેમ છતાં ટીમ મેનેજમેન્ટ તેને હળવાશથી લઈ રહ્યું નથી.

ઑગસ્ટથી માર્ચ વચ્ચે ભારતને 9 ટેસ્ટ રમવાની છે, તેથી તમામ રેડ-બોલ ખેલાડીઓ આ મુકાબલામાં ઉપલબ્ધ રહેશે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે બુમરાહ અને સિરાજ, જો IPL દરમિયાન ફિટ રહે છે, તો અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ સ્ક્વોડનો ભાગ હશે.

**નિવૃત્તિ**

### આર અશ્વિન હવે અમેરિકામાં ક્રિકેટ રમશે

# સેન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ સાથે કરાર કર્યો, 2024માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી

### ભારતના પૂર્વ ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન હવે અમેરિકાની T20 લીગમાં રમતા જોવા મળશે

ભારતના પૂર્વ ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન હવે અમેરિકાની T20 લીગમાં રમતા જોવા મળશે. તેમણે આગામી મેજર લીગ ક્રિકેટ (MLC) સિઝન માટે સેન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ ટીમ સાથે કરાર કર્યો છે. આ સાથે જ તેઓ આ ટુર્નામેન્ટમાં રમનારા પ્રથમ પૂર્વ ભારતીય ઈન્ટરનેશનલ ખેલાડી બની ગયા છે.



અશ્વિને વર્ષ 2024ના અંતમાં ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. ત્યારબાદ 2025ના IPLમાં તેઓ CSK તરફથી રમતા જોવા મળ્યા હતા, જોકે તે સિઝન તેમના માટે બહુ ખાસ રહી ન હતી. IPL સમાપ્ત થયા પછી તેમણે આ લીગમાંથી પણ સંન્યાસની જાહેરાત કરી દીધી હતી. હવે સંન્યાસ પછી તેઓ ગ્લોબલ લીગ્સ તરફ વળી રહ્યા છે.

અશ્વિને વર્ષ 2024ના ડિસેમ્બરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. પોતાની લાંબી અને સફળ કારકિર્દીમાં અશ્વિને ભારત બહારની કોઈપણ T-20 લીગમાં ભાગ લીધો નથી. આ પહેલી તક હશે જ્યારે તેઓ IPL સિવાય કોઈ ગ્લોબલ ફ્રેન્ચાઈઝી કોમ્પિટિશનમાં રમશે. આ પહેલા તેમણે ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગ (BBL)માં સિડની થન્ડર સાથે કરાર કર્યો હતો, પરંતુ ઘૂંટણની સર્જરીને કારણે તેઓ તે સમયે રમી શક્યા ન હતા.

અમેરિકામાં રમવાને લઈને અશ્વિન ખૂબ ઉત્સાહિત છે. તેમણે કહ્યું, 'તાજેતરમાં મેં ડલાસમાં એક એક્ઝિબિશન મેચ રમી હતી. ત્યાં એશિયન મૂળના લોકો વચ્ચે ક્રિકેટને લઈને જે દીવાનગી જોઈ, તેણે મને આશ્ચર્યચકિત કરી દીધો. ત્યાં ક્રિકેટની ઘણી સંભાવનાઓ છે. તેમણે આગળ કહ્યું કે અમેરિકામાં રહેતા લોકો અને ખાસ કરીને બાળકો જે રીતે આ રમતમાં રસ દાખવી રહ્યા છે, તેને નજીકથી અનુભવવા માટે હું MLCનો ભાગ બનવા માંગતો હતો.

વર્ષ 2028માં લોસ એન્જલસમાં યોજાનારી ઓલિમ્પિક રમતોમાં ક્રિકેટની 128 વર્ષ પછી વાપસી થવા જઈ રહી છે. આ પહેલા અમેરિકા પોતાને ક્રિકેટના મોટા ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત કરી રહ્યું છે. MLCના ચીફ એક્ઝિક્યુટિવ જોની ગ્રેવે કહ્યું, અશ્વિન જેવા કદના ખેલાડીનું અમારી સાથે જોડાણ એ દર્શાવે છે કે છેલ્લા ત્રણ વર્ષમાં અમારી લીગે કેટલી પ્રગતિ કરી છે. હવે અમેરિકામાં લોકો ક્રિકેટ વિશે જાણવા લાગ્યા છે.

મેજર લીગ ક્રિકેટમાં IPLનું કનેક્શન છે. લીગની 6 માંથી 3 ટીમોના માલિકો એ જ ગ્રુપ્સ છે જેમની પાસે IPL ટીમો છે. તેમાં MI ન્યૂયોર્ક (MI), ટેક્સાસ સુપર કિંગ્સ (CSK) અને LA નાઈટ રાઈડર્સ (KKR) સામેલ છે. આ ઉપરાંત, તાજેતરમાં રાજસ્થાન રોયલ્સને પણ અમેરિકાના મોટા રોકાણકારોએ ખરીદી છે, જેમાં NFL (એનએફએલ) ટીમોના માલિકો પણ સામેલ છે.MLCની ચોથી સીઝન એટલે કે 2026ની સીઝન 18 જૂનથી શરૂ થશે. આ ટુર્નામેન્ટ ટેક્સાસ, લોસ એન્જલસ અને ઓકલેન્ડમાં રમાશે. તેનો ફાઈનલ મુકાબલો 18 જુલાઈએ ઓકલેન્ડ કોલિઝિયમમાં થશે. અશ્વિનની ટીમ સેન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ અત્યાર સુધી એક પણ વાર ખિતાબ જીતી શકી નથી. વર્ષ 2024માં તેઓ ફાઈનલ સુધી પહોંચ્યા હતા, પરંતુ વોશિંગ્ટન ફ્રીડમ સામે હારી ગયા હતા.

### 20 વર્ષથી વધુની રહી કોમેન્ટ્રી કારકિર્દી

# કોમેન્ટેટર શિવરામકૃષ્ણને રંગભેદના આરોપો લગાવ્યા, BCCI પેનલ છોડી

### માખણ લગાવી શકતો નથી; વોર્નની સ્પિનનો સામનો કરવા માટે સચિનને પ્રેક્ટિસ કરાવી હતી

• નવી દિલ્હી

પૂર્વ ભારતીય ક્રિકેટર અને દિગ્ગજ કોમેન્ટેટર લક્ષ્મણ શિવરામકૃષ્ણને BCCIની કોમેન્ટ્રી પેનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે 23 વર્ષની કારકિર્દીમાં તેમને ટૉસ અને પ્રેઝન્ટેશન જેવા મહત્વના પ્રસંગો માટે ઉપયોગમાં લેવામાં આવ્યા ન હતા, જેનાથી તેઓ નિરાશ હતા.શિવરામકૃષ્ણને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને પોતાના નિર્ણયની જાણકારી આપી. તેમણે લખ્યું- 'હું BCCI માટે કોમેન્ટ્રીમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું.' પૂર્વ લેગ સ્પિનરે લખ્યું કે નવા કોમેન્ટેટરોને તકો મળતી રહી, જ્યારે તેમને લાંબા સમય સુધી અવગણવામાં આવ્યા.

શિવરામકૃષ્ણને એમ પણ કહ્યું કે તેમની નિવૃત્તિ પાછળ ટીવી પ્રોડક્શન સાથે જોડાયેલી એક મોટી કહાની છે, જે ટૂંક સમયમાં સામે આવશે. એક યુઝરે રંગભેદનો મુદ્દો ઉઠાવવા પર તેમણે તેને યોગ્ય ઠેરવ્યો, જેનાથી વિવાદ વધુ ઘેરો બન્યો છે.

શિવરામકૃષ્ણને કહ્યું, 'છેલ્લા 23 વર્ષથી મને ટૉસ અને પ્રેઝન્ટેશન સેરેમની માટે મોકલ્યો નથી. જ્યારે નવા લોકોને પીચ રિપોર્ટ, ટૉસ અને પ્રેઝન્ટેશન સેરેમની માટે મોકલવામાં આવતા રહ્યા છે. મને તે સમયે પણ મોકલવામાં આવ્યો ન હતો જ્યારે રવિ શાસ્ત્રી કોચિંગ કરી રહ્યા હતા, તો તેનો અર્થ શું હોઈ શકે છે.' તેમણે કહ્યું, 'BCCIના અધિકારો ધરાવતી કંપનીની શું હાલત થાય છે તેનો અંદાજ કોઈ પણ લગાવી



શકે છે. મારું નિવૃત્ત થવું કોઈ મોટી વાત નથી પરંતુ ટીવી પ્રોડક્શનની એક નવી વાર્તા સામે આવી રહી છે. જલ્દી જ તમારી સામે આખી તસવીર સ્પષ્ટ થઈ જશે.'

જ્યારે એક યુઝરે પૂછ્યું કે શું તેમની ત્વચાનો રંગ કોઈ મુદ્દો છે, તો શિવરામકૃષ્ણને જવાબ આપ્યો, 'તમે સાચા છો. રંગભેદ.' શિવરામકૃષ્ણન બે દાયકાથી વધુ સમય સુધી કોમેન્ટ્રી બોક્સની અંદર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કરવા માટે જાણીતા રહ્યા છે. શિવરામકૃષ્ણન 2000થી કોમેન્ટ્રી કરી રહ્યા હતા અને પોતાના સ્પષ્ટ મંતવ્યો માટે જાણીતા હતા. તેઓ ICC ક્રિકેટ કમિટીમાં ખેલાડી પ્રતિનિધિ પણ રહી ચૂક્યા છે. 2 પોઈન્ટ્સમાં ક્રિકેટ કારકિર્દી1983 થી 1986 સુધી ભારતીય ટીમ માટે 9 ટેસ્ટ અને 16 વન-ડે રમ્યા. 1984માં ઈંગ્લેન્ડ સામેની મેચમાં 12 વિકેટ લઈને ચર્ચામાં આવ્યા. 1985માં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મહત્વની ભૂમિકા ભજવી. ફાઈનલમાં પાકિસ્તાન સામે બોલિંગથી ટીમને જીત અપાવવામાં યોગદાન.1980ના દાયકાની શરૂઆતમાં 17 વર્ષની ઉંમરે પોતાની દમદાર લેગ-સ્પિન બોલ, ગૂગલી અને ટોપ સ્પિનથી હલચલ મચાવી દીધી હતી. તેઓ 1985માં ઓસ્ટ્રેલિયામાં આયોજિત ક્રિકેટ વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતનારી ભારતીય વન-ડે ટીમનો ભાગ હતા.

1997-98માં જ્યારે ઓસ્ટ્રેલિયન ટીમ ઈન્ડિયા ટૂર પર આવી હતી. ત્યારે સચિન તેંડુલકરે શેન વોર્નની ચેલેન્જને પહોંચી વળવા માટે શિવરામકૃષ્ણનને બોલાવ્યા. શિવરામકૃષ્ણન ભલે તેમનો ક્રિકેટ કરિયર લાંબો ન ચાલ્યો હોય પરંતુ તે પછી તેમણે કોમેન્ટેટર તરીકે પોતાની અલગ ઓળખ બનાવી.

# બાંગ્લા દેશે IPL ટેલિકાસ્ટ પરનો પ્રતિબંધ હટાવ્યો મંત્રીએ કહ્યું- રમતને રાજકારણથી અલગ રાખો



બાંગ્લાદેશ સરકારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ટેલિકાસ્ટ પરનો પ્રતિબંધ હટાવી દીધો છે. માહિતી અને પ્રસારણ મંત્રી ઝહીર ઉદ્દીન સ્વાપને શનિવારે એક ખાનગી કાર્યક્રમમાં જણાવ્યું હતું કે રમતગમતને રાજકારણથી અલગ રાખવું જોઈએ. બાંગ્લાદેશમાં IPLના પ્રસારણ પર કોઈ પ્રતિબંધ નથી. સ્વાપને કહ્યું - IPLનું પ્રસારણ કરવા માટે કોઈ પણ ચેનલે અમારો સંપર્ક કર્યો નથી. અમે IPLને વ્યાવસાયિક દૃષ્ટિકોણથી જોઈશું અને જો કોઈ ચેનલ IPLના પ્રસારણ માટે અરજી કરશે, તો અમે તેના પર સકારાત્મક રીતે વિચારણા કરીશું. હકીકતમાં, બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને કોલકાતા નાઈટ રાઈડર્સે ટીમમાંથી બહાર કરી દીધો હતો. આ પછી, તે સમયની યુનુસ સરકારે IPLના ટેલિકાસ્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. ડૉઈચે વેલેએ સ્વપનના હવાલાથી કહ્યું, IPLનું પ્રસારણ કરવા માટે કોઈએ પણ અમારો સંપર્ક કર્યો નથી. અમે રમતમાં રાજકારણને ભેળવવા માંગતા નથી.અમે તેને વ્યાવસાયિક દૃષ્ટિકોણથી જોઈશું, અને જો કોઈ ચેનલ IPLનું પ્રસારણ કરવા માટે અરજી કરશે, તો અમે તેના પર સકારાત્મક રીતે વિચાર કરીશું. 3 જાન્યુઆરીએ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ મુસ્તફિઝુરને ટીમમાંથી બહાર કર્યો હતો. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ પર થઈ રહેલી હિંસા વચ્ચે તેમને ટીમમાંથી હટાવવાની માંગ ઉઠી રહી હતી. આ પછી BCCIએ શાહરૂખ ખાનની IPL ટીમ KKRને મુસ્તફિઝુર રહેમાનને હટાવવાનો આદેશ આપ્યો હતો, જેના પછી આ નિર્ણય લેવામાં આવ્યો. ડૉઈચે વેલેએ સ્વપનના હવાલાથી કહ્યું, IPLનું પ્રસારણ કરવા માટે કોઈએ પણ અમારો સંપર્ક કર્યો નથી. અમે રમતમાં રાજકારણને ભેળવવા માંગતા નથી. અમે તેને વ્યાવસાયિક દૃષ્ટિકોણથી જોઈશું, અને જો કોઈ ચેનલ IPLનું પ્રસારણ કરવા માટે અરજી કરશે, તો અમે તેના પર સકારાત્મક રીતે વિચાર કરીશું. 3 જાન્યુઆરીએ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ મુસ્તફિઝુરને ટીમમાંથી બહાર કર્યો હતો. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ પર થઈ રહેલી હિંસા વચ્ચે તેમને ટીમમાંથી હટાવવાની માંગ ઉઠી રહી હતી. આ પછી BCCIએ શાહરૂખ ખાનની IPL ટીમ KKRને મુસ્તફિઝુર રહેમાનને હટાવવાનો આદેશ આપ્યો હતો, જેના પછી આ નિર્ણય લેવામાં આવ્યો.

# સનરાઈઝર્સ હૈદરાબાદના ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ IPL 2026માંથી બહાર

### પગની ઈજાને કારણે રમી શકશે નહીં; 28 માર્ચે પ્રથમ મેચ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની શરૂઆત પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ઓસ્ટ્રેલિયાના ઉભરતા સીમ-બોલિંગ ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ પગની ઈજાને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. 25 વર્ષીય એડવર્ડ્સને હૈદરાબાદે ગત ઓક્શનમાં 3 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.આ સીઝનમાં એડવર્ડ્સ પોતાનું IPL ડેબ્યૂ કરવાનો હતો. પરંતુ હવે તેને આ માટે આવતા વર્ષ સુધી રાહ જોવી પડશે. તે 2025ના ઓક્શનમાં ખરીદાયેલો એકમાત્ર અનકેપ્ડ (જેણે આંતરરાષ્ટ્રીય મેચ ન રમી હોય) વિદેશી ખેલાડી હતો. જોકે, ઓક્શન પછી તેણે ઓસ્ટ્રેલિયા માટે પોતાનું આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કરી લીધું હતું.જેક એડવર્ડ્સે બિગ બેશ લીગ (BBL) 2025-26ની સીઝનમાં સિડની સિક્સર્સ માટે જબરદસ્ત રમત બતાવી હતી. તેણે 13 મેચમાં 19 વિકેટ ઝડપી હતી અને 133 રન બનાવ્યા હતા. આ જ પ્રદર્શનના આધારે તેને IPL ઓક્શનમાં મોટી રકમ મળી હતી. BBL ફાઈનલના ચાર દિવસ પછી જ તેણે પર્થમાં પાકિસ્તાન સામે પોતાની T-20 ઈન્ટરનેશનલ ડેબ્યૂ કરી હતી. જોકે, તે મેચ તેના માટે ખાસ રહી ન હતી અને તેણે 2 ઓવરમાં 25 રન આપ્યા હતા અને બેટથી માત્ર 5 રન બનાવી શક્યો હતો. કમિન્સની ગેરહાજરીમાં ઈશાન કિશન સંભાળશે કમાનએડવર્ડ્સનું બહાર થવું હૈદરાબાદ માટે બેવડી મુસીબત જેવું છે. ટીમનો નિયમિત કેપ્ટન પેટ કમિન્સ પણ શરૂઆતી મેચમાં ઉપલબ્ધ રહેશે નહીં. કમિન્સ પોતાની કમરની ઈજામાંથી સાજો થઈ રહ્યા છે. તેની ગેરહાજરીમાં ટીમ મેનેજમેન્ટે ભારતીય વિકેટકીપર બેટર ઈશાન કિશનને કપ્તાની સોંપી છે. ઈશાન કિશન આ સીઝનમાં હૈદરાબાદની કમાન સંભાળતા જોવા મળશે. સનરાઈઝર્સ હૈદરાબાદ પોતાના અભિયાનની શરૂઆત 28 માર્ચે કરશે. સીઝનની પહેલી જ મેચમાં તેમનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે થશે.

## ભારત 2028માં વર્લ્ડ ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની યજમાની કરશે:એશિયાનો ચોથો દેશ બનશે, ભુવનેશ્વરમાં આયોજન થશે

કલિંગા ઈન્ડોર એથ્લેટિક્સ સ્ટેડિયમ 2028 વર્લ્ડ એથ્લેટિક્સ ઈન્ડોર ચેમ્પિયનશિપની યજમાની કરશે. આ દક્ષિણ એશિયાનું સૌથી મોટું ઈન્ડોર એથ્લેટિક્સ સ્ટેડિયમ છે. ભારતને 2028 વર્લ્ડ ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની યજમાની મળી છે. ભુવનેશ્વર આ ટુર્નામેન્ટનું યજમાન શહેર હશે. આ પહેલીવાર હશે જ્યારે આ આયોજન ભારતમાં કરવામાં આવશે. ભારતની યજમાનીવાળી બોલીને વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલે પોલેન્ડના ટોરુનમાં યોજાયેલી બેઠકમાં મંજૂરી આપી. આ પહેલા જાન્યુઆરીમાં વર્લ્ડ એથ્લેટિક્સની ટીમે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ કોમ્પ્લેક્સના ઈન્ડોર સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું. જાન્યુઆરીમાં વર્લ્ડ એથ્લેટિક્સની ટીમે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ કોમ્પ્લેક્સના ઈન્ડોર સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું. ભારતને પ્રથમ વખત યજમાની મળીભારત આ ચેમ્પિયનશિપની યજમાની કરનાર એશિયાનો ચોથો દેશ બનશે. આ પહેલા જાપાન, કતાર અને ચીન આ ટુર્નામેન્ટની યજમાની કરી ચૂક્યા છે. આ ટુર્નામેન્ટ દર બે વર્ષે યોજાય છે અને તેની શરૂઆત 1985માં પેરિસથી થઈ હતી. 2028માં યોજાનારું આ તેનું 22મું સંસ્કરણ હશે.2026નું સંસ્કરણ ટોરુન (પોલેન્ડ)માં શરૂ થવા જઈ રહ્યું છે, પરંતુ તેમાં કોઈ ભારતીય ખેલાડી ભાગ લેશે નહીં. ભારત અત્યાર સુધી આ સ્પર્ધામાં એક પણ મેડલ જીતી શક્યું નથી, જ્યારે અમેરિકા 270 મેડલ સાથે સૌથી સફળ દેશ છે.

### ફ્રેન્ચાઈઝીએ IPL 2026 પહેલાં સાઈન કર્યો, T20 વર્લ્ડકપમાં 13 વિકેટ લીધી

# મુસ્તફિઝુરની જગ્યાએ ઝિમ્બાબ્વેનો બ્લેસિંગ મુઝરબાની KKRની ટીમમાં સામેલ કર્યો

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ IPL-2026 પહેલા ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝરબાનીને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. ફ્રેન્ચાઈઝીએ શુક્રવારે આ માહિતી આપી.29 વર્ષના આ ફાસ્ટ બોલરે T20 વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે તરફથી 13 વિકેટ ઝડપી હતી. તે પોતાની ટીમનો ટૉપ વિકેટ ટેકર્સ રહ્યો છે. ઝિમ્બાબ્વેની ટીમ સુપર-8 સ્ટેજ સુધી પહોંચી હતી. તેની બોલિંગ એવરેજ લગભગ 21ની છે. આ ફોર્મેટમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 4 વિકેટે 17 રન છે.બ્લેસિંગ મુઝરબાની પ્રથમ વખત ભારતીય લીગની કોઈ મેચમાં ભાગ લેશે. તેણે અત્યાર સુધી IPLની કોઈ પણ મેચ રમી નથી. તેમને ગયા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ છેલ્લી કેટલીક મેચ માટે પોતાની સાથે



જોડ્યો હતો, પરંતુ તેને પ્લેઈંગ-11માં સ્થાન મળ્યું ન હતું. મુઝરબાનીને લુંગી એન્ગિડીની જગ્યાએ ટીમમાં સામેલ કર્યો હતો. એન્ગિડી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલને કારણે છેલ્લી મેચ માટે ઉપલબ્ધ નહોતો.6 ફૂટ 8 ઈંચ લાંબા આ રાઈટ આર્મ ફાસ્ટ બોલરના આવવાથી કોલકાતાનો પેસર બોલિંગ એટેક મજબૂત થશે. તેને T20માં તેની બાઉન્સ અને વિકેટ લેવા માટે ઓળખવામાં આવે છે. મુઝરબાની પોતાની ઊંચાઈ અને ઝડપી ગતિને કારણે એક્સ્ટ્રા બાઉન્સ મેળવે છે, જેનાથી બેટર્સ માટે તેને રમવું પડકારજનક બની જાય છે.ઝિમ્બાબ્વેના આ ઝડપી બોલર પાસે T20 ઈન્ટરનેશનલનો સારો અનુભવ છે. તેણે 89 T20 ઈન્ટરનેશનલ મેચોમાં 106 વિકેટ ઝડપી છે. તેની બોલિંગ એવરેજ લગભગ 21ની છે. આ ફોર્મેટમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 4 વિકેટે 17 રન છે.બ્લેસિંગ મુઝરબાની પ્રથમ વખત ભારતીય લીગની કોઈ મેચમાં ભાગ લેશે. તેણે અત્યાર સુધી IPLની કોઈ પણ મેચ રમી નથી. તેમને ગયા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ છેલ્લી કેટલીક મેચ માટે પોતાની સાથે જોડ્યો હતો, પરંતુ તેને પ્લેઈંગ-11માં સ્થાન મળ્યું ન હતું. મુઝરબાનીને લુંગી એન્ગિડીની જગ્યાએ ટીમમાં સામેલ કર્યો હતો. એન્ગિડી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલને કારણે છેલ્લી મેચ માટે ઉપલબ્ધ નહોતો.

### મલાઈકાએ સોરાબ બેદી સાથે ડેટિંગ રૂમર્સ પર મૌન તોડ્યું

# લિંક અપની અફવાઓ પર હું અને મારો દીકરો અરહાન હસીએ છીએ :મલાઈકા

**એક્ટ્રેસ મલાઈકા અરોરાએ એક્ટર સોરાબ બેદી સાથે તેની ડેટિંગની અફવાઓને નકારી કાઢી છે. તાજેતરમાં કર્લી ટેલ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં મલાઈકાએ તેના રિલેશનશિપ સ્ટેટસ પર ચાલી રહેલી ચર્ચાઓ પર વાત કરી હતી**

એક્ટ્રેસ મલાઈકા અરોરાએ એક્ટર સોરાબ બેદી સાથે તેની ડેટિંગની અફવાઓને નકારી કાઢી છે. તાજેતરમાં કર્લી ટેલ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં મલાઈકાએ તેના રિલેશનશિપ સ્ટેટસ પર ચાલી રહેલી ચર્ચાઓ પર વાત કરી હતી. તેણે કહ્યું કે ક્યારેક-ક્યારેક આ હેરાન કરનારું હોય છે, પરંતુ હવે હું તેને મજાક તરીકે લઉં છું. હું તેને વધારે મહત્વ આપતી નથી. મલાઈકાએ એ પણ કહ્યું કે આ પ્રકારની અફવાઓ પર તે અને તેના પુત્ર અરહાન ખાન હસે છે.

મલાઈકાનું નામ સોરાબ બેદી સાથે ત્યારે જોડાયું જ્યારે બંનેનો એક કોઝી વીડિયો વાઈરલ થયો હતો. વીડિયોમાં સોરાબ મલાઈકાને ગળે લગાવીને ડાન્સ કરતા જોવા મળ્યા હતા. જોકે આ અંગે એક્ટરે કહ્યું હતું કે તે અને મલાઈકા માત્ર મિત્રો છે અને ઘણા વર્ષોથી એકબીજાને ઓળખે છે.

વાઈરલ વીડિયોમાં મલાઈકા અને સોરાબને એકસાથે ડાન્સ કરતા જોવામાં આવ્યા હતા. વાઈરલ વીડિયોમાં મલાઈકા અને સોરાબને એકસાથે ડાન્સ કરતા જોવામાં આવ્યા હતા.સોરાબે ટેલી ટોકને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'ડેલનાઝ દારૂવાલા અને વહબિઝ મહેતાએ મારા મોડેલિંગના દિવસોમાં મને રેમ્પ પર ચાલવાની તક આપી. મારી તેની સાથે મિત્રતા થઈ અને હું તેની સાથે પાર્ટીઓમાં જવા લાગ્યો. તેમાંથી જ એક પાર્ટીમાં હું મારા મેન્ટર્સ દ્વારા મલાઈકાને મળ્યો. તે પણ ડેલનાઝ અને વહબિઝની નજીકની મિત્ર છે. આ રીતે મલાઈકા અને મારી મિત્રતા થઈ. અમારા વચ્ચે એવું કંઈ નથી.'સોરાબે આગળ કહ્યું હતું કે, 'લોકો અમારા વિશે જાતજાતની વાતો કરી રહ્યા છે. કોઈ છોકરી વિશે કંઈ પણ બોલતા પહેલા તેમને બે વાર વિચારવું જોઈએ. તેનાથી તેની માનસિક સ્થિતિ પર અસર પડી શકે છે. આવું ન કરવું જોઈએ.'સોરાબને 'સ્પ્લિટ્સવિલા 16'થી ઓળખ મળી. આ ઉપરાંત તે 'ચાંદ જલને લગા' અને 'દિલવાલી દુલ્હા લે જાયેગી' જેવા ટીવી શોમાં પણ જોવા મળી ચૂક્યા છે.

એક્ટ્રેસ મલાઈકા અરોરાએ એક્ટર સોરાબ બેદી સાથે તેની ડેટિંગની અફવાઓને નકારી કાઢી છે. તાજેતરમાં કર્લી ટેલ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં મલાઈકાએ તેના રિલેશનશિપ સ્ટેટસ પર ચાલી રહેલી ચર્ચાઓ પર વાત કરી હતી. તેણે કહ્યું કે ક્યારેક-ક્યારેક આ હેરાન કરનારું હોય છે, પરંતુ હવે હું તેને મજાક તરીકે લઉં છું. હું તેને વધારે મહત્વ આપતી નથી. મલાઈકાએ એ પણ કહ્યું કે આ પ્રકારની અફવાઓ પર તે અને તેના પુત્ર અરહાન ખાન હસે છે.



મલાઈકાનું નામ સોરાબ બેદી સાથે ત્યારે જોડાયું જ્યારે બંનેનો એક કોઝી વીડિયો વાઈરલ થયો હતો. વીડિયોમાં સોરાબ મલાઈકાને ગળે લગાવીને ડાન્સ કરતા જોવા મળ્યા હતા. જોકે આ અંગે એક્ટરે કહ્યું હતું કે તે અને મલાઈકા માત્ર મિત્રો છે અને ઘણા વર્ષોથી એકબીજાને ઓળખે છે.

વાઈરલ વીડિયોમાં મલાઈકા અને સોરાબને એકસાથે ડાન્સ કરતા જોવામાં આવ્યા હતા. વાઈરલ વીડિયોમાં મલાઈકા અને સોરાબને એકસાથે ડાન્સ કરતા જોવામાં આવ્યા હતા.સોરાબે ટેલી ટોકને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'ડેલનાઝ દારૂવાલા અને વહબિઝ મહેતાએ મારા મોડેલિંગના દિવસોમાં મને રેમ્પ પર ચાલવાની તક આપી. મારી તેની સાથે મિત્રતા થઈ અને હું તેની સાથે પાર્ટીઓમાં જવા લાગ્યો. તેમાંથી જ એક પાર્ટીમાં હું મારા મેન્ટર્સ દ્વારા મલાઈકાને મળ્યો. તે પણ ડેલનાઝ અને વહબિઝની નજીકની મિત્ર છે. આ રીતે મલાઈકા અને મારી મિત્રતા થઈ. અમારા વચ્ચે એવું કંઈ નથી.'સોરાબે આગળ કહ્યું હતું કે, 'લોકો અમારા વિશે જાતજાતની વાતો કરી રહ્યા છે. કોઈ છોકરી વિશે કંઈ પણ બોલતા પહેલા તેમને બે વાર વિચારવું જોઈએ. તેનાથી તેની માનસિક સ્થિતિ પર અસર પડી શકે છે. આવું ન કરવું જોઈએ.'સોરાબને 'સ્પ્લિટ્સવિલા 16'થી ઓળખ મળી. આ ઉપરાંત તે 'ચાંદ જલને લગા' અને 'દિલવાલી દુલ્હા લે જાયેગી' જેવા ટીવી શોમાં પણ જોવા મળી ચૂક્યા છે.

સોરાબને 'સ્પ્લિટ્સવિલા 16'થી ઓળખ મળી. આ ઉપરાંત તે 'ચાંદ જલને લગા' અને 'દિલવાલી દુલ્હા લે જાયેગી' જેવા ટીવી શોમાં પણ જોવા મળી ચૂક્યા છે. લિંક અપની ખબરો પર સ્પષ્ટતા આપતા સોરાબે કહ્યું હતું કે, 'હું ઘણા વર્ષોથી વહબિઝ, ડેલનાઝ અને મલાઈકા સાથે પાર્ટીઓમાં જતો રહ્યો છું. પહેલા પણ હું મલાઈકા સાથે તસવીરો શેર કરતો હતો, પરંતુ તે સમયે હું જાણીતો ચહેરો નહોતો. હવે હું થોડો જાણીતો થવા લાગ્યો છું, તેથી લોકો આના પર ધ્યાન આપી રહ્યા છે. મેં પહેલા પણ આવા વીડિયો અને તસવીરો શેર કરી છે. બે લોકો મિત્ર હોઈ શકે છે. અમે એકબીજા પર ભરોસો કરીએ છીએ, પરંતુ લોકોએ તેને અલગ જ રીતે લીધું.'

સોરાબને 'સ્પ્લિટ્સવિલા 16'થી ઓળખ મળી. આ ઉપરાંત તે 'ચાંદ જલને લગા' અને 'દિલવાલી દુલ્હા લે જાયેગી' જેવા ટીવી શોમાં પણ જોવા મળી ચૂક્યા છે. લિંક અપની ખબરો પર સ્પષ્ટતા આપતા સોરાબે કહ્યું હતું કે, 'હું ઘણા વર્ષોથી વહબિઝ, ડેલનાઝ અને મલાઈકા સાથે પાર્ટીઓમાં જતો રહ્યો છું. પહેલા પણ હું મલાઈકા સાથે તસવીરો શેર કરતો હતો, પરંતુ તે સમયે હું જાણીતો ચહેરો નહોતો. હવે હું થોડો જાણીતો થવા લાગ્યો છું, તેથી લોકો આના પર ધ્યાન આપી રહ્યા છે. મેં પહેલા પણ આવા વીડિયો અને તસવીરો શેર કરી છે. બે લોકો મિત્ર હોઈ શકે છે. અમે એકબીજા પર ભરોસો કરીએ છીએ, પરંતુ લોકોએ તેને અલગ જ રીતે લીધું.'

### પરિવારને ઘર છોડવું પડ્યું; એક્ટરે અનુભવને ડરામણો ગણાવ્યો

# વરુણ ધવને અંડરવર્લ્ડ ધમકીભર્યો કોલ યાદ કર્યો:સ્ટાફે કોલર સાથે દલીલ કરી



બોલિવૂડ એક્ટર વરુણ ધવને બોલિવૂડના 1990ના દાયકાના ભયાવહ સમયગાળાનું એ સત્ય જણાવ્યું જ્યારે તેમના પરિવારને અંડરવર્લ્ડના ધમકીભર્યા ફોન કોલ્સનો સામનો કરવો પડ્યો હતો. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, વરુણે તાજેતરમાં એક વાતચીતમાં જણાવ્યું કે તે સમયે ઘણા મોટા સિતારાઓને અંડરવર્લ્ડ તરફથી ધમકીઓ અને બ્લેકમેલ કોલ્સ આવતા હતા. તેમના પિતા ડેવિડ ધવન અને પરિવારને પણ આવા જ ડરાવનારા કોલ્સનો સામનો કરવો પડ્યો હતો. વરુણે કહ્યું કે ત્યારે તેની ફેમિલીને સતત અંડરવર્લ્ડ તરફથી કોલ્સ આવતા હતા, પરંતુ તેને શરૂઆતમાં ખબર નહોતી કે કોલ્સ કયા હેતુથી છે. હકીકતમાં, ઘરના કેટલાક કર્મચારીઓએ કોલ કરનાર વ્યક્તિ સાથે દલીલ કરી હતી અને તેણે ભૂલથી ફોન પર આખું સરનામું પણ કહી દીધું હતું, જેમાં તેના ઘર અને ઓફિસની જગ્યાનો ઉલ્લેખ હતો.તેણે આગળ જણાવ્યું કે કોલ કરનારે કહ્યું હતું કે તે ગાર્ડનમાં મળીને મારવા આવશે અને સરનામું પણ જાણે છે. જેવી વાત વધી, કોઈએ તરત જ ડેવિડ ધવનને ફોન કરીને જણાવ્યું કે મામલો હાથમાંથી નીકળી રહ્યો છે અને શંકાસ્પદ વ્યક્તિએ વાસ્તવિક જીવનમાં હિંસાની ધમકી પણ આપી છે. આ અણબનાવ પછી પરિવારને તે દિવસે પોતાના ઘરેથી ક્યાંક બીજે જવું પડ્યું, કારણ કે સ્થિતિ ગંભીર અને ડરામણી હતી. વરુણે આ ઘટનાને મજેદાર પણ ડરામણી ગણાવી, કારણ કે તે સમયમાં બોલિવૂડના ઘણા દિગ્ગજ કલાકારો પર અંડરવર્લ્ડનું દબાણ અને ધમકીઓ સામાન્ય સમસ્યા બની રહી હતી.
વરુણના નિવેદનથી તે સમયના ફિલ્મ ઉદ્યોગની એક ચિંતાજનક તસવીર સામે આવી છે, જ્યારે કલાકારો, નિર્દેશકો અને નિર્માતાઓ રોજ આવા ખતરાનો સામનો કરતા હતા.વર્કફ્રન્ટની વાત કરીએ તો, વરુણ તાજેતરમાં બોક્સ ઓફિસ હિટ ફિલ્મ 'બોર્ડર 2' માં જોવા મળ્યા છે. તેમની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. આ એક રોમેન્ટિક કોમેડી ફિલ્મ છે, જેમાં વરુણ ધવન, પૂજા હેગડે અને મૃણાલ ઠાકુર સાથે જોવા મળશે. આ ફિલ્મને ડેવિડ ધવન ડિરેક્ટ કરી રહ્યા છે. બોલિવૂડ એક્ટર વરુણ ધવને બોલિવૂડના 1990ના દાયકાના ભયાવહ સમયગાળાનું એ સત્ય જણાવ્યું જ્યારે તેમના પરિવારને અંડરવર્લ્ડના ધમકીભર્યા ફોન કોલ્સનો સામનો કરવો પડ્યો હતો. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, વરુણે તાજેતરમાં એક વાતચીતમાં જણાવ્યું કે તે સમયે ઘણા મોટા સિતારાઓને અંડરવર્લ્ડ તરફથી ધમકીઓ અને બ્લેકમેલ કોલ્સ આવતા હતા. તેમના પિતા ડેવિડ ધવન અને પરિવારને પણ આવા જ ડરાવનારા કોલ્સનો સામનો કરવો પડ્યો હતો. વરુણે કહ્યું કે ત્યારે તેની ફેમિલીને સતત અંડરવર્લ્ડ તરફથી કોલ્સ આવતા હતા, પરંતુ તેને શરૂઆતમાં ખબર નહોતી કે કોલ્સ કયા હેતુથી છે. હકીકતમાં, ઘરના કેટલાક કર્મચારીઓએ કોલ કરનાર વ્યક્તિ સાથે દલીલ કરી હતી અને તેણે ભૂલથી ફોન પર આખું સરનામું પણ કહી દીધું હતું, જેમાં તેના ઘર અને ઓફિસની જગ્યાનો ઉલ્લેખ હતો.તેણે આગળ જણાવ્યું કે કોલ કરનારે કહ્યું હતું કે તે ગાર્ડનમાં મળીને મારવા આવશે અને સરનામું પણ જાણે છે. જેવી વાત વધી, કોઈએ તરત જ ડેવિડ ધવનને ફોન કરીને જણાવ્યું કે મામલો હાથમાંથી નીકળી રહ્યો છે અને શંકાસ્પદ વ્યક્તિએ વાસ્તવિક જીવનમાં હિંસાની ધમકી પણ આપી છે. આ અણબનાવ પછી પરિવારને તે દિવસે પોતાના ઘરેથી ક્યાંક બીજે જવું પડ્યું, કારણ કે સ્થિતિ ગંભીર અને ડરામણી હતી. વરુણે આ ઘટનાને મજેદાર પણ ડરામણી ગણાવી, કારણ કે તે સમયમાં બોલિવૂડના ઘણા દિગ્ગજ કલાકારો પર અંડરવર્લ્ડનું દબાણ અને ધમકીઓ સામાન્ય સમસ્યા બની રહી હતી.
વરુણના નિવેદનથી તે સમયના ફિલ્મ ઉદ્યોગની એક ચિંતાજનક તસવીર સામે આવી છે, જ્યારે કલાકારો, નિર્દેશકો અને નિર્માતાઓ રોજ આવા ખતરાનો સામનો કરતા હતા.વર્કફ્રન્ટની વાત કરીએ તો, વરુણ તાજેતરમાં બોક્સ ઓફિસ હિટ ફિલ્મ 'બોર્ડર 2' માં જોવા મળ્યા છે.

### બોલિવૂડથી સાઉથ સુધી અડધો ડઝન ફિલ્મોની રિલીઝ ડેટ બદલાઈ

# 'ધુરંધર 2'ની સફળતાથી ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચ્યો , અક્ષયની 'ભૂત બંગલા' પણ ટળી

'ધુરંધર 2'ની બોક્સ ઓફિસ સુનામીએ બોલિવૂડથી સાઉથ સુધીનું આખું રિલીઝ કેલેન્ડર ઉલટપલટ કરી દીધું છે. હવે અક્ષય કુમાર જેવા સ્ટારની ફિલ્મ 'ભૂત બંગલા'એ પણ રિલીઝ ડેટ આગળ વધારી દીધી છે. રણવીર સિંહની ફિલ્મના કારણે બોલિવૂડ જ નહીં, સાઉથ અને હોલિવૂડની ફિલ્મોએ પણ રિલીઝ ડેટ બદલી નાખી છે. 'ધુરંધર 2'ની રિલીઝ ડેટ જે દિવસે જાહેર થઈ હતી, તે જ દિવસથી બાકીની ફિલ્મોના શેડ્યૂલ બગડવા લાગ્યા હતા. હવે 'ધુરંધર 2'ની સુનામીનો લેટેસ્ટ શિકાર અક્ષય કુમારની ફિલ્મ 'ભૂત બંગલા' બની છે. અક્ષય અને પ્રિયદર્શનની ફિલ્મ 'ભૂત બંગલા' 10 એપ્રિલે રિલીઝ થવા માટે શેડ્યૂલ હતી. થોડા સમય પહેલા જ ફિલ્મનું ટીઝર આવ્યું હતું, જેને જનતા તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો. પરંતુ હવે વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર ફિલ્મના પ્રોડ્યુસર એકતા કપૂરે 'ધુરંધર 2'ના કારણે ફિલ્મની રિલીઝ એક અઠવાડિયું આગળ વધારી દીધી છે. હવે 'ભૂત બંગલા' 17 એપ્રિલ 2026ના રોજ રિલીઝ થશે.

'ધુરંધર 2' હજુ પણ થિયેટરોમાં જોરદાર બિઝનેસ કરી રહી છે. તેનો બોક્સ ઓફિસ ટ્રેન્ડ જણાવી રહ્યો છે કે ઓછામાં ઓછા વધુ બે અઠવાડિયા સુધી તે જોરદાર કમાણી કરતી રહેશે. આવી સ્થિતિમાં સ્ક્રીન શેરિંગ, હાઈપ અને કમાણીના મામલે 'ભૂત બંગલા'ને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે, તેથી તેને ટાળી દેવામાં આવી છે.

* તેલુગુ સ્ટાર અદિવિ શેષની એક્શન ડ્રામા 'ડકૈત' પણ આનાથી પ્રભાવિત થઈને તેની રિલીઝ ડેટ આગળ વધારી.
* 'ધમાલ 4' હવે 4 જુલાઈ સુધી લંબાઈ ગઈ.
* હોલિવૂડનો પ્રોજેક્ટ 'હેલ મેરી' એક અઠવાડિયું મોડી 26 માર્ચે રિલીઝ થઈ.
* તેલુગુ ઈન્ડસ્ટ્રીની 'પેદ્દી' હવે 30 એપ્રિલે અને 'ધ પેરાડાઈસ' 21 ઓગસ્ટે આવશે.

સુધીમાં 'ધુરંધર 2'ના લીધે અડધો ડઝન ફિલ્મની રિલીઝ ડેટ બદલાવી ચૂકી છે. 'ધુરંધર 2' રોજબરોજ ભારે કલેક્શન કરી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મ 10 દિવસથી રોજ 40 કરોડ+ નેટ કલેક્શન કરી રહી છે. જો આ જ રીતે ચાલતી રહી, તો અડધા એપ્રિલ સુધી તેનો કબજો રહેશે. 'ધુરંધર 2'ની બોક્સ ઓફિસ સુનામીએ બોલિવૂડથી સાઉથ સુધીનું



આખું રિલીઝ કેલેન્ડર ઉલટપલટ કરી દીધું છે. હવે અક્ષય કુમાર જેવા સ્ટારની ફિલ્મ 'ભૂત બંગલા'એ પણ રિલીઝ ડેટ આગળ વધારી દીધી છે. રણવીર સિંહની ફિલ્મના કારણે બોલિવૂડ જ નહીં, સાઉથ અને હોલિવૂડની ફિલ્મોએ પણ રિલીઝ ડેટ બદલી નાખી છે. 'ધુરંધર 2'ની રિલીઝ ડેટ જે દિવસે જાહેર થઈ હતી, તે જ દિવસથી બાકીની ફિલ્મોના શેડ્યૂલ બગડવા લાગ્યા હતા. હવે 'ધુરંધર 2'ની સુનામીનો લેટેસ્ટ શિકાર અક્ષય કુમારની ફિલ્મ 'ભૂત બંગલા' બની છે. અક્ષય અને પ્રિયદર્શનની ફિલ્મ 'ભૂત બંગલા' 10 એપ્રિલે રિલીઝ થવા માટે શેડ્યૂલ હતી. થોડા સમય પહેલા જ ફિલ્મનું ટીઝર આવ્યું હતું, જેને જનતા તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો. પરંતુ હવે વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર ફિલ્મના પ્રોડ્યુસર એકતા કપૂરે 'ધુરંધર 2'ના કારણે ફિલ્મની રિલીઝ એક અઠવાડિયું આગળ વધારી દીધી છે. હવે 'ભૂત બંગલા' 17 એપ્રિલ 2026ના રોજ રિલીઝ થશે.

'ધુરંધર 2' હજુ પણ થિયેટરોમાં જોરદાર બિઝનેસ કરી રહી છે. તેનો બોક્સ ઓફિસ ટ્રેન્ડ જણાવી રહ્યો છે કે ઓછામાં ઓછા વધુ બે અઠવાડિયા સુધી તે જોરદાર કમાણી કરતી રહેશે. આવી સ્થિતિમાં સ્ક્રીન શેરિંગ, હાઈપ અને કમાણીના મામલે 'ભૂત બંગલા'ને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે,

### પૈસાથી વિસ્તારનો વિકાસ થશે; 10 દિવસમાં બોક્સઓફિસ માથે લીધું

# પાકિસ્તાનીઓ તો જરબા છે હો! 'ધુરંધર 2' કમાણીમાં ભાગ માગ્યો:કહ્યું- 500 કરોડ લ્યારીવાળાઓને આપી દો



આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર 2'ની કમાણીને લઈને પાકિસ્તાનના લ્યારી વિસ્તારના કેટલાક લોકોએ હિસ્સો માંગ્યો છે. આ માંગ એક વાઈરલ વીડિયોમાં સામે આવી, જ્યાં સ્થાનિક લોકોએ ફિલ્મના કમાણીમાંથી પોતાના વિસ્તારના વિકાસ અને રસ્તાઓના નિર્માણની વાત કરી. ફિલ્મ 'ધુરંધર 2' બોક્સ ઓફિસ પર જબરદસ્ત પ્રદર્શન કરી રહી છે. ફિલ્મે 10 દિવસમાં 1200 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. આ પહેલા પણ ફિલ્મના પહેલા ભાગે 1300 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. ફિલ્મની સ્ટોરી પાકિસ્તાનના લ્યારી વિસ્તાર પર આધારિત છે, જ્યાં બે ગેંગ્સની દુશ્મની અને સત્તા સંઘર્ષ દર્શાવવામાં આવ્યો છે. આ સંદર્ભમાં સ્થાનિક લોકોએ દાવો કર્યો કે ફિલ્મે તેમના વિસ્તારને દર્શાવીને શાનદાર કમાણી કરી છે, તેથી તેને પણ તેનો હિસ્સો મળવો જોઈએ. 'કમ્પેરીઝન ટીવી' નામના એક યુટ્યુબ ચેનલ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં કેટલાક સ્થાનિક લોકો ફિલ્મની સફળતા પર પ્રતિક્રિયા આપતા જોવા મળ્યા. એક વ્યક્તિએ કહ્યું કે- જો ફિલ્મે હજારો કરોડ કમાવ્યા છે, તો તેનો મોટો હિસ્સો લ્યારીના વિકાસમાં લગાવવો જોઈએ. વીડિયોમાં કેટલાક લોકોએ 500 કરોડ રૂપિયા અથવા કેટલાક લોકોએ કુલ કમાણીનો 70-80% હિસ્સો આપવાની માંગ કરી. તેમનું કહેવું હતું કે વિસ્તારના રસ્તાઓ અને મૂળભૂત સુવિધાઓની સ્થિતિ ખરાબ છે, અને ફિલ્મથી થયેલી કમાણીનો ઉપયોગ સુધારા માટે થવો જોઈએ. રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' (ધુરંધર: ધ રિવેન્જ) વિશ્વભરમાં છઠ્ઠી સૌથી વધુ કમાણી કરનાર ભારતીય ફિલ્મ બની ગઈ છે. વર્લ્ડવાઈડ કલેક્શનની વાત કરીએ તો 1,226.44 કરોડ રૂપિયા પહોંચી ગયું છે અને તેણે 'KGF ચેપ્ટર 2' (1,215 કરોડ રૂપિયા) અને 'જવાન' (1,160 કરોડ રૂપિયા) ને પાછળ છોડી દીધા છે. ટ્રેડ વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, રિલીઝના દસમા દિવસે (શનિવાર) ફિલ્મે ભારતમાં 62.85 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. ફિલ્મે વિશ્વભરમાં 1,226.44 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી લીધું છે. 'ધુરંધર 2'નું ભારતમાં કુલ નેટ કલેક્શન 778.77 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 930.44 કરોડ રૂપિયા થયું. ગ્રોસ કલેક્શન ટિકિટમાંથી કુલ કમાણી અને નેટ કલેક્શન ટેક્સ પછીની કમાણી હોય છે. ઓવરસીઝમાં ફિલ્મે 296.00 કરોડ રૂપિયા કમાયા, જેનાથી વર્લ્ડવાઈડ ગ્રોસ 1,226.44 કરોડ રૂપિયા પહોંચી ગયું.દસમા દિવસે ફિલ્મના હિન્દી વર્ઝને 58.00 કરોડ રૂપિયાની સૌથી વધુ કમાણી કરી.

### જૂના જમાનાની બ્લેક & વ્હાઈટ ફિલ્મો દૂરદર્શન પર જોઈ

# આમિર ખાને કહ્યું, બાળપણમાં રોમેન્ટિક ફિલ્મો જોવાની મનાઈ હતી , મોટાભાગનો સમય પુસ્તકો વાંચતો હતો

બોલિવૂડના પરફેક્શનિસ્ટ એક્ટર આમિર ખાને તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો કે તેને બાળપણથી જ ફિલ્મો જોવામાં ઓછો રસ હતો અને તે મોટાભાગનો સમય પુસ્તકો વાંચતા હતા. આમિરે જણાવ્યું કે તેનું બાળપણ એક ખૂબ જ રૂઢિચુસ્ત પરિવારમાં વીત્યું, જ્યાં તેને રોમેન્ટિક ફિલ્મો અને અન્ય સામાન્ય ફિલ્મો જોવાની પરવાનગી ન હતી. Variety India ને આપેલા ઈન્ટરવ્યુમાં આમિર ખાને કહ્યું- હું બાળપણથી જ વાંચવામાં વધુ રસ ધરાવતો હતો. મેં નિયમિતપણે ફક્ત બ્લેક-એન્ડ-વ્હાઈટ અથવા જૂના જમાનાની ફિલ્મો જોઈ, જે દૂરદર્શન પર આવતી હતી. તે સમયે અમારા ઘરમાં ફિલ્મો જોવાની મનાઈ હતી. જો ક્યારેય હું માતા પાસેથી ફિલ્મ જોવાની પરવાનગી માંગતો, તો રોમેન્ટિક ફિલ્મોની મંજૂરી નહોતી મળતી. તેણે એ પણ જણાવ્યું કે તેઓ સપ્તાહના અંતે જ ફિલ્મો જોતા હતા, અને તેમાં પણ મોટાભાગે અશોક કુમાર અને દિલીપ કુમાર જેવા જૂના સિતારાઓની ફિલ્મોનો સમાવેશ થતો હતો. આમિરે કહ્યું કે તે બહુ ઓછી ફિલ્મો જુએ છે. તે પોતાને વાંચન કરનાર વ્યક્તિ માને છે અને તેણે એ પણ કહ્યું કે તે ફિલ્મો બનાવે છે, પરંતુ બહુ ઓછી જુએ છે. આમિરે મજાકિયા અંદાજમાં કહ્યું- કેટલાક લોકો ફૂટબોલ રમે છે અને કેટલાક ફૂટબોલ જુએ છે. મારી ફિલ્મોના કિસ્સામાં પણ આવું જ છે. હું ફિલ્મો બનાવું છું, પણ જોવામાં બહુ ઓછો સમય આપું છું. મને તાજેતરની હોલિવૂડ ફિલ્મોની પણ જાણકારી નથી. હું મારા જ સંસારમાં રહું છું. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આમિર ખાનના પ્રોડક્શનની ફિલ્મ 'એક દિન' 1 મેના રોજ થિયેટરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનું નિર્દેશન સુનીલ પાંડે કરી રહ્યા છે અને તેમાં તેમના પુત્ર જુનૈદ ખાન અને સાઈ પલ્લવી મુખ્ય ભૂમિકામાં છે.આ ઉપરાંત, આમિરની બીજી પ્રોડક્શન ફિલ્મ 'લાહોર 1947' પણ પાઈપલાઈનમાં છે. રાજકુમાર સંતોષી નિર્દેશિત આ ફિલ્મની પૃષ્ઠભૂમિ ભારતના વિભાજનની છે અને તેમાં સની દેઓલ, પ્રીટિ ઝિન્ટા, શબાના આઝમી, કરણ દેઓલ અને અલી ફઝલ જેવા કલાકારો સામેલ છે. આ ફિલ્મ 13 ઓગસ્ટે રિલીઝ થશે.આમિરે મજાકિયા અંદાજમાં કહ્યું- કેટલાક લોકો ફૂટબોલ રમે છે અને કેટલાક ફૂટબોલ જુએ છે. મારી ફિલ્મોના કિસ્સામાં પણ આવું જ છે. હું ફિલ્મો બનાવું છું, પણ જોવામાં બહુ ઓછો સમય આપું છું. મને તાજેતરની હોલિવૂડ ફિલ્મોની પણ જાણકારી નથી. હું મારા જ સંસારમાં રહું છું.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આમિર ખાનના પ્રોડક્શનની ફિલ્મ 'એક દિન' 1 મેના રોજ થિયેટરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનું નિર્દેશન સુનીલ પાંડે કરી રહ્યા છે અને તેમાં તેમના પુત્ર જુનૈદ ખાન અને સાઈ પલ્લવી મુખ્ય ભૂમિકામાં છે.આ ઉપરાંત, આમિરની બીજી પ્રોડક્શન ફિલ્મ 'લાહોર 1947' પણ પાઈપલાઈનમાં છે. રાજકુમાર સંતોષી નિર્દેશિત આ ફિલ્મની પૃષ્ઠભૂમિ ભારતના વિભાજનની છે અને તેમાં સની દેઓલ, પ્રીટિ ઝિન્ટા, શબાના આઝમી, કરણ દેઓલ અને અલી ફઝલ જેવા કલાકારો સામેલ છે.

